वर्ष : 6 ◆ અંક : 2
માર્ચ-એપ્રિલ 2016
સળંગ અંક : 32

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

આપણી શિક્ષણવ્યવસ્થાએ આત્મરૂપાંતર કરવાની જરૂર ઊભી થઈ છે. દેશ અને દુનિયા પોતાની કરવટ નિત્ય બદલી રહ્યાં છે. હવે એવો યુગ [Knowledge Age] આવી ચૂક્યો છે જે માગી લે છે ઉત્તમ [Excellent] પ્રકારનું માનવબળ. એ બળ ઘડવાની જવાબદારી મુખ્યત્વે શિક્ષણવ્યવસ્થા પર છે. એણે પ્રત્યેક વિદ્યાર્થીમાં સંતુલિત જીવનદર્શન વિકસાવવાનું મહાકાર્ય નિભાવવાનું છે. એના વિદ્યાર્થીઓ સાચી કેળવણી પામી સ્વાયત્ત બને, સર્જનશીલ બને, સંવેદનશીલ નાગરિક બને, જવાબદાર અને સ્વયંસંચાલિત આત્મઘડવૈયા બને. યાદ રહે, કે કેળવણી એટલે ફક્ત ડિગ્રી નહીં, અક્ષરજ્ઞાન નહીં, ગાણિતિક ફોર્મ્યુલાનો મુખપાઠ નહીં, ગોખણપટ્ટી કે નાજાયઝ માર્ગે મેળવેલા ગુણ (marks) નહીં, પણ સંગીન જીવનદર્શનના ગુણ [Quality]. ખરું જોઈએ, તો દેશની શિક્ષણવ્યવસ્થા કેળવણી-શૂન્ય એવો નિરર્થક વ્યાયામ કરાવતી પાંગળી યંત્રણા જ છે. એમાંથી પેલા લેટિન અમેરિકન કવિ અપેક્ષા રાખે છે એવા મર્દ માણસો કેવી રીતે બહાર પડી શકે. સાંભળો એ કવિએ ઈશ્વરને કરેલી આ પ્રાર્થના.

**– ડૉ. દાઉદભાઈ ઘાંચી**

⁕

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ ગાંધીજીના સિદ્ધાંતો આધારિત ઘડાવી જોઈએ. દરેક વ્યક્તિ, દરેક વ્યાવસાયિક, દરેક માતા-પિતા ભારતમાં પરિવર્તનનો પવન ફૂંકવા પોતાની ભૂમિકા સમજે તે દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારે વ્યક્તિએ પોતે પણ બદલાવું પડશે, સમુદાયે દેશની ચિંતા પોતાના વ્યક્તિગત જીવન જેટલી કરવી પડશે. વ્યક્તિને એવું વિચારવા પ્રેરિત કરીએ કે મેં આજે બીજા લોકો માટે શું કર્યું, મેં આજે મારા સમુદાય અને મારા દેશ માટે શું કર્યું અને આજે મેં કઈ ભૂલો કરી છે. આ રીતે જ વ્યક્તિગત સુધારો થશે અને નાગરિકોમાં નેતૃત્વના ગુણો ખીલશે. ઘર, શાળા અને વ્યવસાય કે નોકરીની જગ્યાએ રચનાત્મક અર્થસભર વાતાવરણ ઊભું કરવાનું કાર્ય શિક્ષણનું છે, ને ગાંધીજીના આદર્શોને કાર્યો ભારતીયોને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવશે.

**– ડૉ. મફતલાલ પટેલ**





શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધોરણ 10 અને 12ના પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવી રહેલા ગુજરાત રાજ્યના સામાજિકતા અને અધિકારિતા વિભાગના માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરા.



એલ. ડી. આર. પી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ દ્વારા આયોજિત 'ઝેનેસિસ-2016'નું ઉદ્‌ઘાટન કરી રહેલા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ




કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા વિશ્વ મહિલા દિન નિમિત્તે આયોજિત સમારોહ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો ડાબેથી સર્વ શ્રી ડી.ટી. કાપડીયા, શ્રીમતી મીના કાવયમા, શ્રી વલ્લભભાઈ પટેલ તથા ડૉ. કનુભાઈ પટેલ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૬, અંક : ૨, માર્ચ-એપ્રિલ, ૨૦૧૬; સળંગ અંક : ૩૨

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● **સંપાદકીય** : ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણપરિષદ : એક અવલોકન — મણિભાઈ પ્રજાપતિ — ૧

● **પ્રાસંગિક** : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર શાખા દ્વારા સંચાલિત ગાંધીનગરની સરકારી માધ્યમિક - ઉચ્ચ માધ્યમિક શાળાઓનો પ્રગતિ અહેવાલ — કૌશલ્યાબહેન એન. પટેલ — ૫

૧. હેમચંદ્રોત્તર સાહિત્યપરંપરા — મોહનલાલ પટેલ — ૮

૨. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ — ડૉ. મફતલાલ પટેલ — ૧૪

૩. નવી શિક્ષણનીતિ : ૨૦૧૫-૧૬ : કેટલાંક મંતવ્યો — મણિભાઈ પ્રજાપતિ — ૧૭

૪. માનવ સંસ્કૃતિનું આધારબળ : સંતુલિત જીવનદર્શન વિકસાવનારી કેળવણી — ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી — ૨૩

૫. કલનગણિતનો ઇતિહાસ-૧ — વિઠ્ઠલભાઈ અં. પટેલ — ૨૮

૬. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ — ૩૭
– વહીવટની વાતો / કુલીનચંદ્ર યાજ્ઞિક

૭. સંસ્થા સમાચાર — ૪૧
– યુનિવર્સિટી / કૉલેજ વિભાગ — ૪૧
– શાળા વિભાગ — ૪૪

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ એક અવલોકન

**પ્રસ્તાવના**

'વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ' = યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) અને 'રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન, ૨૦૧૩' (RUSA) દ્વારા દેશનાં વિવિધ રાજ્યોને પોતપોતાના રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ અંગે રાજ્ય સ્તરનું આયોજન અને તેના સંકલન માટે ઉચ્ચ શિક્ષણ માટેની રાજ્ય પરિષદ મારફત કરવા ભલામણ કરવામાં આવતાં ગુજરાત સરકાર દ્વારા 'ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ' નું ૨૦૧૬ નું બીલ નં. ૨૭ ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામાં આવતાં ગુજરાત વિધાનસભાએ તા. ૩૧ માર્ચ, ૨૦૧૬ ના રોજ વિરોધપક્ષની અનુપસ્થિતિમાં પસાર કર્યું. આ બીલ ઉપર રાજ્યપાલશ્રી સહી કરી અનુમતિ પ્રદાન કરશે ત્યારે કાયદાનું સ્વરૂપ લેશે. આ વિધેયક કુલ ૪ પ્રકરણોમાં વિભાજિત છે : પ્રકરણ–૧. પ્રારંભિક : અહીં વ્યાપ્તિ, અમલમાં કયારે આવશે અને વિધેયકમાં વાપરવામાં આવેલાં મહત્ત્વપૂર્ણ ૧૭ પદોને વ્યાખ્યાયિત કરવામાં આવ્યાં છે, પ્રકરણ–૨ : પરિષદની સ્થાપના અને સંસ્થાપન : આ વિધેયકનું હાર્દરૂપ પ્રકરણ છે, જેમાં સભ્યોની નિમણૂક, પરિષદના ઉદ્દેશો, કાર્યો, કારોબારીની રચના અને માળખું તથા તેની સત્તા અને કાર્યો, પરિષદની કાર્યવાહી, આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તા વગેરે સમાવિષ્ટ છે. પ્રકરણ–૩ : નાણા

– પરિષદનું ફંડ, અંદાજપત્ર, વાર્ષિક હિસાબો – ઓડિટ અને પ્રકરણ – ૪ : પ્રકીર્ણ જોગવાઈઓ, વાર્ષિક અહેવાલ, તપાસ – ફેરતપાસ શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ, કર્મચારીઓ, નિયમો – વિનિયમો કરવાની સત્તા વગેરે સંબંધી છે.

**સમાલોચનાત્મક વિશ્લેષણ**

પ્રકરણ–૧ પ્રારંભિક : અંતર્ગત વિધેયકમાં પ્રયોજવામાં આવેલાં ૧૭ પદોની સુસ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી છે. પરંતુ આ ઉપરાંત કેટલાંક સંદિગ્ધ પદો ઉદા. તરીકે પાંચ વખત સહેતુક પ્રયોજવામાં આવેલ શબ્દ–યુગ્મ 'દેખરેખ–નિયંત્રણ', 'અધ્યાપકો અને વિદ્યાર્થીઓનાં સ્થળાંતર', 'સભ્ય તરીકે હકદાર ન હોય તેવી કેટલીક વ્યક્તિ' વગેરેની સુસ્પષ્ટ વ્યાખ્યા અનિવાર્ય બની રહે છે.

પ્રકરણ–૨ : પરિષદની સ્થાપના અને સંસ્થાપન : (ક) હોદ્દાગત ૧૫ સરકારી સભ્યો આ પરિષદના આપોઆપ સભ્ય બની જાય છે, જેના પ્રમુખ મુખ્યમંત્રીશ્રી રહેશે. રાજ્યના સર્વોચ્ચ વડા આ પરિષદના પ્રમુખ બને છે તે પરિષદની ભલામણોના નિર્ણય તથા અમલીકરણ સંદર્ભે ઝડપ અને અનુકૂલન સાધવામાં સરળતાને ધ્યાને લેતાં વિશેષ આવકાર્ય બાબત છે. જો કે ભારતનાં વિવિધ રાજ્યો – આન્ધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, કેરાલા, ચંદીગઢ, પશ્ચિમબંગાળ, પંજાબ, બિહાર, અને મહારાષ્ટ્ર દ્વારા રચવામાં આવેલ કાઉન્સિલો પૈકી કોઈ પરિષદના પ્રમુખ મુખ્યમંત્રી નથી. બાકીના મહત્તમ ૧૬ સભ્યો પૈકી રાજ્યની યુનિવર્સિટીઓના ૫ કુલપતિઓ, ખાનગી યુનિવર્સિટીનો એક વડો, ગુજરાતમાં આવેલી રાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓના ૨ વિદ્વાનો, વિવિધ ક્ષેત્રોની ૫ નામાંકિત વ્યક્તિઓ, યુનિવર્સિટીઓ / કૉલેજોના ૩ નામાંકિત શિક્ષણવિદોની તથા આ પરિષદના સભ્ય સચિવની નિમણૂક રાજ્ય સરકાર જ કરશે. આમ પ્રથમ દૃષ્ટિએ જ આ એક 'સરકારી પરિષદ' બની રહેશે નહિ કે સ્વાયત્ત. કારણ કે યુનિવર્સિટીઓ, વિદ્વત્ત સંસ્થાઓ, અધ્યાપક – આચાર્ય સમૂહો વગેરેને પોતાના સભ્યો મોકલવાની કોઈ જોગવાઈ નથી. અને તેથી જે તે પક્ષની સરકાર પક્ષીય હિતોને ધ્યાને લઈને હોદ્દાગત સભ્યો સિવાયના બાકીના ૧૫ સભ્યોની નિમણૂક કરશે, જે અંતતઃ 'સરકારી પરિષદ'થી એક ડગલું આગળ 'સત્તાપક્ષની પરિષદ' બની રહેશે. હકીકતમાં રાજ્યમાં શિક્ષણના હિતમાં આ પરિષદ પ્રતિભાસંપન્ન શિક્ષણવિદોથી અને પ્રાપ્ત અધિકારોથી સંપન્ન હોવી જોઈએ. આશ્ચર્ય તો એ છે કે નિયુકત થયેલા સભ્યો પૈકી કોઈ સભ્ય કોઈ કારણવશાત્ સભ્ય માટે અયોગ્ય જણાય તો તેને રાજ્ય સરકાર તેને સભ્યપદેથી ફારેગ કરી શકે છે. અર્થાત્ કોઈ સભ્ય 'પક્ષપલટો' કરે અથવા તો કહીશું કે તેની 'વફાદારી' શંકાસ્પદ બને તો તેને દૂર કરવામાં આવશે તેવો અર્થ ફલિત થઈ શકે.

કલમ ૩.૨ અન્વયે પરિષદને મિલકત સંપાદિત કરવાની, ધરાવવાની અને તેનો નિકાલ કરવાની સત્તા અને કલમ ૭.૩ અન્વયે યુનિવર્સિટીઓની સાધનસંપત્તિની આપ–લે (ફેરફાર) ની સત્તા મળતી હોવાથી આ સંદર્ભે પરિષદના આદેશને યુનિવર્સિટીઓએ ન સ્વીકારવાનો કોઈ વિકલ્પ રહેતો નથી. અર્થાત્ યુનિવર્સિટીઓની જમીન વગેરેનો વહીવટ પરિષદ હસ્તક થવાની સંભાવના બની રહે છે.

પરિષદ સ્થાપનાની કલમ ૭.૧ અન્વયે દર્શાવેલા ૧૫ ઉદ્દેશો : પરિષદ–એ, સરકાર અને યુનિવર્સિટીઓ વચ્ચે અને યુનિવર્સિટીઓ અને સર્વોચ્ચ સ્તરના નિયમનકારી મંડળો વચ્ચે કાર્યકારી સ્થાન ધરાવીને, રાજ્ય સરકાર, યુનિવર્સિટીઓ, શિક્ષણવિદો અને નિષ્ણાતોના સમૂહ વચ્ચે સુસંવાદિતાનો સંબંધ ઊભો થાય તે માટે કાર્ય કરશે. પરિષદના મુખ્ય ઉદ્દેશોમાં, રાજ્યમાં ઉચ્ચ શિક્ષણનો આયોજિત અને સંકલિત વિકાસ, યુનિવર્સિટીઓ વચ્ચે સંસાધનોની વહેંચણી, સંસ્થાકીય સ્તરે શૈક્ષણિક અને શાસકીય સુધારા, સંસ્થાને ફંડ આપવા માટેના સિદ્ધાંતો સ્થાપવા, ઉચ્ચ શિક્ષણ માટેની ડેટા બેંક નિભાવવી તથા અભ્યાસોમાં સંશોધન અને મૂલ્યાંકનને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે – જે દૂરંદેશિતાપૂર્ણ છે – આવકાર્ય છે.

આ પૈકી કલમ ૭.૩ માં પ્રયોજેલ શબ્દ 'અસરકારક દેખરેખ – નિયંત્રણ' શબ્દ યુનિવર્સિટીઓની સ્વાયત્તતા ઉપર તરાપ સમાન છે. અને આ જ રીતે કલમ ૭.૧૧ અન્વયે 'પાઠ્યક્રમ અને અભ્યાસક્રમો' સંબંધી છે. જો આ કાર્ય પરિષદ જ કરશે તો યુનિવર્સિટીઓની 'એકેડેમિક કાઉન્સિલ' અને 'બોર્ડ ઑફ સ્ટડીઝ'નું અસ્તિત્વ અર્થહીન બની રહેશે. કારણ કલમ ૧૫

અનુસાર કોઈપણ યુનિવર્સિટીએ સરકારના આદેશનું અનિવાર્ય પાલન કરવાનું હોવાથી. હકીકતમાં પરિષદ માટે પણ આ કાર્ય ઘણું અઘરું અને અવ્યવહારુ સાબિત થશે.

કલમ ૮.૨. અંતર્ગત ૧૧ શૈક્ષણિક કાર્યોની યાદી આપવામાં આવી છે, જેમાં ઉદ્દેશોની પરિપૂર્તિ અર્થે હાથ ધરવામાં આવનાર કાર્યો સૂચવવામાં આવ્યાં છે. આશ્ચર્ય તો એ છે કે દેશ–વિદેશનાં બધાં જ શિક્ષણપંચોએ સમૃદ્ધ અને ક્રિયાશીલ ગ્રંથાલયોની અનિવાર્ય આવશ્યકતા દર્શાવી છે. ગ્રંથાલય વગર શિક્ષણના વિકાસની કલ્પના જ અર્થહીન બની રહે છે. આ વાસ્તવિકતા હોવા છતાં પ્રસ્તુત પરિષદનાં શૈક્ષણિક કાર્યોમાં ગ્રંથાલયની અનિવાર્ય આવશ્યકતા કે તેને સુદૃઢ કરવા કોઈ જ કાર્યોનો નિર્દેશ કરવામાં આવ્યો નથી. શારીરિક કૌશલ્ય માટે રમતગમત – ખેલકૂદને પ્રોત્સાહન આપવા ખાસ નિર્દેશ કરવામાં આવ્યો છે, પરંતુ બૌદ્ધિક ક્ષમતા વધારવા માટે ગ્રંથાલયની અનિવાર્યતા હોવા છતાં તેના વિકાસને ઉત્તેજન પૂરું પાડવા પ્રતિ ઉપેક્ષા કરવામાં આવી છે.

કલમ ૮.૨.૪ અન્વયે 'રાજ્યમાં અને રાજ્ય બહાર અધ્યાપકો અને વિદ્યાર્થીઓના સ્થળાંતરને પણ સરળ બનાવવા' સંબંધી પ્રાવધાનનો સીધો અર્થ એ કે જે કોઈ વિદ્યાર્થીઓએ કોઈ કારણવશાત્ એક યુનિવર્સિટી છોડીને બીજી યુનિવર્સિટીમાં પ્રવેશ લેવો હોય અને અધ્યાપકોએ બીજી યુનિવર્સિટીમાં જોડાવું હોય તો તે અંગે જરૂરી પ્રાવધાનો કરી સરળતા કરી આપવી. આ પ્રાવધાન સંબંધિતોના તથા શિક્ષણના હિતમાં ખૂબ જ ઉપયોગી અને જરૂરી છે. બહારનાં રાજ્યોમાંથી આવતા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને અનેકવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે તેથી ઘણા પ્રશ્નો હલ થશે. આ કલમનો ગર્ભિત અર્થ એ પણ છે કે અધ્યાપકોની એક યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં બદલી પણ કરી શકાશે. આ કાર્ય શુદ્ધબુદ્ધિથી કરવામાં આવે તો છેવાડાની યુનિવર્સિટીઓને વિદ્વાન અધ્યાપકોનો લાભ મળી શકશે. પરંતુ તેના અમલથી અનેકવિધ પ્રશ્નોની હારમાળા સર્જાશે તેમ જ કાનૂની ગૂંચો ઊભી થશે તે નિશ્ચિત છે.

કલમ ૮.૨.૯ અન્વયે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફંડિંગ એજન્સીઓ તરફથી પ્રાપ્ત સંશોધન ફંડનો વહીવટ કરવાની સત્તાથી યુનિવર્સિટીઓ પોતાની રીતે કોઈ જ નિર્ણય લઈ શકશે નહીં. સિવાય કે પરિષદની સૂચનાઓનો અમલ. કલમ ૮.૩ અન્વયે પરિષદનાં ૧૦ સલાહકારી કાર્યો વર્ણવ્યાં છે. આ પૈકી ૮.૩.૩ અને ૪ માં યુનિવર્સિટીઓના સ્ટેચ્યુઝ, ઓર્ડિનન્સિઝ અને વિનિયમો પર તથા કાયદામાં જરૂરી સુધારા માટે સલાહ આપશે. આ બંને કલમોથી પરિષદ મારફતે સરકાર જે તે યુનિવર્સિટીના સ્ટેચ્યૂટ કે અધ્યાદેશમાં કે જ્યાં પોતાની સીધી સત્તા ચાલતી નથી ત્યાં પોતાને અનુકૂળ લાગે તેવા ફેરફાર કરાવશે અને તેના પરિણામે જેમ જેમ સરકારો બદલાતી રહેશે તેમ તેમ જે તે સરકારો પોતાની અનુકૂળતા મુજબના અર્થાત્ Political Capital મેળવવા માટે ફેરફારો કરાવતી રહેશે. પરિણામસ્વરૂપે વ્યવસ્થાતંત્રમાં ભારે અસ્થિરતા – ઘોર અનર્થ સર્જાશે. રાજકીય કટોકટીની સાથે જ જે તે યુનિવર્સિટીના ઍક્ટ / અધ્યાદેશમાં પણ પરિવર્તનનો સ્વર ગુંજતો રહેશે. આ કલમની મર્યાદા નક્કી થવી જરૂરી બની રહે છે.

કલમ ૮.૩.૯/૧૦ અન્વયે અધ્યાપકો, કર્મચારીઓ વગેરેની ભરતી તથા બઢતીના નિયમો – માપદંડ વગેરે નક્કી કરવાની સત્તા પરિષદને – હકીકતમાં સરકારને મળતી હોવાથી ભરતીમાં પક્ષીય રાજકારણ ભાગ ભજવશે તેથી યુનિવર્સિટીઓની કોઈ આગવી નીતિ અર્થાત્ પોતાનો કોઈ અવાજ રહેશે નહીં.

કલમ ૧૦ કારોબારી સમિતિના અધ્યક્ષની નિમણૂક સંબંધી છે. સરકાર નામાંકિત શિક્ષણશાસ્ત્રીની અધ્યક્ષ તરીકે નિમણૂક કરવાનો ઇરાદો ધરાવે છે. પરંતુ અધ્યક્ષપદ સૂચવવા માટે ત્રણ સભ્યોની સમિતિની યાદી અને આ પૈકી એક સભ્યની અધ્યક્ષ તરીકે નિમણૂક સરકાર પોતે જ કરશે એટલે સ્વાભાવિક રીતે જ 'બૉસ'ની ઇચ્છા મુજબ કારોબારી સમિતિના અધ્યક્ષની પસંદગી થશે. વળી કારોબારી સમિતિના અધ્યક્ષને 'દેખરેખ – નિયંત્રણ અને નિરીક્ષણ'ની સત્તા હોવાથી કોઈપણ યુનિવર્સિટીને નમાવી શકશે. કારોબારી સમિતિના હોદ્દાગત સભ્યો સિવાય અન્ય સભ્યોની નિમણૂકની સત્તા સરકારની જ હોવાથી આ સમિતિ સરકારની ઇચ્છાને આધીન કામગીરી કરશે. યુનિવર્સિટીના કુલપતિની 'સર્ચ કમિટી'ની માફક અલગ અલગ સત્તામંડળોના પોતપોતાના પ્રતિનિધિઓથી આ સમિતિની રચના કરવામાં આવે તો સંભવતઃ કંઈક સારા પરિણામની આશા રાખી શકાત.

કલમ ૧૪ નું પ્રાવધાન 'સભ્ય તરીકે હકદાર ન

હોય તેવી કેટલીક (પસંદગીની ?) વ્યક્તિએ, બેઠકની કાર્યવાહીમાં હાજરી આપી હોય, મત આપ્યો હોય અથવા અન્યથા પરિષદની કાર્યવાહીમાં ભાગ લીધો હોય તેમ છતાં, પરિષદની કાર્યવાહીઓ માન્ય ગણાશે' એ સૂચવે છે કે સરકાર / પરિષદની ઇચ્છા અનુસાર કોઈ પણ બિનસભ્યે બેઠકની કાર્યવાહીમાં ભાગ લીધો હોય અને મત પણ આપ્યો હોય તો તે કાર્યવાહી માન્ય ગણાશે. કેટલું મોટું કલ્પનાતીત આશ્ચર્ય ? આ કઈ રીતે સંભવિત જ થઈ શકે ? આ કલમનો સાદો અર્થ એ કે ઉપર્યુકત પ્રાવધાનને આધીન 'ઇચ્છિત' વ્યક્તિની સભ્ય તરીકે સરકાર નિમણૂક કરી શકતી નથી તેવી વ્યક્તિ / વ્યક્તિઓને પરિષદની કાર્યવાહીમાં જોડી શકશે. વળી, કલમ ૧૭ માં પરિષદ પોતાનાં કાર્યો પાર પાડવા કોઈ વ્યક્તિને પોતાની સાથે જોડી શકશે પરંતુ તેને મત આપવાનો અધિકાર રહેશે નહીં તેવો નિર્દેશ કરવામાં આવ્યો છે. અર્થાત આ પ્રકારની વ્યક્તિ મત આપે તો કલમ ૧૪ અનુસાર તે સભાની કાર્યવાહી માન્ય રહેશે.

'રાજ્ય ઉચ્ચશિક્ષણ પરિષદ'ની સ્થાપના કરવા પાછળ સરકારનો વિશુદ્ધ ઇરાદો હોય તો પણ કલમ ૧૫ : **'રાજ્ય સરકાર, પરિષદની ભલામણના આધારે અથવા આપમેળે, તેમાં નિર્દિષ્ટ કરે તેવી રીતે સુધારાનો અમલ કરવા માટે જરૂરી હોય તેવા ફેરફાર સાથે કોઈ યુનિવર્સિટીને આદેશ કરી શકશે. તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકારે આપેલા આદેશોનો અમલ કરવાનું અને તદ્નુસાર લીધેલાં પગલાં અંગેની જાણ રાજ્ય સરકાર અને પરિષદને કરવાનું યુનિવર્સિટી માટે ફરજિયાત રહેશે. પરિષદે, રાજ્ય સરકારે આપેલા આદેશોનું યુનિવર્સિટીએ પાલન કર્યા અંગે વખતોવખત સમીક્ષા કરવી જોઈએ.'**ના અસ્તિત્વથી સરકારનો ઇરાદો શંકાના દાયરામાં આવી જાય છે. કારણ કે સદર કલમથી રાજ્ય સરકાર કોઈપણ યુનિવર્સિટીને પોતાના કાયદામાં પ્રાવધાન હોય કે ન હોય તોપણ ગમે તે આદેશ કરી શકશે અને તેનું યુનિવર્સિટી માટે પાલન ફરજિયાત રહેશે. આ જોગવાઈથી રાજ્ય સરકાર સર્વસત્તાધીશ બની રહેશે. આ મુસદ્દાના ઘડવૈયાઓનો આત્મા આટલો કેમ સંવેદનહીન ? ખરેખર તેઓ શિક્ષકો હશે ? કોઈ પણ બંધારણીય સરકાર માટે આ કલમ શોભાસ્પદ નથી તેથી તે દૂર થવી જ જોઈએ.

બાહ્ય રીતે આ પરિષદ સ્વાયત્ત એકમ સમ દીસે છે, પરંતુ તેના રચનાતંત્રને જોતાં તે સરકારી – તંત્રનો એક ભાગ જ છે. આમ છતાં સરકારને પણ પરિષદ ઉપર 'વિશ્વાસ' નથી તેની પ્રતીતિ કલમ ૨૨.૪ 'રાજ્ય સરકારને ખાતરી થાય તેવી રીતે વાજબી સમયમાં પગલાં ન લે, ત્યારે રાજ્ય સરકાર, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો પરિષદને આપી શકશે અને પરિષદે તેવા આદેશોનું તાત્કાલિક પાલન કરવું જોઈશે.' અને કલમ ૨૪ : 'રાજ્ય સરકાર, પોતાની મેળે અથવા તેને કરવામાં આવેલી અરજી પરથી, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કરેલા કોઈ હુકમ અથવા લીધેલા નિર્ણયના રેકર્ડ, આવા હુકમ અથવા નિર્ણયની કાયદેસરતા અથવા સુસંગતતા અથવા કાર્યરીતિની નિયમિતતાના સંદર્ભમાં પોતાને ખાતરી કરાવવાના હેતુ માટે મંગાવી શકશે અને ચકાસી શકશે અને તે સંબંધમાં પોતે યોગ્ય ગણે તેવો હુકમ કરી શકશે'ના આધારે થાય છે.

અને છેલ્લે પરિષદ દ્વારા અર્થાત્ સરકાર દ્વારા કરવામાં આવેલાં કાર્યોને કલમ – ૨૪ : આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમો અથવા વિનિયમો અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલાં અથવા કરવા ધારેલાં કોઈ કાર્યના સંબંધમાં, પરિષદ અથવા પરિષદના કોઈ સભ્ય અથવા કર્મચારી વિરુદ્ધ કોઈ પણ દાવો, ફોજદારી કાર્યવાહી અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ. દ્વારા – કાનૂની કવચ પૂરું પાડવામાં આવ્યું છે. પરિણામે સરકારના આદેશ આખરી બની રહેશે.

**સમાપન**

સમગ્રતયા પરિષદની રચના ઉચ્ચ શિક્ષણના હિતમાં હોવા છતાં આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ મુખ્યતઃ કલમ – ૧૫ અને અન્ય કેટલીક નાની – મોટી જોગવાઈઓ યુનિવર્સિટીઓની સ્વાયત્તતા – હવે તો કહેવાતી સ્વાયત્તતા – નો ધ્વંશ કરનારી છે તેમજ પૂર્ણતઃ એકાધિકારવાદનું દર્શન કરાવે છે. હકીકતમાં આ બીલની જોગવાઈને આધીન પરિષદ પણ સ્વાયત્ત નથી ત્યારે યુનિવર્સિટીઓની સ્વાયત્તતાની કલ્પના જ અસ્થાને બની રહે છે ! આ સ્થિતિમાં સૌ શિક્ષણવિદોની પક્ષીય હિતોને કોરાણે મૂકીને માત્ર અને માત્ર શિક્ષણના હિતમાં શુદ્ધબુદ્ધિની સક્રિયતા અનિવાર્ય બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

પ્રાસંગિક

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર શાખા દ્વારા સંચાલિત ગાંધીનગરની સરકારી માધ્યમિક - ઉચ્ચ માધ્યમિક શાળાઓનો પ્રગતિ અહેવાલ

કૌશલ્યાબહેન એન. પટેલ

ગાંધીનગર જિલ્લાની ચાર માધ્યમિક – ઉચ્ચ માધ્યમિક સરકારી શાળાઓ (૧) સરદાર વલ્લભભાઈ પટેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૭, (૨) સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૧૨, (૩) મહાત્મા ગાંધી વિદ્યામંદિર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૧૬ અને (૪) વિક્રમ સારાભાઈ માધ્યમિક શાળા, પાલજ, ગાંધીનગરના વહીવટ અને સંચાલનની જવાબદારી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, (કડી), ગાંધીનગર શાખાને જૂન-૨૦૧૫થી ગુજરાત સરકાર દ્વારા સોંપવામાં આવી છે. આ બધી એવી શાળાઓ છે કે જેનું સરેરાશ ૩૦ ટકાથી ઓછું પરિણામ આવે છે.

આ સરકારી શાળાઓની 'શૈક્ષણિક ગુણવત્તા સુધારણા' હેતુ સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના માનનીય ચૅરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલે સમગ્ર રાજ્યમાં પહેલ કરી આ સુકાન સંભાળ્યું છે.

આ ચારેય શાળાઓનો વહીવટ સંભાળવાની સાથે જ માનનીય ચૅરમૅનશ્રીના આદેશાનુસાર તેમજ તેમના માર્ગદર્શન હેઠળ નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી :

● શાળાઓની પ્રગતિ અને યોગ્ય આયોજનના અમલીકરણ તથા માર્ગદર્શન માટે મંડળ દ્વારા દરેક શાળામાં નિવૃત્ત આચાર્યશ્રીની કૉ-ઓર્ડિનેટર તરીકે નિમણૂક કરવામાં આવી.

● આ શાળાઓમાં ચાલતા કુલ ૨૦ વર્ગો માટે ૧૫ શિક્ષકો, ૧ કારકૂન અને ૧ સફાઈ કામદારની ઘટ હતી. આ ઘટ તાત્કાલિક અસરથી દૂર કરી મંડળ દ્વારા શિક્ષકો તથા સ્ટાફની નિમણૂક કરવામાં આવી. આ પેટે જૂન-૨૦૧૫થી માર્ચ-૨૦૧૬ સુધી આ સ્ટાફનો પગાર રૂ. ૫,૪૬,૫૦૦૦ ચૂકવવામાં આવ્યો.

● પ્રથમ સત્રના પ્રારંભપૂર્વે વૅકેશન દરમિયાન ચારેય શાળાઓનો નિષ્ણાત ટીમો દ્વારા સર્વે કરવામાં આવ્યો અને તમામ શાળાઓના ભવનોમાં પ્રાથમિક સુવિધા - પાણી - નળ - ગટર - ટોઇલેટ - તાત્કાલિક ધોરણે ઊભી કરવામાં આવી. આ માટે મકાન રિપેરિંગ સાથે કુલ ખર્ચ રૂ. ૫,૭૦,૧૮૭/- કરવામાં આવ્યો.

● તમામ શાળાઓને રમત-ગમતનાં જરૂરી સાધનો તથા તમામ શાળાઓના જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી-પુસ્તકો, એસાઈન્મેન્ટ, કેલ્કયુલેટર, યુનિફૉર્મ, ગરમ કપડાં વગેરેનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. જેનો ખર્ચ રૂ. ૬૦,૩૧૦/- થયો.

● સેક્ટર-૭ની વિદ્યાર્થિનીઓ માટે નિઃશુલ્ક સીવણ વર્ગો શરૂ કરવામાં આવ્યા. આ માટે સીવણ મશીનોની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવી.

● શાળાઓમાંથી યોજાયેલ શૈક્ષણિક પ્રવાસ માટે નિઃશુલ્ક બસ સુવિધા પૂરી પાડવામાં આવી.

● વિદ્યાર્થીઓની ડૉક્ટરી તપાસ નિષ્ણાત ડૉક્ટરો દ્વારા કરાવવામાં આવી.

● સેક્ટર-૧૨ની સ્વામી વિવેકાનંદ શાળામાં ''પ્રિ વૅકેશનલ'' સેન્ટર રૂ. ૪,૦૯,૨૨૭ના ખર્ચે ઊભું કરવામાં આવ્યું. જેમાં મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ, સુથારીકામ અને લુહારી કામનું બેઝિક જ્ઞાન વી. પી. એમ.પી. કૉલેજના નિષ્ણાત ટ્રેનરો દ્વારા આપવાનું શરૂ કરવામાં આવ્યું, જેનો સેક્ટર-૭ અને સેક્ટર-૧૨ની શાળાના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ નિયમિત લાભ લીધેલ છે. આ સેન્ટરનો હેતુ ખાસ રસ ધરાવતા વિદ્યાર્થીઓને વ્યાવસાયિક ધોરણે અભ્યાસની સાથે સ્વાવલંબી બનાવવાનો છે. ચાલુ વર્ષે અભ્યાસ પૂર્ણ થતાં તેમની પ્રાયોગિક અને સૈદ્ધાંતિકની

પરીક્ષા લેવામાં આવી, જેમાં સેક્ટર-૭ની શાળાનું પરિણામ ૧૦૦ ટકા અને સેક્ટર-૧૨ની શાળાનું પરિણામ ૮૯.૨૪ ટકા આવ્યું.

● સેક્ટર-૧૨ અને સેક્ટર-૧૬ની શાળાઓનાં રમતનાં મેદાનો તૈયાર કરાવવામાં આવ્યાં.

**સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધિઓ :**

● સર્વ વિદ્યાલય સાથે સંલગ્ન થતા આ શાળાઓના વિદ્યાર્થીઓ અનેકવિધ સહ-શૈક્ષણિક પ્રવૃત્તિમાં રસ લેતા - થઈને તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ તથા રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે. આ વર્ષે રાજ્ય કક્ષાએ ૧૭ અને રાષ્ટ્ર કક્ષાએ ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી થઈ છે. સેક્ટર-૭ની શાળાના ૧ વિદ્યાર્થીએ રાજ્ય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવેલ છે અને સેક્ટર-૧૨ની શાળાના વિદ્યાર્થીની બેડમિન્ટનમાં રાજ્ય કક્ષાએ પસંદગી થયેલ છે. ખેલ મહાકુંભમાં પણ આ બાળકોએ લાખો રૂપિયાનાં ઇનામો પ્રાપ્ત કર્યાં છે.

● આપણી યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં યોજાતી અનેકવિધ પ્રવૃત્તિઓમાં પણ આ વિદ્યાર્થીઓને આમંત્રણ આપવામાં આવતાં.

– અશ્વિનભાઈ કૉલેજના આઈ. ટી. ફેરમાં ૮૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમાં વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને કીટ આપવામાં આવી હતી.

– ભોળાભાઈ કૉલેજ ઑફ બી.સી.એ.માં યોજાયેલી સ્પર્ધામાં ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

– તા. ૨૬-૧૨-૧૫માં કડી મુકામે યોજાયેલ છગનભા રમતોત્સવમાં આ ચારે શાળાના કુલ ૬૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, તેમ જ આ સ્પર્ધામાં પ્રથમ કક્ષાના - ૨, દ્વિતીય કક્ષા - ૨ અને તૃતીય કક્ષા -૨ એમ ઇનામો પણ પ્રાપ્ત કરી સર્વ વિદ્યાલયની અન્ય શાળાના વિદ્યાર્થીઓ સાથે બાળકો સાથે કદમ મિલાવ્યાં છે.

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સેક્ટર-૧૨ના મેદાનમાં રાજ્ય કક્ષાનો ‘ઉચ્ચ-શિક્ષણ સાયન્સ ફેર’ યોજવામાં આવ્યો હતો, જેનું ઉદ્‌ઘાટન માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં રાજ્યની વિજ્ઞાન કૉલેજો દ્વારા ૧૫૦થી વધુ લાઇવ પ્રોજેક્ટ-મૉડેલ રજૂ થયા હતા. આ પ્રદર્શનનો લાભ મંડળ દ્વારા મુકાયેલ નિઃશુલ્ક બસ દ્વારા તમામ સરકારી શાળાઓનાં બાળકોએ લીધો હતો.

**શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધિઓ :**

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા આ સરકારી શાળાઓનો વહીવટ સંભાળતાં આ બધી શાળાઓમાં અગાઉના વર્ષની તુલનાએ ૭૦ ટકા વિદ્યાર્થીઓનો વધારો થયો.

● કર્તવ્યનિષ્ઠ અને પર્યાપ્ત શિક્ષકોના કારણે શાળાઓના ૭૫૪ વિદ્યાર્થીઓમાં પ્રથમ દિવસથી જ નિયમિતતા – શિસ્ત જોવા મળી.

● એજ્યુકેશન કૉલેજનાં ડીન ડૉ. વીણાબહેન પટેલની મદદથી ‘અર્નિંગ વીથ લર્નિંગ’ પ્રોજેક્ટ અન્વયે તેજસ્વી તાલીમાર્થીઓની નિમણૂક – વિષય શિક્ષક તરીકે સરકારી શાળાઓમાં કરવામાં આવતાં આ મહેનતુ શિક્ષકો તથા શાળાના અનુભવી શિક્ષકોના સહિયારા પ્રયત્નોથી સેક્ટર-૧૨ની સ્વામી વિવેકાનંદ શાળાના વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ચમત્કારિક વધારો નોંધાયો છે, જે નીચે મુજબ છે.

● ગત વર્ષે જૂન-૨૦૧૪ની બેચ સેમેસ્ટર-૧નું પરિણામ ૧૯ ટકા હતું, જ્યારે આ વર્ષે જૂન-૨૦૧૫ની બેચ સેમેસ્ટર-૧ની પરીક્ષા નવેમ્બર-ડિસેમ્બરમાં લેવાતાં તેનું પરિણામ ૯૭ ટકા પ્રાપ્ત થયું. આમ પરિણામમાં ૭૮ ટકાનો વધારો થયો.

● જૂન ૨૦૧૫ સેમેસ્ટર-૨નું પરિણામ ૧૦ ટકા હતું જેમાં ૮૦.૯૦ ટકાનો વધારો નોંધાયો છે. અર્થાત્‌ ડિસેમ્બર-૨૦૧૫માં સેમેસ્ટર-૩નું પરિણામ ૯૦.૯૦ ટકા પ્રાપ્ત થયું. જે સર્વ વિદ્યાલયની પ્રથમ સિદ્ધિ છે. સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩માં એ અને બી ગ્રૂપના પ્રથમ અને દ્વિતીય નંબર પ્રાપ્ત કરનાર ચાર વિદ્યાર્થીઓને ડૉ. વીણાબહેનના હસ્તે – મંડળ દ્વારા રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

● માર્ચ-૨૦૧૬માં ધોરણ-૧૦ અને ૧૨માં ઉચ્ચ પરિણામો મેળવવા ડિસેમ્બરની શરૂઆતમાં જ એટલે કે નવા સત્રના પ્રારંભે માનનીય ચૅરમૅન સાહેબશ્રીએ તમામ શાળાના આચાર્યો અને કો-ઓર્ડિનેટરની મીટિંગ યોજી. અગાઉની પરીક્ષાનાં પરિણામોની સમીક્ષા કરી. ઉચ્ચ પરિણામ માટે ડિસેમ્બર-૨૦૧૫થી ફેબ્રુઆરી-૨૦૧૬ સુધી શાળા સમય બાદ એક્સ્ટ્રા વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. દરરોજ ત્રણ કલાક ચાલતા કોચિંગનો ધોરણ-૧૦ના – ૯૬, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ-૪૦, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ-૪૫ વિદ્યાર્થીઓએ લીધો.

સેક્ટર-૭ની શાળામાં ધોરણ-૧૦ના અને સેક્ટર-૧૨ની શાળામાં ધોરણ-૧૨ના વર્ગોનું આયોજન કરવામાં આવ્યું. આ વર્ગો માટે મંડળ સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલ, શ્રીમતી આર. જી. કન્યાશાળા અને શ્રીમતી આર. સી. હાઈસ્કૂલના નિષ્ણાત - ૨૫ શિક્ષકોની ટીમ દ્વારા સઘન શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવ્યું. આ સાથે પેપર લખાવવાની પ્રેક્ટિસ અને અઠવાડિક પરિણામના આયોજનો પણ કરવામાં આવ્યાં. બપોરના ભોજનની નિઃશુલ્ક વ્યવસ્થા મંડળ દ્વારા કરવામાં આવી, જેનો પ્રતિદિન ૧૩૦-૧૭૫ વિદ્યાર્થીઓએ લાભ લીધો. આ જવાબદારી ડૉ. સોમભાઈ પટેલે બોયઝ હોસ્ટેલ, સેક્ટર-૨૩ના માધ્યમથી નિભાવી હતી.

● ૧૫ વિદ્યાર્થી દીઠ ૧ મેન્ટર, (ગાઈડ શિક્ષક)ની વ્યવસ્થા પણ કરવામાં આવી, જેના દ્વારા ડોર ટુ ડોર વાલી સંપર્ક અને વાલી મીટિંગનાં આયોજનો જે તે શાળામાં કરવામાં આવ્યાં. આ માટે કો-ઓર્ડિનેટરની સતત મુલાકાત તથા માર્ગદર્શન શાળાને મળતાં રહ્યાં. આ તમામ આયોજનોમાં ચારેય શાળાઓના આચાર્યશ્રીનો તથા સ્ટાફનો સુંદર સહકાર મળ્યો છે.

● ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં ઉપસ્થિત રહેનારા આ શાળાઓના ૩૫૮ વિદ્યાર્થીઓને સર્વ વિદ્યાલય તરફથી ‘શુભેચ્છા કીટ’ આપવામાં આવી.

● પૂજ્ય છગનભા, પૂ. દિવાળીબા તથા પૂ. દાસકાકા પારિતોષિક તથા મેરિટ સ્કૉલરશિપનો લાભ આ વર્ષથી જ આ શાળાનાં બાળકોને આપવામાં આવશે.

● આગામી વર્ષથી શાળાની અનુકૂળતાને ધ્યાનમાં લઈ એન. સી. સી., એન. એસ. એસ., કરાટે, રાઇફલ શૂટિંગ, કુકીંગ, બ્યુટી પાર્લર વગેરેના વર્ગો શરૂ કરવામાં આવશે.

સૌની શુભેચ્છા ફળે અને સારાં પરિણામો પ્રાપ્ત થાય તે તરફ હાલ સૌની નજર મંડાયેલી છે. પૂજ્ય માણેકલાલ સાહેબના આશીર્વાદ અમારી સાથે છે તથા પૂજ્ય છગનભાના ‘કર ભલા - હોગા ભલા’ના સૂત્ર પ્રમાણે આપણે જરૂર સફળ થઈશું એવી અભ્યર્થના.

**કૌશલ્યાબહેન એન. પટેલ**
ગર્લ્સ હૉસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટ,
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
સેક્ટર-૨૩, ગાંધીનગર

## ‘પ્રિયદર્શિની એવૉર્ડ’થી વિભુષિત રાધેશ્યામ શર્મા

આપણા જાણીતા પ્રયોગશીલ વાર્તાકાર, નવલકથાકાર, કવિ, વિવેચક, સંપાદક શ્રી રાધેશ્યામ શર્મા (૧૯૩૬)ને મુંબઈની પ્રિયદર્શિની એકેડેમી દ્વારા ‘પ્રિયદર્શિની એવૉર્ડ’ – ચંદાબેન મોહનભાઈ પટેલ એકેડેમી ગુજરાતી લિટરરી એવૉર્ડ તા. ૮ માર્ચ, ૨૦૧૬ના રોજ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા. ઉલ્લેખનીય છે કે તેઓશ્રી આ પૂર્વે અનેકવિધ વિદ્વત્ત સંસ્થાઓના ૨૧ એવૉર્ડો - પારિતોષિકોથી અલંકૃત છે. આ પૈકી ‘રણજિતરામ સુવર્ણચંદ્રક’, ‘શ્રી ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક’, ‘ક્રિટિક્સ એવૉર્ડ’, ‘શ્રી અનંતરાય રાવળ એવૉર્ડ’, ‘કલા ગૂર્જરી એવૉર્ડ’ વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. આ ઉપરાંત તેમની ઘણી કૃતિઓ વિવિધ સંસ્થાઓ દ્વારા પુરસ્કૃત કરવામાં આવી છે. ‘સાક્ષરતાનો સાક્ષાત્કાર’ - એ વીસ દળદાર ગ્રંથોમાં આશરે સાડા સાતસો સમકાલીન જીવંત લેખકો-પત્રકારો-કળાકારોનાં જીવન-કવનને અતિશય નિજ રસાળ બાનીમાં ઝડપી લેવાનો ‘ઑફ બિટ ઈન્ટરવ્યૂ’- પ્રયોગ પણ ચરિત્રલેખનની દિશામાં એક નવી મિસાલ છે. વિવેચનના ૧૬ ગ્રંથોમાં પણ અભિગમ સિદ્ધાન્તલક્ષી નહીં એટલો રચના સૌંદર્યપ્રધાન જ રહ્યો છે. ‘ફેરો’એ ‘કવિ’ રાધેશ્યામની યશસ્વી લઘુનવલ છે.

# હેમચંદ્રોત્તર સાહિત્યપરંપરા

**મોહનલાલ પટેલ**

આપણે હેમચંદ્રોત્તર સાહિત્યપરંપરાની વાત કરીએ એ પહેલાં એ યુગમાં સર્જાયેલા સાહિત્યમાંથી આપણને કેટલું પ્રાપ્ત થઈ શક્યું છે અને કેટલું ગુમાવ્યું હોવાનો અંદાજ છે એની થોડી વાત કરી લેવી જોઈએ. ઉપરોક્ત સમયગાળામાં જે રચાયું એ બધું આપણા સુધી પહોંચ્યું નથી. કેટલુંક મુસલમાની આક્રમણો વખતે નાશ પામ્યું અને કેટલુંક એને સાચવવાની બાબતે આપણી નિષ્કાળજી અને પ્રમાદને કારણે આપણે ગુમાવ્યું.

વિવિધ ગ્રંથભંડારોમાં સચવાયેલા ગ્રંથોની સૂચિ જોતાં સહેજે જોઈ શકાશે કે આચાર્ય હેમચંદ્રના સમય અગાઉ અને એમના સમય પછી વિપુલ પ્રમાણમાં સાહિત્ય સર્જાયું છે. પાટણના ગ્રંથભંડારમાં આવા લગભગ ૨૫૦૦૦ ગ્રંથો છે એ હકીકત પરથી આ વાતની પ્રતીતિ થશે. પણ જે નાશ પામ્યું છે એનો અંદાજ તો અન્ય ગ્રંથોમાં નાશ પામેલા ગ્રંથોના સંદર્ભો ઉપરથી કંઈક આવી શકે. પણ સાચો અંદાજ મેળવવો શક્ય નથી.

હેમચંદ્રાચાર્યે એમના વ્યાકરણમાં, ખાસ કરીને પ્રાકૃત વ્યાકરણમાં સૂત્રોને સમજાવવા જે ઉદાહરણો આપ્યાં છે એના મૂળ ગ્રંથો મોટાભાગે આજે ઉપલબ્ધ નથી. હેમચંદ્રાચાર્યના 'પ્રમાણમીમાંસા' ગ્રંથ ઉપર આચાર્યે પોતે લખેલી ટીકા મળતી નથી. એમના 'શબ્દાનુશાસન' ગ્રંથ (સિદ્ધ હૈમવ્યાકરણ) ઉપર એમણે રચેલા બૃહન્યાસના ૮૪૦૦૦ શ્લોકોમાંથી છૂટક છૂટક અંશો જ આપણને પ્રાપ્ત થયા છે. હેમચંદ્રાચાર્યના પટ્ટશિષ્ય રામચંદ્રે રચેલા 'નાટ્યદર્પણ' ગ્રંથમાં એમણે ૪૪ નાટકોમાંથી ઉદાહરણો ટાંક્યાં છે. આ નાટકોમાંથી ઘણાં ખરાં આપણને મળ્યાં નથી.

એ સમયનું જે સાહિત્ય આપણને મળ્યું એ પણ સાચવણીના અભાવે નાશ ન પામે એ માટે ડૉ. પીટર્સન અને ડૉ. બ્યુલ્હરે આપણને સાબદા કર્યા એ પછી આપણે આપણા આ અમૂલ્ય વારસાની સંભાળ લેવા પ્રવૃત્ત થયા. મુંબઈ સરકારે આ દિશામાં પ્રયત્ન કર્યા પણ અંગત માલિકી ધરાવતા ગૃહસ્થો પાસેથી ગ્રંથો મેળવવામાં સફળતા મળી નહીં. એ પછી મહારાજા સયાજીરાવે આ કાર્ય માટે અંગત રસ દાખવ્યો. અને ઈ. સ. ૧૮૯૨માં એમણે શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીને પાટણના છૂટાછવાયા ગ્રંથભંડારોના સંચયો અને અંગત માલિકીના ગ્રંથો તપાસીને એની સૂચિ કરવાનું કાર્ય સોંપ્યું (એ વખતે પાટણમાં ૧૩ ગ્રંથભંડારો હતા) શ્રી મણિલાલે ઘણો શ્રમ ઉઠાવીને આ ગ્રંથોની વિસ્તૃત સૂચિ તૈયાર કરી.

આ પછી ઈ. સ. ૧૯૧૪માં વડોદરાના સંસ્કૃત પુસ્તકાલયના અધિકારી શ્રી સી. ડી. દલાલને આ કાર્યને મોટા પાયા પર લેવા પાટણ મોકલવામાં આવ્યા. આ પ્રવૃત્તિમાં એમણે સારું એવું કામ કર્યું. પણ એમનું અવસાન થતાં એ કામ પંડિત લાલચંદને સોંપવામાં આવ્યું. આ સઘળા પરિશ્રમને અંતે ઈ. સ. ૧૯૩૭માં તાડપત્રોમાં લખાયેલી હસ્તપ્રતોના વિવરણ સાથે એક પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું.

આ અગાઉ ઈ. સ. ૧૯૩૩માં ગાયકવાડ સરકારે ગ્રંથસંશોધન માટે એક કમિટી રચી હતી. કમિટીએ ગ્રંથોને સુરક્ષિતપણે રાખી શકાય એ હેતુથી એક ખાસ મકાન ઊભું કરવાની ભલામણ કરી. જેના આધારે શ્રી હેમચંદ્ર મોહનલાલ ઝવેરીની ઉદાર સખાવતથી જ્ઞાનભંડાર માટે એક સ્વતંત્ર મકાન તૈયાર થયું. અને ઈ. સ. ૧૯૩૯ના એપ્રિલમાં ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી યોજાયેલા હૈમસારસ્વત સત્ર વખતે એનું ઉદ્‌ઘાટન થયું.

જે સાહિત્ય ઉપલબ્ધ છે એમાંથી હેમચંદ્રોત્તર સાહિત્ય પરંપરાની કેટલીક વાત કરીએ.

આચાર્ય હેમચંદ્રે ભાષાને સમગ્ર રીતે ઉપકારક

નીવડે એવું અને લોકોપયોગી સર્જન કર્યું. એમણે વ્યાકરણનાં પાંચેય અંગો (સૂત્ર, ગણપાઠ, ધાતુપાઠ, ઉણાદિ અને લિંગાનુશાસન) સાથેના અષ્ટાધ્યાયી વ્યાકરણની રચના કરી. તે પર પોતે જ લઘુવૃત્તિ, બૃહવૃત્તિ અને બૃહન્યાસ લખ્યાં. વ્યાકરણના ક્ષેત્રમાં કોઈ એક જ વ્યક્તિ દ્વારા આવી બૃહદ રચના થઈ હોવાની કદાચ આ પ્રથમ ઘટના હતી. એમણે નામમાળા, અનેકાર્થ શબ્દસંગ્રહ, દેશ્ય શબ્દસંગ્રહ અને નિઘંટુ કોશ એવા ચાર કોશ તૈયાર કર્યા. એમણે કાવ્ય, છંદ, અલંકાર, ન્યાય, યોગ વિષયો ઉપર ગ્રંથો રચ્યા. અને ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર જેવાં મહાકાવ્ય રચીને એમણે એક ઉત્તમ કવિ તરીકેની એમની પ્રતિભાનાં દર્શન કરાવ્યાં.

આચાર્યના શિષ્યો તેમ જ અન્ય અનુગામીઓ એમને અનુસર્યા અને લોકાભિમુખ રહીને સાહિત્યરચનાઓ કરી પણ હેમચંદ્રાચાર્યના સર્જન દ્વારા અંકાયેલી ક્ષિતિજોમાં એ બંધાયેલા ન રહ્યા. હેમચંદ્રાચાર્યના પટ્ટ શિષ્ય રામચંદ્રે ધાર્મિક કરતાં લૌકિક સાહિત્ય વધારે સર્જ્યું છે. એમણે રઘુવિલાસ, નલવિલાસ, યદુવિલાસ, સત્યહરિશ્ચંદ્ર, નિર્ભયભીમવ્યાયોગ, મલ્લિકામકરન્દ પ્રકરણ, રાઘવાભ્યુદય, રોહિણીમૃગાંક પ્રકરણ, વનમાલા નાટિકા, કૌમુદીમિત્રાણંદ અને યાદવાભ્યુદય નામનાં અગિયાર નાટકો રચ્યાં. 'કુમારવિહારશતક' અને 'યુગાદિદેવદ્વાત્રિંશિકા' એમના કાવ્યસંગ્રહો છે અને 'સુધાકલશ'માં એમનાં સુભાષિતોનો સંગ્રહ છે. એમણે 'દ્રવ્યલંકાર' નામનો ન્યાયશાસ્ત્રનો ગ્રંથ રચ્યો છે. પણ સારાયે ભારતમાં એક વિદ્વાન તરીકેની એમની ખ્યાતિ તો એમણે રચેલા 'નાટ્યદર્પણ' ગ્રંથને આધારે હતી. એમણે આ ગ્રંથમાં ૪૪ નાટકોમાંથી ઉદાહરણો આપ્યા છે જે એમના નાટકના ઊંડા અભ્યાસનું સૂચક છે. 'નાટ્યદર્પણ' અને 'દ્રવ્યાલંકાર' ઉપરની વૃત્તિઓ રામચંદ્રે પોતે જ લખેલી છે. રામચંદ્ર સંદર્ભે 'પ્રબંધશત' એક રહસ્યમય શીર્ષક બની રહ્યું છે. કેટલાક વિદ્વાનો માને છે કે એનાથી એમ સમજાય છે કે રામચંદ્રે સો પ્રબંધ લખ્યા હશે. જ્યારે કેટલાક વિદ્વાનો માને છે કે આ નામનો રામચંદ્રનો ગ્રંથ હોવો જોઈએ.

હેમચંદ્રાચાર્યના અન્ય શિષ્યો પૈકી ગુણચંદ્ર, મહેન્દ્રસૂરિ, વર્ધમાન ગણી, દેવચંદ્ર, ઉદયચંદ્ર, યશશ્ચન્દ્ર અને બાલચંદ્ર જાણીતા હતા. 'નાટ્યદર્પણ'ની રચનામાં ગુણચંદ્રનો સહયોગ હતો. મહેન્દ્રસૂરિએ હેમચંદ્રાચાર્યના 'અનેકાર્થસંગ્રહ' ઉપર 'અનેકાર્થકૈરવાકરકૌમુદી' નામનો ટીકાગ્રંથ રચ્યો હતો. વર્ધમાનગણિએ 'કુમારવિહાર'ની પ્રશસ્તિરૂપે 'કુમાર વિહારપ્રશસ્તિ'ની રચના કરી હતી. એમાં એમણે એ કાવ્યના ૧૧૬ અર્થ કરી બતાવ્યા છે. દેવચન્દ્રે 'ચન્દ્રલેખા વિજય પ્રકરણ' નામનું નાટક લખ્યું છે. આ નાટકમાં કુમારપાળે સપાદલક્ષના રાજા અર્ણોરાજને હરાવ્યો તે ઘટનાને ગૂંથી લેવામાં આવી છે. દેવચન્દ્રની બીજી એક રચના 'માનમુદ્રાભંજન' હોવાના ઉલ્લેખ મળે છે પણ ગ્રંથ મળતો નથી. ઉદયચંદ્ર હેમચંદ્રાચાર્યના વિદ્વાન શિષ્ય હતા. એમના ઉપદેશના આધારે બીજાઓ દ્વારા ઘણા ગ્રંથો રચાયા હોવાનું મનાય છે. એમના ઉપદેશથી દેવેન્દ્રે 'કતિચિદ્દુર્ગપદવ્યાખ્યા' અને 'ઉપમિતિપ્રપંચાકથા સારોદ્ધાર' ગ્રંથો લખ્યા હતા. બાલચંદ્રે 'સ્નાતસ્યા' નામની સ્તુતિ રચના કરી હતી.

આચાર્ય હેમચંદ્રના સમય પૂર્વે અને પશ્ચાદ જે સાહિત્યકારો થયા એમાં જૈન મુનિઓ દ્વારા વિપુલ પ્રમાણમાં ગ્રંથો રચાયા. એ સમય દરમિયાન જૈનેતર સાહિત્યકારોનું પણ સારું એવું પ્રદાન હોવાનો સંભવ છે પણ આપણને જૈન સાહિત્યકારોની રચનાઓ મોટા પ્રમાણમાં મળી શકી છે. એનાં કેટલાંક કારણ છે. જૈન ઉપાશ્રયોમાં જૈન મુનિઓની પ્રધાન પ્રવૃત્તિ ઉપદેશ અને ગ્રંથરચના હતી. વળી જૈન ગ્રંથોની પ્રશસ્તિઓ પરથી જાણી શકાય છે કે શ્રેષ્ઠીઓ દ્વારા પણ જ્ઞાનદાનના ઉદ્દેશથી ગ્રંથો રચાવવાની એક પદ્ધતિ હતી. આ પદ્ધતિના આધારે સેંકડો ગ્રંથો રચાયા હતા. જેમ જેમ જૈન ધર્મનો પ્રચાર વધતો ગયો તેમ તેમ આ પ્રવૃત્તિનું પ્રમાણ વધતું રહ્યું. એ સમયમાં સર્જાતા ગ્રંથોની એકાધિક નકલો કરાવવામાં આવતી અને એ જુદા જુદા ગ્રંથભંડારોમાં મોકલવામાં આવતી. ગ્રંથો સારી રીતે સચવાય એ માટે ગ્રંથભંડારોનાં નિર્માણ થતાં. રાજાઓ તથા શ્રેષ્ઠીઓ આ ગ્રંથભંડારોના નિર્માણમાં નિમિત્ત બનતા. કુમારપાળે પાટણમાં ૨૧ ગ્રંથભંડારો રચાવ્યા હતા એવો કુમારપાળ ચરિત્રમાં નિર્દેશ છે. વીરધવળના મંત્રી વસ્તુપાળે ૧૮ કરોડ રૂપિયાના ખર્ચે ત્રણ ગ્રંથભંડારો બનાવ્યા હતા. કાન્હા અને પરબત નામના ભાઈઓએ સંડેરમાં

ગ્રંથભંડાર કરાવ્યો હતો. અને જેસલમેરના ભંડારની ખ્યાતિ તો સર્વ દિશાઓમાં પ્રસરેલી હતી. આમ ગ્રંથરચના અને એની જાળવણીરૂપે ગ્રંથભંડારોના નિર્માણના કારણે આપણને જૈન સાહિત્ય મોટા પ્રમાણમાં ઉપલબ્ધ થઈ શક્યું છે.

જૈન મુનિઓએ લોકોપદેશ અને લોકહિત માટે ગંભીર અને ચિંતનાત્મક સાહિત્યની સાથે સાથે લોકોનાં હૈયાં સુધી પહોંચી જાય એવાં રૂપકો, નાટકો, સંવાદ, પ્રશ્નોત્તર, પ્રહેલિકાઓ, રાસાઓ, પ્રબંધો, કાવ્યો, સુભાષિતો વગેરે અનેક સ્વરૂપોનાં માધ્યમોમાં ઘણી રચનાઓ આપી છે. વળી, સામાન્ય અને નીચલા સ્તરના લોકો સુધી ઉપદેશ પહોંચે એ માટે એમણે એમની રચનાઓ માટે સંસ્કૃત ભાષા ઉપરાંત પ્રાકૃત અને લોકબોલીનો ઉપયોગ પણ કર્યો. અપભ્રંશ અને તે પછી ગુજરાતમાં ગૌર્જર અપભ્રંશમાં પણ ઠીકઠીક પ્રમાણમાં ગ્રંથો રચાવા લાગ્યા હતા. સંવત ૧૨૪૧માં શાલિભદ્રસૂરિએ 'ભરતેશ્વર-બાહુબલિ રાસ'ની રચના ગૌર્જર અપભ્રંશમાં કરી છે.

આ બધા સાહિત્યમાંથી તત્કાલીન સમાજ વિશે ઘણું જાણવાનું મળે છે. એ વખતના રીતરિવાજ, ઉત્સવો, લગ્નમરણ વખતે થતા વિધિ, ભોજનની વાનગીઓ, પહેરવેશ, સ્ત્રીપુરુષ સંબંધ, વ્યાપાર અને સમૃદ્ધિ વગેરેની ઘણી બધી જાણકારી મળે છે. ક્યારેક તો પ્રબંધકાર એને એક સામટે વર્ણવવા સુધીની પ્રવૃત્તિ કરે છે. 'નાભિનંદનોદ્ધાર પ્રબંધ' આનું સારું ઉદાહરણ છે. જોધપુર રાજ્યમાં કિરાડુ નામના ગામમાં એક દુકાન આગળ ઊભેલા એક ગુજરાતીને દુકાનના સલખણ નામના માલિકે પૂછ્યું, 'ભાઈ, તમે ક્યાંથી આવો છો ? તમારો દેશ કેવોક ગુણવાન અને સમૃદ્ધિવાળો છે ? એમાં કયું નગર મુખ્ય ગણાય છે ?' ત્યારે પેલા ગુજરાતીએ પ્રથમ તો કહ્યું, 'હજાર જીભથી પણ એનું વર્ણન કરવું શક્ય નથી. ઇન્દ્રપુરીથી પણ અધિક અને અદ્ભુત એનો વૈભવ છે અને એનાં ધાન્ય અને વનસ્પતિની સમૃદ્ધિનો પાર નથી.' આમ કહીને એ ગુજરાતી પેલા દુકાનદારના પ્રશ્નોનો લંબાણથી જવાબ આપતાં ગુજરાતની પ્રજાના વૈભવ, પહેરવેશ, ઉત્સવો વગેરેની વાત કરે છે અને ખેતી-પાક તેમ જ વનસ્પતિનું તો એક લાંબું લિસ્ટ જ આપી દે છે.

આચાર્ય હેમચંદ્રના સમય અગાઉ રચાયેલા ગ્રંથોમાં ગુજરાતના વિશ્વસનીય ઇતિહાસનું લેખન જોવા મળતું નથી. હેમચંદ્રાચાર્ય પાસેથી આપણને સોલંકીયુગનો વ્યવસ્થિત ઇતિહાસ મળે છે. એમના સમય પછીના કેટલાક ગ્રંથોમાં આ સિલસિલો ચાલુ રહ્યો છે. હેમચંદ્રાચાર્યે ચાવડા વંશને સ્પર્શ કર્યો નથી. પણ સંવત ૧૨૮૫માં અરિસિંહે રચેલા 'સુકૃતસંકીર્તન' ગ્રંથમાં વસ્તુપાળના ચરિત્રનું આલેખન છે. એ ગ્રંથમાં ચાવડા રાજાઓનાં નામનો ક્રમ આપવામાં આવ્યો છે. એવી રીતે સં. ૧૨૯૦માં ઉદયપ્રભસૂરિ રચિત 'સુકૃતકીર્તિકલ્લોલિની' વસ્તુપાળની પ્રશસ્તિ છે. એમાં પણ રાજાઓનો ક્રમ આપ્યો છે. સં. ૧૩૬૧માં મેરુતુંગાચાર્ય દ્વારા રચિત 'પ્રબંધચિંતામણિ'માં 'વનરાજ પ્રબંધ'માં ચાવડાઓ સંબંધી હકીકત આપવામાં આવી છે. 'વિચારશ્રેણિ'માં રાજાઓનાં રાજ્યકાળનાં વર્ષો આપેલાં છે. સંવત ૧૪૯૨માં જિનમંડનરચિત 'કુમારપાળ પ્રબંધ'ના આરંભમાં ચાવડાવંશની નામાવલિ અને રાજ્યકાળનાં વર્ષ આપેલાં છે. 'ધર્મારણ્ય'માં ચાવડાવંશની વંશાવળી આપી છે. એમાં સંવત ૮૦૨ (પાટણનું સ્થાપના વર્ષ)થી સં. ૯૯૮ સુધીના સમયગાળાના સાત રાજાઓના રાજ્યકાળની હકીકત છે. 'સરસ્વતી પુરાણ'માં ચાવડાઓ સંબંધમાં કેટલીક હકીકત નોંધાયેલી છે. એમાં જણાવ્યું છે કે ચાવડાઓ આબુ તરફથી આવ્યા હતા. એ દારૂ પીનારા હતા. અને એમણે સરસ્વતીનાં તીર્થોનો નાશ કર્યો હતો. કુમારપાળના મૃત્યુ પછી ૧૨ વર્ષે પાટણમાં સિદ્ધપાળ વસતિમાં સોમપ્રભસૂરિએ પ્રાકૃતમાં 'કુમારપાળ પ્રતિબોધ'ની રચના કરી હતી. એમાં કુમારપાળ વિશે વિશ્વસનીય હકીકતોનો સમાવેશ થયેલો છે. ૧૫મા સૈકાના અંતમાં જિનવર્ષે 'વસ્તુપાળરચિત' લખ્યું. એમાં વસ્તુપાળ વિશેની સર્વ હકીકતોનું વર્ણન છે.

ગુજરાતના ચૌલુક્યવંશના રાજપુરોહિત પંડિત સોમેશ્વર દ્વારા સં. ૧૨૮૦માં રચિત કીર્તિકૌમુદી અનેક રીતે મૂલ્યવાન કાવ્યગ્રંથ છે. વસ્તુપાળે શંખ ઉપર વિજય મેળવ્યો તે ઘટનાને સોમેશ્વરે આ કાવ્યમાં વણી લીધી છે. કીર્તિકૌમુદીના પ્રથમ સર્ગમાં પાટણનું મનોહર વર્ણન છે અને શંખ ઉપર વિજય મેળવ્યા પછીના ઉત્સવનું વર્ણન છઠ્ઠા સર્ગમાં છે. આ સર્ગમાં પુરપ્રમોદ વર્ણન

મહાકાવ્યની પૂરી ગુંજાયશનું છે.

વાઘેલાવંશના કર્ણના પતન પછી લગભગ પચાસ પોણોસો વર્ષે લખાયેલો 'ધર્મારણ્ય' આમ તો મોઢ જ્ઞાતિ વિષયક ગ્રંથ છે. પણ એમાં ગુજરાતના ઇતિહાસની કેટલીક મહત્ત્વની વિગતો આલેખાયેલી છે. એમાં કેટલીક પ્રચલિત હકીકતો કરતાં સાવ ભિન્ન વિગતો જાણવા મળે છે. વનરાજના જન્મ વિશે જૈન ગ્રંથકારો કહે છે કે પંચાસર ઉપરના આક્રમણ વખતે જયશેખરે એની ગર્ભવતી રાણીને વનમાં મોકલી દીધી હતી. ત્યાં વનરાજનો જન્મ થયો હતો અને ત્યાંથી જૈન આચાર્ય શીલગુણસૂરિ એને પંચાસર લઈ ગયા હતા. 'ધર્મારણ્ય'માં આનાથી સાવ ભિન્ન હકીકત આપવામાં આવી છે. એમાં વનરાજ મોઢેરામાં જન્મ્યો હતો અને ત્યાં જ ઊછર્યો હતો એવી વિગત છે. પાટણની સ્થાપના સં. ૮૦૨માં થઈ હતી. એ સ્થાપનાની તિથિ અને વાર માટે જુદાજુદા છ મત છે. ધર્મારણ્યમાં સ્થાપના દિવસ અષાઢ સુદ ૩ને શનિવાર જણાવી છે. શ્રી રા. ચુ. મોદી આ તિથિ અને વારની ખરાઈ વિશે લખતાં જણાવે છે કે 'જ્યોતિષની ગણતરીએ આ તિથિ ખરી જણાય છે, કેમ કે એ તિથિએ શનિવાર હતો. ઈ. સ. ૭૪૬ના મે માસની તા. ૨૮ હતી.' ચાવડાવંશની વંશાવળી 'ધર્મારણ્ય'માં છે એ આપણે અગાઉ જણાવ્યું. વિશેષમાં આ ગ્રંથે ચાવડાઓની અસામાજિક નીતિરીતિ ઉપર પણ ટિપ્પણી કરી છે. એ વંશના છેલ્લા રાજા સામંતસિંહનું રાજ્ય મૂળરાજે પડાવી લીધું એના કારણમાં રાજા વિશે એ ગ્રંથમાં લખ્યું છે કે રાજા બહુમોદકભક્ષી, કામી, કામકલાબુધ, કામસેવાપરાયણ અને અંતઃપુરમાં જ સમય ગાળનારો હતો. અર્થાત્ રાજા તરીકેની એની કોઈ યોગ્યતા નહોતી. આ ગ્રંથમાં માધવ વિશે લખતાં એને અલાઉદ્દીનના ગુજરાત પરના આક્રમણના નિમિત્તરૂપ ગણીને દુષ્ટ, નિર્ગુણો, દેશદ્રોહકર, પાપી, દુષ્ટાત્મા, કુલાધમ તરીકે વર્ણવ્યો છે. અલાઉદ્દીનના લશ્કરે મોઢેરાનો ઘેરો ઘાલ્યો તે વખતે સમાધાન માટે માધવે ભજવેલા ભાગનું વર્ણન પણ આ ગ્રંથમાં વિગતે કર્યું છે.

ધોળકાના ચંડુ પંડિતે નૈષધચરિતની ટીકા લખી છે. એમાં પંડિતે કરેલી એક નાની સરખી નોંધે ગુજરાતના ઇતિહાસ માટે એક મહત્ત્વનું રહસ્ય ખોલી આપ્યું છે. માધવ કર્ણને ખસેડીને ઉદયરાજ નામના કુમારને ગુજરાતની ગાદી ઉપર બેસાડવા માગતો હતો એ હકીકત ચંડુ પંડિતની એ નોંધમાં છે.

હેમચંદ્રાચાર્યના સમય પછી રચાયેલા કેટલાક ગ્રંથો આપણા કેટલાક પ્રચલિત ખ્યાલોને બદલી નાખે એ રીતે લખાયેલા છે. એક સામાન્ય સમજ એવી છે કે કુમારપાળ દયા અને અહિંસાનો ભારે સમર્થક હતો. એણે અપુત્ર માણસના અવસાન પછી એનું ધન રાજકોશમાં જમા કરાવી દેવાની પ્રથા બંધ કરી. રાજ્યમાં અમારિ ઘોષણા કરાવી જીવહિંસા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો. જૈન ધર્મને પ્રોત્સાહન આપ્યું. આ હકીકતો નક્કર સત્ય છે એ ખરું પણ સિક્કાની બીજી બાજુ પણ તપાસવા જેવી છે. જિનમંડન ઉપાધ્યાયના 'કુમારપાળ પ્રબંધ' અને ચારિત્ર્યમુનિ રચિત 'કુમારપાળચરિત્ર'માંથી સિક્કાની બીજી બાજુ ઉપર પ્રકાશ પડે છે. 'કુમારપાળ પ્રબંધ'માં લખ્યું છે કે કુમારપાળે જૈનો ઉપરથી કરવેરા કાઢી નાખ્યા હતા અને તેમનું દેવું ખાસ અધિકારી મારફતે રાજ્ય તરફથી ચૂકવવામાં આવતું હતું. 'કુમારપાળ-ચરિત્ર'માં તો કુમારપાળનો ઢંઢેરો જ આપવામાં આવ્યો છે. એમાં લખ્યું છે : 'સંસારના બંધનમાં નાખનાર મિથ્યામત (વૈદિક ધર્મ)નો આગ્રહ છોડી દ્યો. કુમત (વૈદિક ધર્મ) છોડીને જે મનુષ્ય જૈન થશે તેને કુમારપાળ રાજા ઇચ્છા પ્રમાણે દાન આપશે. જૈન ધર્મ પાળનાર તમે બધા આવો. તમને બધાને રાજા કરમાંથી મુક્ત કરશે અને તમારું દેવું ચૂકવી દેશે' એવું કહેવાય છે કે કુમારપાળની આ રાજ્યનીતિને કારણે લાખો વણિકો મેશરી (માહેશ્વર) મટીને જૈન થઈ ગયા હતા.

કુમારપાળે જે નિયમોની ઘોષણા કરી હતી એનો ભારે કડકાઈથી અને અંધાધૂંધ અમલ થતો હતો. આના ઉદાહરણરૂપે 'પ્રબંધચિંતામણિ'માંથી યુકાવિહાર પ્રબંધ જાણવા જેવો છે. એ પ્રબંધની હકીકત આ પ્રમાણે છે : સપાદલક્ષ દેશના એક અવિવેકી શ્રેષ્ઠીએ માથું ઓળતાં પ્રિયાએ આપેલી જૂને હાથમાં લઈ, તે પીડા કરનાર જૂનો તિરસ્કાર કરી તેને હાથમાં ઘણા વખત સુધી ચોળી નાખીને મારી નાખી. એ વખતે પાસે રહેલા અમારિનો અમલ કરાવનાર પંચોળીએ તે ગૃહસ્થને અણહિલપુર પાટણ લઈ આવી રાજા પાસે ઊભો કર્યો. પછી આચાર્યની આજ્ઞાથી તેના દંડ તરીકે તેનું સર્વસ્વ લઈને ત્યાં જ યુકાવિહાર કરાવ્યો.

જિનમંડન ઉપાધ્યાયના 'કુમારપાળપ્રબંધ'માં લખ્યું છે કે રમતમાં પણ 'મારિ' શબ્દનો ઉચ્ચાર કરી શકાતો નહીં. કુમારપાળ અને તેનો બનેવી ચોપાટ રમતાં 'મારિ' શબ્દના ઉચ્ચાર પર ઝઘડી પડ્યા હતા એવો ઉલ્લેખ એ પ્રબંધમાં છે.

એક જ ઘરમાં શૈવ અને જૈન સભ્યો હોય એવું એ સમયમાં ઘણું બનતું. આના ઉપરથી ધર્મસહિષ્ણુતા વ્યાપક હશે એવો એક ખ્યાલ બંધાય તો એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. પણ ધર્મ બાબતે સહિષ્ણુતા કરતાં અસહિષ્ણુતા પારાવાર હોવાના ઉલ્લેખો પણ એ સમયના સાહિત્યમાંથી મળી રહે છે. સિદ્ધરાજના સમયમાં હેમચંદ્રાચાર્ય અને દેવપ્રબોધાચાર્યનો કડવાશભર્યો વિવાદ તો ઘણો જાણીતો છે. એ પછી પણ શૈવ અને જૈન ધર્મીઓના વૈમનસ્યનું પુનરાવર્તન થતું રહ્યું છે.

સં. ૧૬૧૦માં રચાયેલા વૈષ્ણવસંપ્રદાયના 'સંપ્રદાયપ્રદીપ' ગ્રંથમાં લખ્યું છે કે કુમારપાળ રાજા થયો એ પછી એણે હેમસૂરિના કહેવાથી છ વૈદિક દર્શનશાસ્ત્રોનો નાશ કર્યો. વળી એ જ ગ્રંથમાં જણાવ્યું કે કુમારપાળની એક રાણીને શાલિગ્રામની પૂજા કર્યા પછી જ ભોજન કરવાનો નિયમ હતો. શાલિગ્રામની પૂજા માટે તુલસીપત્ર જોઈએ. આ માટે બગીચામાં એક છાની જગ્યાએ તુલસીનો છોડ ઉછેરવામાં આવ્યો હતો અને રાજા જાણે નહીં એ રીતે બગીચાનો માળી રાણીને તુલસીપત્ર લાવી આપતો હતો.

સોલંકીકાળ અને એ પછીના સમયમાં રચાયેલા શિલ્પસ્થાપત્ય વિશેની જાણકારી માટે હેમચંદ્રોત્તર સાહિત્ય એ જ મુખ્ય સાધન છે. આચાર્ય હેમચંદ્ર રચિત દ્વયાશ્રય પછી સહસ્રલિંગ સરોવર વિશે 'કીર્તિકૌમુદી', 'સમરારાસુ', 'વસંતવિલાસ', 'મોહરાજ પરાજય નાટક', 'પ્રબંધ ચિંતામણિ', કવિ શ્રીપાળ રચિત 'સહસ્રલિંગ પ્રશસ્તિ' વગેરેમાંથી વત્તેઓછે અંશે વિગતો મળી રહે છે. પણ 'સરસ્વતીપુરાણ' તો સહસ્રલિંગના વર્ણન દ્વારા આપણી નજર આગળ સરોવરનો આખો નકશો રચી આપે છે. આ પુરાણનું સંપાદન શ્રી કનૈયાલાલ દવેએ કરેલું છે. અને એ ગ્રંથના આધારે શ્રી રા. ચુ. મોદીએ શ્રી રવિશંકર રાવળ પાસે એનો નકશો તૈયાર કરાવ્યો હતો. ઈ. સ. ૧૯૩૫ પછી ગાયકવાડ સરકાર તરફથી સહસ્રલિંગ સરોવરના સ્થળે જે કંઈ ખોદકામ થયું તે સરસ્વતીપુરાણમાં દર્શાવેલી વિગતો પ્રમાણેનું જ હતું. આ ઉપરથી એમ જરૂર માની શકાય કે સરસ્વતીપુરાણમાં દર્શાવેલી વિગતો પ્રમાણે તળાવનું બરાબર આયોજન હશે

'સરસ્વતીપુરાણ'ની રચના સિદ્ધરાજ જયસિંહના રાજ્યના અંતકાળમાં થયેલી છે. એમાં ૧૮ સર્ગ છે અને એના કુલ મળીને ૨૮૯૦ શ્લોક છે. બ્રહ્માના આદેશથી સરસ્વતી દેવતાઓને ત્રાસ આપનાર વડવાનળને સમુદ્રમાં પધરાવી દેવા હિમાલયના ઔર્વંગાશ્રમમાંથી નીકળીને પ્રભાસપાટણના સમુદ્ર સુધી પહોંચે છે. અને વડવાનળને સમુદ્રમાં પધરાવી દે છે. આ સારાયે માર્ગનું અને તેના ઉપર આવતાં તીર્થોનું પુરાણકારે વિશદતાથી વર્ણન કરેલું છે. પુરાણના સર્ગ ૧૫ અને ૧૬માં પાટણના સહસ્રલિંગ સરોવરનું અત્યંત ઝીણવટભર્યું વર્ણન છે. એ સર્ગોમાં સરોવરના કાંઠા ઉપર આવેલાં તીર્થો, મંદિરો, પીઠો, શિક્ષા અને સત્રશાળાઓ વગેરેનું બારીકાઈ ભર્યું વર્ણન છે. દશાવતારતીર્થ, જાંગલતીર્થ, દશાશ્વમેધતીર્થ, ભૂતતીર્થ, કાપાલિશતીર્થ, સૂર્યતીર્થ, પિશાચમોચનતીર્થ, વિનાયકતીર્થ, રેવાતીર્થ, પ્રભાસતીર્થ વગેરે ધર્મસ્થાનોનાં એમાં વિગતે વર્ણન છે. સરસ્વતી નદીમાંથી નહેર દ્વારા અષાઢ સુદ આઠમને દિવસે સરોવરમાં જળપ્રવેશ થયો એ હકીકતનું પણ એમાં રોમાંચક વર્ણન છે. જે નહેર દ્વારા સરોવરમાં પાણી આવ્યું એ નહેરને કારણે ફારસી ઇતિહાસોમાં પાટણને 'નહરવાલા' તરીકે ઓળખવામાં આવ્યું છે.

કવિ શ્રીપાળ રચિત 'સહસ્રલિંગ પ્રશસ્તિ' સહસ્રલિંગ સરોવરના કાંઠા ઉપર રચેલા કીર્તિસ્થંભ ઉપર કોતરવામાં આવી હતી. કીર્તિસ્તંભના અવશેષના બે પથ્થર અત્યારના પાટણના વીજળકૂવા વિસ્તારના એક મહાદેવના મંદિરની દીવાલ ઉપર જડેલા છે જેના પર પ્રશસ્તિના દસ જેટલા શ્લોક મળી આવ્યા છે. જેના ૭૬,૭૭,૭૯,૮૭ અને ૯૦ અંકો જોઈ શકાય છે. આ અંકો પરથી પ્રશસ્તિની લંબાઈ અંગે અનુમાન કરી શકાય.

હેમચંદ્રોત્તર સાહિત્યમાંથી રાણીની વાવ વિશેની જાણકારી મેળવવા ઇચ્છનારને નિરાશા જ સાંપડવાની. એ વાવ વિશે મેરુતુંગાચાર્યે 'પ્રબંધચિંતામણિ'માં ફક્ત એક પંક્તિની નોંધ આ પ્રમાણે કરી છે : 'રાણી

ઉદયમતિએ સહસ્રલિંગ કરતાં વધારે શોભાયમાન વાવ બંધાવી.' સંવત ૧૧૨૦ (ઈ. સ. ૧૦૬૪)માં ભીમદેવના મૃત્યુ પછી પતિની સ્મૃતિમાં રાણી ઉદયમતિએ આ વાવ બંધાવી હતી. એ વાવના નિર્માણ પછી લગભગ પચાસેક વર્ષે સહસ્રલિંગની રચના થઈ હશે એવું અનુમાન ઘટનાક્રમના આધારે કરી શકાય એમ છે. સહસ્રલિંગ સરોવરનાં વર્ણન અનેક ગ્રંથોમાં મળે છે અને એ સરોવર કરતાં વધારે શોભાયમાન વાવ વિશે કોઈ નિર્દેશ નથી ! આનું કારણ શું હોઈ શકે ? એનું કારણ એક જ હોઈ શકે – વાવનો નાશ થયો હોય, સંપૂર્ણ નાશ ન થયો હોય તો એના ઉપરના એક-બે માળ વાવમાં જ ધરબાઈ ગયા હોય અને વાવ કશા ઉપયોગની રહી ન હોય. પુરાતત્ત્વવિદ માઇકલ પોસ્ટલે તો એટલે સુધી કહ્યું છે કે વાવ બંધાયા પછી બે કરતાં વધારે દાયકા સુધી એ ઉપયોગમાં રહી નથી. વાવનાં પગથિયાંને એક મિલીમીટર જેટલો પણ ઘસારો લાગ્યો નથી એવું અવલોકન એમના આ તારણનો મુખ્ય આધાર છે. ઉપયોગિતાનો સમયગાળો જે હોય તે, પણ વાવ એના નિર્માણ પછી થોડાં જ વર્ષોમાં દર્શનીય સ્થળ તરીકે નહીં રહી હોય. અને એ કારણને લીધે જ ગ્રંથોમાં એનું વર્ણન જોવા મળતું નથી એવું માની શકાય.

આપણે કેટલાક હેમચંદ્રોત્તર ગ્રંથો અને ગ્રંથકારોની વાત કરી. જે ગ્રંથો અને ગ્રંથકારો બાકી રહ્યા એની સંખ્યા ઘણી મોટી છે. એના મિતાક્ષરી પરિચય માટે પણ એક સ્વતંત્ર ગ્રંથની રચના કરવી પડે.

(**મોહનલાલ પટેલ**, ૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ, ભાવનિર્ઝર પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫ મો. ૯૯૦૪૪૮૦૫૨૨)

## "ધર્માદાનું શી રીતે ખવાય ?"

રાધનપુર વિભાગમાં સખત દુકાળ પડ્યો હતો. અનાજ પૂરતું મળે નહીં. એટલે દર અઠવાડિયે ગોળ મફત આપવામાં આવતો ને ચણા વેચાતા.

ત્યાં પંચાસર ગામમાં ધૂળી કરીને એક કોળી બાઈ રહે. એનાથી સારી સ્થિતિના લોકો ગોળ મફત લે, પણ આ બાઈ ન લે. એને એક દીકરી. બંને મહેનત કરીને જીવે.

ધૂળીને એક દીકરો હતો, એ મરી ગયો. એ પછી એનો ધણી પણ મરી ગયો. એને ત્યાં બે બળદ હતા, ૨૫ વીઘાં જમીન હતી ને થોડા પૈસા હતા. બાઈએ બળદ વેચી દીધા, એના રૂપિયા છસો ઊપજ્યા. એ રૂપિયા ગામના વણિક ગૃહસ્થને આપીને કહ્યું : "શેઠ, મરનારનું ભલું થાય એવા કામમાં આ રૂપિયા વાપરો."

પેલા ગૃહસ્થે તેમાંથી બાજુના ગામમાં કૂવો ને હવાડો કરાવ્યા. એ પ્રદેશમાં મીઠું પાણી જવલ્લે જ નીકળે. પણ ઈશ્વરકૃપાએ અહીં મીઠું પાણી નીકળ્યું. લોકો ખુશ ખુશ થઈ ગયા.

પચાસ વીઘાં જમીન હતી. એ ધૂળીએ કૂતરાંને રોટલા ખાવા તથા પરબડીમાં આપી દીધી અને થોડા રૂપિયા હતા તેની ૩૩ તોલા ચાંદી લઈ રામજી મંદિરમાં ભગવાનનો મુગટ કરાવડાવ્યો. પોતાના ગામમાં એક પરબ પણ મંડાવી.

આ ધૂળીને મળવાનું થયું ત્યારે મેં પૂછ્યું, "બળદ કેમ વેચી દીધા ?"

"મા'રાજ, એમનું મારાથી ખવાય ? આ બળદ એમના હતા એટલે વેચી દીધા."

"જમીન દીકરીને આપી હોત તો ?"

"દીકરીને શું કામ આલું ? એ એનું નસીબ લઈને નહીં આવી હોય ?"

મેં આગળ પૂછ્યું : "તમે ગોળ કેમ નથી લેતાં ?"

"મા'રાજ, બધી મિલકત ધર્માદા કરી લીધી. હવે મારાથી ધર્માદાનું શી રીતે ખવાય ?"

મને થયું : આ બાઈમાં સર્વસ્વ અર્પણ કરવાની આ શક્તિ ક્યાંથી આવી હશે ? એટલી ઊંચી ધર્મબુદ્ધિ એણે ક્યાંથી પ્રાપ્ત કરી હશે ?

**રવિશંકર વ્યાસ (મહારાજ)**

# નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ

ડૉ. મફતલાલ પટેલ

આજે પ્રાથમિકથી માંડીને યુનિવર્સિટી કક્ષાના શિક્ષણ સામે સૌનો અસંતોષ જોવા મળે છે, આ દેશના કેળવણીકારો, સમાજશાસ્ત્રીઓ, રાજકારણીઓ તેમજ સામાન્ય લોકોએ પણ શિક્ષણમાં સુધારા કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો છે. સુધારો કેવી રીતે કરવો, ક્યાંથી કરવો તેની દિશાઓ કે માર્ગ સ્પષ્ટ થઈ શક્યા નથી. દેશ આઝાદ થયો ત્યારથી જ આ વિવાદ ચાલી રહ્યો છે. લૉર્ડ મેકોલેએ ઘડેલી શિક્ષણપ્રથાનું માળખું હજી પણ આપણે બદલી શક્યા નથી.

ભારતીય સમાજ આ તબક્કે ઘણા પડકારોનો સામનો કરી રહ્યો છે. ભારતીય નેતાઓ તથા સંતો હંમેશા સત્ય, જ્ઞાન, માનવતા, હિંમત, અડગતા, વિશ્વબંધુત્વ તથા પ્રેમનાં મૂલ્યોની પડખે રહ્યા છે પણ આ મૂલ્યોનું કેવી રીતે આચરણમાં ચરિતાર્થ કરી શકીએ ? આપણે કેવી રીતે સમાજમાં વ્યવસ્થા ઊભી કરી શકીએ ? ગરીબી અને બેકારી કેવી રીતે નાબૂદ થઈ શકે ? પર્યાવરણ, આતંકવાદ, ભ્રષ્ટાચાર, રાષ્ટ્રીય ભાવનાનો અભાવ વગેરે જેવા પ્રશ્નો આપણને મૂંઝવી રહ્યા છે. શિક્ષિત વ્યક્તિ પાસે આજે નૈતિકતાના ગુણો ઓછા જોવા મળે છે. વ્યક્તિવાદ વધતો જાય છે. પરિવારો તૂટતાં જાય છે. ટેકનોલોજીનો દુરુપયોગ થવા લાગ્યો છે. આજના શિક્ષણે માનવીના મસ્તિષ્કને માહિતી એકત્ર કરનારું મશીન બનાવી દીધું છે.

અમેરિકાની એક શાળાના સિદ્ધાંતવાદી આચાર્ય દર વર્ષે, શાળાના વાર્ષિક ઉત્સવમાં પોતાના શિક્ષકોને કહે છે, ‘‘વહાલા શિક્ષકો, કોઈએ ન જોયું હોય તેવું મારી આંખોએ જોયું છે. હું હિટલરના ગૅસ ચેમ્બરમાંથી બચી ગયેલાઓમાંનો એક છું. મેં જોયું છે કે ગૅસ ચેમ્બરો બનાવનારા ભણેલા એન્જિનિયરો હતા ! બાળકોને ઝેરનાં ઇંજેક્શન આપી મારી નાખનારા શિક્ષિત તબીબી હતા ! નવજાત શિશુઓને ગળું દબાવી રડતાં બંધ કરનારી તાલીમી નર્સો હતી ! સ્ત્રીઓને બંદૂકના નાળચે ફૂંકી દેનાર કે જલાવી દેનાર કૉલેજના ટેલેન્ટ સ્ટુડન્ટ હતા !... આથી હું શિક્ષણ વિશે શંકાશીલ બન્યો છું. હે શિક્ષકો ! મારી વિનંતી છે કે, આપના વિદ્યાર્થીઓને માણસ બનાવવામાં મદદ કરો. તમારો પુરુષાર્થ ક્યારેય સુશિક્ષિત શયતાનો ઊભા ન કરી મૂકે, તમારી બેપરવાઈ કેળવાયેલા ગુનેગારો પેદા ન કરવા માંડે, ભણેલા આઈકમાન (હિટલરના સૈન્યનો મુખ્ય કમાન્ડર) ન પકવે ! વાંચવું, લખવું, ગણવું એ અત્યારે જ મહત્ત્વનું બની રહેશે, જ્યારે તમે તમારા વિદ્યાર્થીઓને વધુ સંસ્કારી માનવ બનાવો.’’ આજે શિક્ષિત લોકો આ પ્રકારના બન્યા છે.

હવે આપણે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ એવી ઘડવા માગીએ છીએ કે શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી દરેક માનવી પાસે વ્યક્તિગત સમુદાયલક્ષી ને રાષ્ટ્રીય તેમજ વિશ્વ બંધુત્વનાં મૂલ્યો, આદર્શો ધરાવતો હોય.

નેલ્સન મંડેલાએ કહ્યું છે કે, ‘‘શિક્ષણ સૌથી શક્તિશાળી શસ્ત્ર છે, જેને તમે દુનિયામાં પરિવર્તનનો પવન ફૂંકવા ઉપયોગી કરી શકો છો.’’ નેલ્સન મંડેલાની વાત તદ્દન સાચી અને સ્પષ્ટ છે. યુવાન લોકશાહી રાષ્ટ્ર તરીકે ભારતમાં શૈક્ષણિક ક્ષેત્રમાં કૂદકે ને ભૂસકે વૃદ્ધિ થઈ રહી છે. આપણા યુવાનો પાસે ગજબની તાકાત રહેલી છે, પણ આજની મેકોલે શિક્ષણ પ્રથાએ આપણા યુવાનોની અસાધારણ માનસિક-શારીરિક તાકાતને કોચલામાં બંધ કરી દીધી છે, શિક્ષણ વ્યવસ્થામાં સુધારો કરવાની જરૂર છે અને જીવનકૌશલ્યના તાલીમ કાર્યક્રમ સાથે શાળાના અભ્યાસક્રમને સંવર્ધિત કરીને સમાજના અને રાષ્ટ્રના પડકારોને અસરકારક રીતે ઝીલવા યુવાનોને સક્ષમ બનાવવાની જરૂર છે. દેશના નાગરિક તરીકે બાળકના સર્વાંગી વિકાસ માટે મૂલ્ય આધારિત શિક્ષણ પણ જરૂરી બની ગયું છે.

તેમ છતાં આઝાદી પછી ભારતે શૈક્ષણિક ક્ષેત્રમાં ઘણી લાંબી સફર પસાર કરી છે. ઘણું બધું સિદ્ધ પણ કર્યું છે. ગુજરાતની વાત કરીએ તો ૧૯૬૧માં સાક્ષરતાનો દર ૩૯.૩૩ ટકા હતો તે ૨૦૧૧માં ૭૮.૦૩ ટકા થયો છે.

પણ શિક્ષણ દ્વારા આપણે માનવીને માનવ બનાવી શક્યા નથી. દેશની પ્રાચીન સંસ્કૃતિ, મૂલ્યો, આધારિત જીવન, નૈતિક શિક્ષણ, ધાર્મિક પરંપરાઓ, પ્રથાઓ, રીતભાત જે દેશના લોકોને એક તાંતણો જોડે છે, તે તમામ બાબતોથી વ્યક્તિ સુમાહિતગાર બને ને શિક્ષણ મેળવ્યા પછી પોતે પોતાનું જીવન બદલી શકે, જન્મથી મૃત્યુ સુધીની યાત્રાથી સચેત બની પોતાનું જીવન ધન્ય બનાવી શકે તેવા પ્રકારની નવી શિક્ષણનીતિ ઘડવી જોઈએ.

કોઈ પણ દેશે તેના શિક્ષણનું માળખું કેવું બનાવવું જોઈએ અને તેનો અમલ કેવી રીતે કરવો જોઈએ ? અત્યારે તમામ દેશ સ્વીકારે છે કે દરેક દેશના શિક્ષણના માળખાનાં મૂળિયાં તેની સંસ્કૃતિમાં હોવાં જોઈએ અને શિક્ષણના ઉદ્દેશમાં માનવજાતની પ્રગતિ હોવી જોઈએ. ભારતનો પોતાનો અનુભવ છે કે વિદેશી મૂળિયાં ધરાવતી શૈક્ષણિક પદ્ધતિઓથી દેશની ખરા અર્થમાં પ્રગતિ ન થઈ શકે. અંગ્રેજોએ શાસનના નીચલા સ્તરમાં તેમને ઉપયોગી થાય તેવા કારકૂનો પેદા કરવા ભારતમાં શૈક્ષણિક પદ્ધતિ બનાવી હતી. આઝાદી મળ્યા પછી ભારતની સ્વતંત્ર સરકારે આ પદ્ધતિ જાળવી રાખી હતી. હકીકતમાં અંગ્રેજોએ ભેટ ધરેલા શૈક્ષણિક માળખાનો સંબંધ આપણી સંસ્કૃતિ, આપણા ઇતિહાસ અને આપણી પરંપરાઓ સાથે નહોતો. હકીકતમાં કેટલાંક શાશ્વત માનવીય મૂલ્યો છે, કેટલીક સંસ્કૃતિઓ અને પરંપરાઓ છે, જે લોકોને પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે. આ મૂલ્યો અને પરંપરા જ ભારતીય ઉપખંડમાં વિવિધતામાં એકતાની મહેક ફેલાવે છે, તમામ ધર્મો અને પ્રદેશને એક તાંતણે બાંધે છે. એટલે આ મૂલ્યો અને પરંપરાઓનું જતન પારસ્પરિક આદાનપ્રદાન મારફતે થવું જોઈએ. વિવિધ સંસ્કૃતિ, ધર્મ અને પરંપરાનું આદાનપ્રદાન જ એકબીજાના મૂલ્યોને સમજવામાં, તેનો પ્રસાર કરવામાં, એકબીજા વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવામાં અને નવો ઓપ આપવામાં મદદ કરે છે. આ માટે માનવીય જીવનને શ્રેષ્ઠ બનાવવા અત્યારે સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ એક જ છે - શિક્ષણ.

શિક્ષણનો અંતિમ ઉદ્દેશ્ય એક વિસ્તૃત અર્થસભર સંદેશમાં આવી જાય છે. શિક્ષણ માનવીય મૂલ્યો સભર અને ચેતનવંતુ હોવું જોઈએ ! જ્યારે સ્વામી વિવેકાનંદે જણાવ્યું છે કે, 'શિક્ષણ મનુષ્યમાં રહેલી સંપૂર્ણતાની અભિવ્યક્તિ છે', ત્યારે તેઓ માનવીય જીવન, તેના લક્ષ્યાંકો, ઉદ્દેશો, પ્રક્રિયા અને ઉત્પાદનની સમગ્રતાને વ્યક્ત કરે છે. રવીન્દ્રનાથ ઠાકુરે શિક્ષણને મનુષ્ય અને સંસ્કૃતિના સંગમનું માધ્યમ ગણાવ્યું છે. તેમણે કહ્યું છે કે, ''સર્વોચ્ચ શિક્ષણ ફક્ત માહિતી જ આપતું નથી, પણ તમામ જીવો સંવાદિતા સાથે પ્રેમપૂર્વક જીવવાનું શીખવે છે.'' મહાત્મા ગાંધીએ વર્ષ ૧૯૦૯માં 'હિંદ સ્વરાજ' નામનું પુસ્તક લખ્યું હતું અને તેમાં તેમણે શિક્ષણ વિશે જણાવ્યું હતું કે, ''તે માણસે જ સાચું શિક્ષણ મેળવ્યું છે, જેનું શરીર તેના પોતાના વશમાં છે, જેનું શરીર શાંતિથી અને સરળતાપૂર્વક સુપરત કરેલું કામ કરી શકે છે. તે માણસે જ સાચી કેળવણી મેળવી છે, જેની બુદ્ધિ શુદ્ધ, શાંતિ અને ન્યાયી છે તેણે જ સાચું શિક્ષણ મેળવ્યું છે. જેનું મન કુદરતના કાયદાને સ્વીકારે છે અને જેની ઇન્દ્રિયો તેના પોતાના વશમાં છે, જેના મનમાં શુદ્ધ ભાવનાઓ છે, જેને નીચ કાર્યો પ્રત્યે ઘૃણા છે અને જે બીજાને પોતાના સમાન માને છે એવો માણસ જ ખરા અર્થમાં શિક્ષિત છે. તે જ કુદરતનો શ્રેષ્ઠ ઉપયોગ કરશે અને કુદરત તેના વડે તેનાં ઉત્તમ કાર્યો પાર પાડશે.''

સમગ્ર વિશ્વમાં આ પ્રકારના શિક્ષણની પદ્ધતિ વિકસાવવી જોઈએ અને આ પ્રયાસો જ સંસ્કૃતિના વિકાસનો સારો સંકેત છે. હક્સલીએ શિક્ષણની ઉત્કૃષ્ટતાના પરિણામનો સંકેત આપતાં કહ્યું છે કે, ''સુસભ્ય વ્યક્તિત્વ જ ઉત્ક્રાંતિનું શ્રેષ્ઠ પરિણામ છે.'' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ''માનવીય પ્રકૃતિ અને તેની સંભવિતતાઓનું સંશોધન હજુ શરૂ જ થયું છે. હજુ વણખેડાયેલી અનેક શક્યતાઓથી સભર નવી દુનિયા તેના કોલંબસની રાહ જુએ છે.'' ડૉ. રાધાકૃષ્ણનને વિસ્તૃત શિક્ષણની સંપૂર્ણતા આ શબ્દોમાં વ્યક્ત કરી હતી :

''શિક્ષણની અંતિમ નિપજ મુક્ત રચનાત્મક માણસ હોવો જોઈએ, જે ઐતિહાસિક સ્થિતિ, સંજોગો અને કુદરતનાં વિપરીત પરિબળો સામે લડી શકે છે.'' હાલના વૈશ્વિકરણના, સંવર્ધિત કનેક્ટિવિટીના, સાંસ્કૃતિક આદાન-પ્રદાનના અને પારસ્પરિક આર્થિક નિર્ભરતાના યુગમાં કોઈ પણ વ્યક્તિ કહી શકે કે અત્યારે દુનિયા જ્ઞાનરૂપી મૂડી પ્રત્યે પૂરતી સભાન નથી અને નાણાકીય સ્રોતો પેદા કરવા જ ધ્યાન કેન્દ્રિત કરે છે, પણ જે પોતાની આ મૂડીનું સંવર્ધન કરશે તે જ વ્યક્તિ પ્રગતિ કરશે. અત્યારે દુનિયા કુદરતે આપેલા સંસાધનોનો વિવેકસભર ઉપયોગ કરવાની સમજણ ધરાવતી નથી. આપણે આવા વિકાસને મૂલ્યવિહીન કહીએ છીએ, જે કુદરતી જળ

સ્રોતો, નદીઓનો નાશ કરે છે અને તેમાં આપણે આપણી ગંગામૈયાને પણ બાકાત રાખી નથી ! આ મૂલ્યોનું આ ધોવાણ છે, જે મનુષ્યની સંપૂર્ણ પ્રજાતિના અસ્તિત્વ માટે ખતરનાક નથી ? દુર્ભાગ્ય એ છે કે ભારત સહિત આખી દુનિયા સાક્ષરતાનો દર વધારવા અને પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણની મોટી સિદ્ધિઓ ધરાવવા પ્રયાસરત છે, ત્યારે આવી સ્થિતિ ઊભી થઈ રહી છે. આ સ્થિતિ શિક્ષણની પદ્ધતિને સુધારવાની અને તેના સંપૂર્ણતાના ઉદ્દેશને હાંસલ કરવાની તાતી જરૂરિયાત સૂચવે છે. નેલ્સન મંડેલાએ ટૂંકમાં આ વાતને સારી રીતે વ્યક્ત કરી છે : ''તમારે દુનિયામાં પરિવર્તનનો પવન ફૂંકવો હોય તો શિક્ષણ સૌથી અસરકારક માધ્યમ છે.'' દુનિયામાં પરિવર્તનનો પવન ફૂંકાવા શિક્ષણ તન અને મનના વિકાસનું માધ્યમ બનવું જોઈએ તેમજ વ્યક્તિમાં હકારાત્મક જુસ્સો પ્રેરિત કરે તેવું હોવું જોઈએ. વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ માટે પારિવારિક, સામુદાયિક અને શૈક્ષણિક સ્તરે પહેલ જરૂરી છે.

નવી શિક્ષણનીતિ ઘડવી હોય ત્યારે આપણે મહાત્મા ગાંધીજીને ભૂલી શકાય નહિ, આજે પણ ગાંધીજી પ્રત્યે લોકોને અપાર શ્રદ્ધા છે. ગાંધી એ ભારતીય માનવીઓનું પ્રેરણાબળ હૃદય છે. તેઓએ પોતાના જીવન મારફતે કરોડો ભારતીયોને મૂલ્ય આધારિત પ્રેરણા આપી હતી. જરૂરિયાતમંદોને સેવા કરવાની ભાવના જગાવી હતી. દેશ અને દેશવાસીઓ માટે સર્વસ્વ ત્યાગ કરવા તૈયાર રહેવાનો જુસ્સો જગાવ્યો હતો. તે વખતે સાક્ષરતા ઓછી હતી ને પ્રિન્ટ મીડિયા ને પ્રચાર-પ્રસારનાં સાધને નહિવત્ હોવા છતાં ગાંધીવાદી વિચારો અને મૂલ્યોનો સંદેશ દેશના ખૂણે ખૂણે પહોંચાડવાનું કાર્ય શિક્ષકોએ કર્યું હતું.

મહાત્મા ગાંધી મહાન દીર્ઘદ્રષ્ટા હતા અને સમાજને મૂલ્યોના ધોરણનું શું પરિણામ ભોગવવું પડશે તે જોઈ શકતા હતા. તેમણે વર્ષ ૧૯૨૫માં 'યંગ ઇન્ડિયા'માં સાત સામાજિક પાપ વિશે જણાવ્યું હતું. જે નીચે મુજબ છે : (૧) નૈતિકતા વિનાનો વેપાર (૨) ચરિત્ર વિનાનું શિક્ષણ (૩) વિવેક વિનાનો આનંદ (૪) સિદ્ધાંતો વિનાનું રાજકારણ (૫) માનવતા વિનાનો સમાજ (૬) મહેનત વિનાની સંપત્તિ (૭) સેવા વિનાની પૂજા.

આ સાત પાપ દરેક દેશના આયોજકો અને અમલકર્તાઓ માટે દીવાદાંડી સમાન છે. ભારતે સમજવાની જરૂર છે કે જ્યાં સુધી મૂલ્ય-આધારિત સમાજનું નિર્માણ કરવાની દિશામાં હરણફાળ નહીં ભરે, ત્યાં સુધી તેનું સમગ્ર વિશ્વનું આધ્યાત્મિક નેતૃત્વ કરવાનું સ્વપ્ન પૂર્ણ નહીં થાય.

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ ગાંધીજીના સિદ્ધાંતો આધારિત ઘડાવી જોઈએ. દરેક વ્યક્તિ, દરેક વ્યાવસાયિક, દરેક માતા-પિતા ભારતમાં પરિવર્તનનો પવન ફૂંકવા પોતાની ભૂમિકા સમજે તે દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારે વ્યક્તિએ પોતે પણ બદલાવું પડશે, સમુદાયે દેશની ચિંતા પોતાના વ્યક્તિગત જીવન જેટલી કરવી પડશે. વ્યક્તિને એવું વિચારવા પ્રેરિત કરીએ કે મેં આજે બીજા લોકો માટે શું કર્યું, મેં આજે મારા સમુદાય અને મારા દેશ માટે શું કર્યું અને આજે મેં કઈ ભૂલો કરી છે. આ રીતે જ વ્યક્તિગત સુધારો થશે અને નાગરિકોમાં નેતૃત્વના ગુણો ખીલશે. ઘર, શાળા અને વ્યવસાય કે નોકરીની જગ્યાએ રચનાત્મક અર્થસભર વાતાવરણ ઊભું કરવાનું કાર્ય શિક્ષણનું છે, ને ગાંધીજીના આદર્શોને કાર્યો ભારતીયોને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવશે.

આજે મીડિયા, ઇન્ટરનેટ અને પ્રચાર માધ્યમોના લીધે વિશ્વમાં બનતી તમામ ઘટનાઓથી વ્યક્તિ માહિતગાર બનતો જાય છે. વિશ્વ સાથે શિક્ષિત વ્યક્તિ તાદાત્મ્યતા ધરાવતો થયો છે, ટેકનોલોજીના કારણે વિદ્યાર્થી વિશ્વ નાગરિક બનતો જાય છે, જેથી શિક્ષણમાં વિદ્યાર્થી વૈશ્વિક રીતે જવાબદાર નાગરિક બની શકે અને તેમનું સંપૂર્ણ વ્યક્તિત્વ ખીલે તેવા પ્રકારના શિક્ષણનો સમાવેશ જરૂરી છે. હવે વિદ્યાર્થીને મોબાઈલ, ઇન્ટરનેટ કે અંગ્રેજી ભાષાથી દૂર રાખી શકાશે નહિ. આ બધાં સાધનો વિદ્યાર્થીઓને જ્ઞાન પ્રાપ્તિ માટે અનિવાર્ય બની ચૂક્યાં છે તેમ છતાં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં પ્રાથમિક કક્ષાએ શિક્ષણના માધ્યમની ભાષા માતૃભાષા જ રહેવી જોઈએ. વિશ્વના તમામ દેશોમાં બાળકોને માતૃભાષામાં જ શિક્ષણ અપાય છે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ ઘડતાં આપણે માતૃભાષાને સ્થાન નહિ આપીએ તો દેશની પાયાની સંસ્કૃતિથી બાળકોને અલિપ્ત રાખીશું ને લાંબાગાળે તેનું પરિણામ ખતરનાક સાબિત થશે.

('અચલા' માર્ચ-૨૦૧૬માંથી સાભાર
૩૫, સ્વામી ગુણાતીતનગર સોસાયટી મેમનગર,
અમદાવાદ - ૩૮૦૦૫૨
ફોન ૦૭૯-૨૭૪૯૩૫૫, ૨૭૪૯૩૨૯૨૭)

# નવી શિક્ષણનીતિ : ૨૦૧૫-૧૬ : કેટલાંક મંતવ્યો

મણિભાઈ પ્રજાપતિ

આઝાદી બાદ શિક્ષણ સુધારણા અર્થે સરકાર દ્વારા વખતોવખત શિક્ષણપંચો, સમિતિઓ, કાઉન્સિલો વગેરેની નિમણૂક કરવામાં આવતી રહી છે. આ પૈકી ડૉ. રાધાકૃષ્ણનના ચેરમૅનપદે યુનિવર્સિટી એજ્યુકેશન કમિશન (૧૯૪૮-૪૯) ડૉ. મુદલિયારના ચેરમૅનપદે સેકન્ડરી એજ્યુકેશન કમિશન (૧૯૫૨-૫૩), યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન - UGC (૧૯૫૩), નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન, રિસર્ચ ઍન્ડ ટ્રેઇનિંગ - NCERT (૧૯૬૧), ડૉ. કોઠારીના ચેરમૅન પદે એજ્યુકેશન કમિશન (૧૯૬૪–૬૬), નેશનલ પોલિસી ઓન એજ્યુકેશન (૧૯૬૮) નેશનલ પોલિસી ઓન એજ્યુકેશન (ન્યૂ) (૧૯૮૬), સંવર્ધિત એજ્યુકેશન પોલિસી (૧૯૯૨), નૅશનલ એસેસમેન્ટ ઍન્ડ એક્રિડિટેશન કાઉન્સિલ - NAAC (૧૯૯૪) અને અન્ય વિવિધ કાઉન્સિલો, સર્વ શિક્ષા અભિયાન (૨૦૦૦–૨૦૦૧), રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન - RMSA (૨૦૦૯), શિક્ષણનો અધિકાર - RTE (૨૦૦૯), રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન - RUSA (૨૦૧૩) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. અને હવે કેન્દ્ર સરકાર 'નવી શિક્ષણ નીતિ' (૨૦૧૫–૧૬) ઘડવા માટે કૃતનિશ્ચયી થઈ છે. આટલા અર્થસભર પ્રયાસો છતાં પણ આપણી શિક્ષિણ નીતિ ચર્ચાસ્પદ રહી છે. આઝાદીનાં ૬૮ વર્ષ બાદ પણ આજે આપણે મેકોલેના પ્રભાવ હેઠળ છીએ તેમ સ્વીકારીએ છીએ. પરંતુ પ્રશ્ન એ છે કે સ્વતંત્રતા બાદ મેકોલેની નીતિમાંથી બહાર નીકળી જવા માટે આપણા હાથ તો કોઈએ બાંધ્યા નથી. આમ છતાં કેમ દૂરંદેશિતાપૂર્ણ નીતિનું હિંમતપૂર્વક ઘડતર કરીને તેનો ચુસ્ત અમલ કરી શકતા નથી ? હકીકતમાં વિવિધ પંચોની ભલામણો ઉત્તમ છે જ, પરંતુ તેનો અમલ કરવામાં આવતો નથી. આ સંદર્ભે નીતિનિર્ધારકો, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો, શિક્ષણવિદો અને તેના તમામ સહભાગીઓ (Stakeholders) એ ગંભીરપણે સહચિંતન કરીને તેના ફલિતાર્થો અમલમાં મૂકવા સંકલ્પ કરવો જોઈએ. એક બાજુ આપણે ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતાના ગુણાનુવાદ કરવાની સાથે સાથે કહેતા રહીએ છે અને હકીકત પણ છે કે આપણા ઇતિહાસને બ્રિટિશ તથા મુસ્લિમ ઇતિહાસકારોએ વિકૃત કરી નાખ્યો છે તે ભણાવવામાં આવી રહ્યો છે. હવે જ્યારે કેન્દ્ર સરકાર આ સંદર્ભે સુધારા કરવા કટિબદ્ધ છે ત્યારે કેટલાક સમૂહો વિરોધ કરવા ખાતર 'શિક્ષણનું ભગવાકરણ' કે 'અસહિષ્ણુતા'ના નામે વિરોધનો વંટોળ ઊભો કરી રહ્યા છે.

ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલય દ્વારા પ્રવર્તમાન શાળાશિક્ષણ અને ઉચ્ચશિક્ષણમાં નક્કર સુધારણા અર્થે 'નવી શિક્ષણ નીતિ : ૨૦૧૫–૨૦૧૬' અમલમાં મૂકવાનો મૂળભૂત ઉદ્દેશ : 'To meet the changing dynamics of the population's requirement with regards to quality education, innovation and research, aiming to make India a knowledge superpower by equipping its students with the necessary skills and knowledge and to eliminate the shortage of manpower in science, technology, academics and industry'' અર્થાત્ ''ભારતની પ્રજાની ગુણવત્તાપૂર્ણ શિક્ષણ, નવવિચાર અને સંશોધન સંદર્ભેની પરિવર્તિત થતી જતી ગતિશીલતા - ક્રિયાશીલતાને પહોંચી વળવા તેમજ ભારતને જ્ઞાનસમૃદ્ધ મહાશક્તિ બનાવવાના ઉદ્દેશની પરિપૂર્તિ માટે વિદ્યાર્થીઓને જરૂરી કળાકૌશલ્યો અને જ્ઞાનથી સુસજ્જ કરીને વિજ્ઞાન, ટેકનોલોજી, શિક્ષણ અને ઉદ્યોગ ક્ષેત્રે માનવબળની અછતમાંથી છુટકારો મેળવવો.''ની પરિપૂર્તિ અર્થે ભારત સરકારના પૂર્વ કેબિનેટ સચિવ શ્રી ટી.એસ.આર. સુબ્રમણિઅનના ચેરમૅનપદે દિલ્હી સરકારના પૂર્વ મુખ્ય સચિવ શ્રી શેલજા ચન્દ્ર, ગુજરાત

સરકારના પૂર્વ મુખ્ય સચિવ શ્રી સુધીર માંકડ વગેરેની સમિતિ નિયુક્ત કરવામાં આવી છે. આ સમિતિએ શિક્ષણ સાથે સંકળાયેલા વિવિધ સહભાગીઓ (stakeholders) પાસેથી સમગ્રદેશમાંથી - ગ્રામ્ય સ્તરથી રાજ્ય સુધી તથા જાહેર જનતા, શિક્ષણવિદો, અધિકારીઓ, વિદ્યાર્થીઓ વગેરે પાસેથી - નવી શિક્ષણ નીતિ કેવી હોવી જોઈએ અને પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલીમાં શું સુધારા કરવા જોઈએ તે માટે સૂચનો મંગાવ્યાં છે. આ માટે શાળાશિક્ષણ સંદર્ભે ૧૩ અને ઉચ્ચશિક્ષણ સંદર્ભે ૨૦ મુદ્દાઓ અને તેના પ્રત્યેક મુદ્દા સંદર્ભે વિચાર-વિમર્શ માટે સંભવિત પ્રશ્નોની યાદી તૈયાર કરીને ઇન્ટરનેટ ઉપર સૌ માટે સુલભ કરી આપવામાં આવી છે. આ એક સાચી દિશાની પહેલ અને પદ્ધતિસરનું સર્વેક્ષણ છે.

આ જાહેર અપીલનો પ્રતિસાદ પાઠવવા માટે આપણા ઉત્સાહી અને કર્મઠ શિક્ષણવિદ્ તથા શિક્ષણ ક્ષેત્રે કંઈક કરી છૂટવાની ઉદાત્તભાવના ધરાવતા ડૉ. મફતલાલ પટેલ દ્વારા તેમના દ્વારા સ્થાપિત 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ' ના ઉપક્રમે **'નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૧૫'** સંદર્ભે ગુજરાતના શિક્ષણવિદોને આમંત્રીને એક પરિસંવાદનું આયોજન અમદાવાદમાં તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત પરિસંવાદનું ઉદ્‌ઘાટન રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે સમાપન સમારોહની અધ્યક્ષતા ગુજરાતના રાજ્યપાલ મહામહિમ શ્રી ઓમપ્રકાશ કોહલીજી એ શોભાવીને તેમણે પોતાના સુચિંતનીય ઉદ્‌બોધનમાં કોઠારી કમિશનની ભલામણોના અમલ સંબંધી તેમજ શિક્ષણક્ષેત્રના પોતાના અન્ય અનુભવો જણાવવાની સાથે પીએચ.ડી. ડિગ્રી હેતુની ફેક્ટ્રીઓ સંદર્ભે ચિંતા પણ વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે શિક્ષણ ક્ષેત્રે રચનાત્મક પ્રયોગો કરતા રહેવાની અપીલ કરીને 'સંસ્કૃત ભારતી' દ્વારા કરવામાં આવતા સંસ્કૃત પ્રચાર-પ્રસારની સરાહના કરી હતી, તેમજ શિક્ષણના સૌ સહભાગીઓએ શિક્ષણમાં ગુણવત્તા લાવવા શું કરવું જોઈએ તે સંબંધી કેટલાંક વ્યવહારુ સૂચનો તરફ અંગુલિનિર્દેશ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ડૉ. મફતભાઈ પટેલ સદર ટ્રસ્ટના માધ્યમથી પ્રતિવર્ષ અવનવા વિષયો સંદર્ભે પરિસંવાદોનું આયોજન કરવા ઉપરાંત ગુજરાતના પસંદગીના શ્રેષ્ઠ શિક્ષકોને પુરસ્કૃત કરવાનું તથા શિક્ષણ અને સમાજસેવા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનારને 'સારસ્વત ઍવૉર્ડ' એનાયત કરીને સન્માનિત કરવાનું ઉમદા કાર્ય કરે છે.

'નવી શિક્ષણ નીતિ ૨૦૧૫-૨૦૧૬' સંદર્ભે આયોજિત પ્રસ્તુત પરિસંવાદમાં ચર્ચાયેલાં તથા અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ડૉ. મફતલાલ પટેલના તંત્રીપદે પ્રકાશિત 'અચલા' સામયિકના 'નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ - ૨૦૧૫ વિશેષાંક', વર્ષઃ૧૪, અંક-૮, માર્ચ-૨૦૧૫માં પ્રકાશિત લેખોના માધ્યમથી રજૂ થયેલાં મંતવ્યો પૈકી કેટલાંક નોંધપાત્ર મંતવ્યો અને આ લખનારને યોગ્ય જણાયાં તે મંતવ્યો નીચે મુજબ છે. :

### શાળાશિક્ષણ

**૧. અભ્યાસક્રમ :**

- બાળકનો સર્વાંગી વિકાસ થાય, સાચો અને સારો નાગરિક બને તેવું મૂલ્યવર્ધિત સર્વગ્રાહી શિક્ષણ આપવું.
- યોગ, વ્યાયામ એ રમત-ગમતો શિક્ષણ વગેરેનું ફરજિયાત
- વિવિધ લલિતકળાઓનું અધ્યાપન
- માધ્યમિક શિક્ષણમાં ઉદ્યોગલક્ષી અર્થાત્ સુથારી, લુહારી, ઇલેક્ટ્રિક, ઇન્ફરમેશન કમ્યુનિકેશન ટેકનોલોજી વગેરે અનેકવિધ વ્યવસાયિક અભ્યાસક્રમો શરૂ કરવા તથા સંભવિત રોજગારીની તકોનાં ક્ષેત્રો શોધીને તદઅનુસાર નવા અભ્યાસક્રમો તૈયાર કરવા અને તેમાં ખાનગી ક્ષેત્રોને સાંકળવાં
- શિક્ષણ સાથે શ્રમકાર્યનું આયોજન
- હૈયું, મસ્તક, હાથ અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું યથાર્થ સંયોજન કરવું
- રાષ્ટ્રભક્તિ પ્રથમ પછી જ સંબંધિત સમાજ. ધર્મના ઓઠા હેઠળ રાષ્ટ્રની અવગણના ન થવી જોઈએ
- પછાત વિસ્તારોમાં બાળકોને સ્થાનિક બોલીમાં શિક્ષણ આપવું તથા શિક્ષકો બાળકોના સતત સંપર્કમાં રહે તેવી વ્યવસ્થા.
- શિક્ષણશાસ્ત્રીઓ પાસે ભારતીય બંધારણ, લોકશાહી, માનવવાદ, આરોગ્યપ્રદ, જીવનશૈલી, ચારિત્ર્યઘડતર, વાણી સ્વાતંત્ર્ય વગેરે વિષયક સામાન્ય જ્ઞાનનાં પુસ્તકો તૈયાર કરાવી ધોરણ ૭થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓને પૂરક અભ્યાસક્રમ તરીકે ભણાવવાં.
- પ્રાથમિક શિક્ષણનાં બાળકોના માનસિક વિકાસ માટે

સપ્તાહમાં એકાદ કલાક બધા જ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓની ઉપસ્થિતિમાં સાભિનય વાર્તા, નાના પ્રસંગો / ઘટનાઓની અભિવ્યક્તિ, પુસ્તકપ્રદર્શન, ઉત્તમ પુસ્તકો સંબંધી વાર્તા વગેરેનું આયોજન

- બાળકોના દફતરનો ભાર હળવો કરવો

**૨. કન્યાશિક્ષણ :**

- અંતરિયાળ ગામડાંઓમાં અને સવિશેષતઃ અનુસૂચિત જાતિઓ, જનજાતિઓ, પછાતવર્ગો, અલ્પ સંખ્યકો વગેરે સમાજોમાં કન્યાશિક્ષણ માટે પગલાં લેવાં.

**૩. ગ્રંથાલય :**

- શાળાશિક્ષણ માટે શિક્ષણની ફરજિયાત આવશ્યકતા સ્વીકારવામાં આવી છે તે જ ધોરણે પ્રાથમિક તથા માધ્યમિક । ઉચ્ચમાધ્યમિક શાળાઓમાં પ્રશિક્ષિત ગ્રંથપાલની ફરજિયાતપણે નિમણૂક કરી શિક્ષણપૂરક એવી પ્રવૃત્તિઓથી હર્યાંભર્યાં ગ્રંથાલયોની પ્રસ્થાપના અને નિર્વાહ કરવો.
- વર્ગખંડ ગ્રંથાલયની સગવડ ઊભી કરી બાળકોને પુસ્તક-પ્રેમી- સારા વાચકમાં પરિવર્તિત કરવાં

**૪. જાહેર રજાઓ :**

- રાષ્ટ્રીયપર્વોના દિવસે શાળા-કૉલેજો–યુનિવર્સિટીઓમાં જાહેર રજા ન રાખતાં તે દિવસોએ રાષ્ટ્રીયતાનાં બીનું વાવેતર કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન
- વિજ્યાદશમી પર્વની સાંસ્કૃતિક આઝાદીના પર્વ તરીકે ઉજવણી કરવી.
- રાષ્ટ્રીયપર્વોના દિવસે શિક્ષકો ફરજિયાત ફરજ ઉપર હાજર રહેવા જોઈએ.

**૫. પરીક્ષાપદ્ધતિ :**

- પ્રાથમિક શિક્ષણમાં કોઈ પરીક્ષા નહીં
- સાત ધોરણના અભ્યાસ બાદ પરીક્ષા લેવાવી જોઈએ અને તેમાં વિદ્યાર્થી પાસ થાય તો જ આઠમા ધોરણમાં પ્રવેશ આપવો.
- પરીક્ષાપદ્ધતિમાં સુધારણા કરી ગુણના બદલે ગ્રેડપ્રથા તેમજ સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ અપનાવવી
- પરીક્ષા પદ્ધતિ ગોખણવૃત્તિને પ્રોત્સાહિત કરે તેવી છે તેથી તેમાં આમૂલ પરિવર્તન જરૂરી.
- વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો માનસિક ભય અને ભારણ ઘટે તેવું આયોજન કરવું.

**૬. મધ્યાહ્‌ન ભોજન :**

- મધ્યાહ્‌ન ભોજન યોજના ઉચ્ચતર માધ્યમિક સુધી વિસ્તારવી.

**૭. મુક્તશાળા :**

- રાષ્ટ્રીય મુક્ત શાળાઓ અંગેની જાણકારીનો પ્રાયઃ અભાવ હોવાથી તેનો લાભ ઓછા લોકો લેતા હોય છે તેથી તેનો પ્રચાર-પ્રસાર જરૂરી.

**૮. વાલીઓ / શિક્ષણવિદોની જાગૃતિ :**

- બાળક નિયમિત શાળાએ જાય છે ? ગૃહકાર્ય કરે છે ? વાંચન કરે છે. વગેરે માટે જવાબદાર વાલી તરીકેની જાગૃતિ આવશ્યક.
- પોતાના પાલ્યની શાળાની પ્રસંગોપાત્ત મુલાકાત લેવી.
- જે તે ગામ / નગરના શિક્ષણવિદોએ પોતાની નૈતિક ફરજના ભાગ તરીકે પોતાની આસપાસની શાળાઓની પ્રસંગોપાત્ત મુલાકાત લેવી, તેમજ શાળા દત્તક લેવી

**૯. શાળા મૂલ્યાંકન :**

- શાળાનું પ્રતિવર્ષ સમગ્રલક્ષી તટસ્થતાપૂર્ણ મૂલ્યાંકન, જેમાં શાળાનું પરિણામ, શિક્ષકોની પ્રયોગશીલતા, વાચન, વિદ્યાર્થીઓ અને વાલીઓના અભિપ્રાયો વગેરે માપદંડોનો આધાર લઈ શકાય.
- આંગણવાડીઓ / બાલવાડીઓનું સઘન નિરીક્ષણ કરવું. ઉભડક નિરીક્ષણ પ્રથા બંધ કરવી.

**૧૦. શિક્ષકો :**

- શિક્ષકમાં પ્રામાણિકતા, નિયમિતતા, નિષ્ઠા, હકારાત્મક વલણ, ક્ષમતા, વગેરે ગુણો અનિવાર્ય છે. બીજા શબ્દોમાં શિક્ષકનાં વાણી અને વર્તન રોલ-મોડેલ હોવાં જોઈએ.
- શિક્ષક વાચન–સમૃદ્ધ–ગ્રંથપ્રેમી હોવો જોઈએ.
- શિક્ષકોની ભરતી નિયમનુસાર પૂરા પગારથી કરવી અને કોઈ અસક્ષમ વ્યક્તિ શિક્ષક ન બની જાય તેની કાળજી રાખવી.
- શિક્ષક અને ગૃહપતિ સમાજના ક્રાંતિવીરો હોવાથી પોતાના વર્ગકાર્ય–ધર્મકાર્યને સમર્પિત હોવા જોઈએ.
- સેવાકાળ દરમિયાન સાર્થક પ્રશિક્ષણની પ્રસંગોપાત્ત સુચારુ વ્યવસ્થા કરવી.
- શિક્ષકની ટીકા નહીં તેને ટેકાની જરૂર છે.

- શિક્ષકોની સમયાંતરે બદલી અને નોકરીના સ્થળે ફરજિયાત નિવાસ.
- પે-સેન્ટરની શાળામાં કારકૂનની નિમણૂક કરવી.
- શિક્ષકોને શિક્ષણેતર જવાબદારીઓમાંથી મુક્ત કરવા.

**૧૧. શિક્ષણનું માધ્યમ અને ભાષાશિક્ષણ :**

- પ્રાથમિક શિક્ષણનું માધ્યમ માત્ર માતૃભાષામાં જ.
- રાષ્ટ્રભાષાને ફરજિયાત મહત્ત્વ આપવું.
- ભાષાઓના શિક્ષણનું અસરકારક માળખું ઘડવું અનિવાર્ય છે. અન્યથા માતૃભાષા અને રાષ્ટ્રભાષાનું અસ્તિત્વ જોખમાશે. માતૃભાષા દ્વારા સાંસ્કૃતિક એકીકરણને સવિશેષ પ્રોત્સાહન મળી શકે તે ધ્યાને રહેવું જોઈએ.
- ગણિત–વિજ્ઞાન વગેરે વિષયોમાં પણ ભાષાકીય અશુદ્ધિઓ ન ચલાવવી જોઈએ.
- ધોરણ–૧૨ પછીના અભ્યાસક્રમો માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માતૃભાષામાં લેવી.
- જેમની માતૃભાષા અંગ્રેજી નથી તેવાં બાળકોને આંગણવાડીથી અંગ્રેજી ભાષા શીખવડાવવાનો અભિગમ અયોગ્ય.
- ધોરણ–૧૨ સુધી શિક્ષણનું માધ્યમ કોઈ પણ ભાષા હોય પરંતુ માતૃભાષા ઉચ્ચસ્તરનું ફરજિયાત શિક્ષણ.
- સઘન અંગ્રેજી શિક્ષણ પૂરું પાડવું.
- વૈધિક શિક્ષણની સાથે ફુરસદના સમયમાં વિશ્વની ભાષાઓ શીખવવાની સગવડ
- ધોરણ–૧૦ સુધી ચાર ભાષાઓનું શિક્ષણ આપવું જોઈએ તથા કોઈ સ્પેશયલાઈઝેશન નહીં.

**૧૨. શિક્ષણ વ્યવસ્થા :**

- 'પ્રથમ'ના શૈક્ષણિક અહેવાલો અર્ધસત્યવાળા અને ગેરમાર્ગે દોરે છે. ઉદ્યોગોનાં કાટલાંથી શિક્ષણ ન માપી શકાય.
- સામાન્ય મજૂરી કરીને નિર્વાહ કરતા કે જેમની પાસે પાન કાર્ડ નથી તેમનાં બાળકોને મફત શિક્ષણ આપવું.
- ગરીબો માટે સરકારી શાળા / કૉલેજો અને ધનિકો માટે વૈભવી શાળા / કૉલેજોથી સમાજમાં અસમાનતા ઊભી થઈ રહી છે તેથી સરકાર દ્વારા સંચાલિત શાળા / કૉલેજોમાં મેરિટના આધારે પ્રવેશપ્રથા અપનાવી એક સમાન તકો સૌને ઉપલબ્ધ કરાવવી. સ્વવિત્ત ધોરણે શાળાઓ ચલાવવી નહીં.
- અભ્યાસક્રમ ઘડતરમાં IAS લાંબીનો કોઈ ચુંચપાત ન જોઈએ, પરંતુ તેના અમલીકરણ માટે ભલે તેમની સેવાઓ લેવાય.
- શિક્ષણ વિભાગના વડા માટે IAS ની માફક IES = Indian Education Service ની સ્થાપના કરવી.
- ગાઇડો અને ટ્યૂશન ક્લાસિસ ઉપર પ્રતિબંધ.
- એક વર્ગખંડમાં મહત્તમ ૫૦ વિદ્યાર્થીઓની સંખ્યા.
- ગુરુકુળ આધારિત શિક્ષણ પ્રણાલી ગોઠવવી.

## ઉચ્ચ શિક્ષણ

**૧. અધ્યાપકો / ગ્રંથપાલો :**

- કૉલેજ / યુનિવર્સિટીમાં માત્ર અને માત્ર પ્રખર બૌદ્ધિક વ્યક્તિઓની જ અધ્યાપકો / ગ્રંથપાલો તરીકે પસંદગી કરવી. અને આ માટે માર્કશીટ / પ્રમાણપત્રો ઉપરાંત તેના સાચા મૂલ્યાંકન માટે વિવિધ સ્તરીય પ્રવિધિઓ અપનાવીને પસંદગી કરવી જોઈએ. કોઈ સંજોગોમાં સામાન્ય સ્તરના વ્યક્તિની પસંદગી ન જ થવી જોઈએ.
- એકેડેમિક સ્ટાફ ટ્રેનિંગ કૉલેજો દ્વારા આયોજિત ઓપવર્ગો / રિફ્રેસર કોર્સ દ્વારા અધ્યાપકો ખરા અર્થમાં પ્રશિક્ષિત થાય, કંઈક મેળવે અને તાજાતરોર બને તેવા પ્રયાસો અપેક્ષિત છે. હાલની પ્રથા કર્મકાંડ સમાન હોવાથી સંતોષકારક નથી.
- સરકાર દ્વારા નવી સરકારી કૉલેજો ખોલવાની પ્રથા આવકાર્ય છે, પરંતુ તેમાં આચાર્ય / અધ્યાપકો / ગ્રંથપાલની ભરતી પ્રતિ ભારે ઉપેક્ષાભર્યું વલણ શિક્ષણમાં હાનિકારક નીવડી રહ્યું છે.
- અધ્યાપકની શૈક્ષણિક પ્રગતિ સંતોષકારક ન હોય તો શિક્ષા કરવી.
- અધ્યાપકોની પસંદગીમાં ISSN નંબરવાળાં જર્નલ્સમાં પ્રકાશિત લેખને કે ISBN વાળાં પુસ્તકોને જ માન્ય ગણવાની પ્રથા બંધ કરવી. ધ્યાને રહે કે આ નંબરો પ્રકાશનનો સ્થાન નિર્દેશ કરે છે નહીં કે ગુણવત્તા.

**૨. અનામત પ્રથા, સ્કૉલરશિપ અને લોન :**

- કોઈ પણ જાતિને ધ્યાને લીધા સિવાય આર્થિક રીતે જરૂરતમંદ પરિવારના વિદ્યાર્થીઓને ફી માં રાહત / વ્યાજ મુક્ત લોનની સગવડ.

- આર્થિક રીતે સદ્ધર અને વર્ગ ૧ અને ૨ ના સરકારી તથા તેની સમકક્ષના બિનસરકારી એસસી / એસટીના અનામત વર્ગનાં કર્મચારીઓનાં તથા અનામત વર્ગના ધનાઢ્ય પરિવારોનાં બાળકોને અનામતપ્રથાનો લાભ બંધ કરવો.
- સામાજિક અને આર્થિક પછાત વર્ગમાં સમાવિષ્ટ જાતિઓનું પુનઃ મૂલ્યાંકન કરી આર્થિક અને સામાજિક રીતે સમૃદ્ધ જાતિઓને તેમાંથી બાકાત કરવી.
- અનુસૂચિત જાતિ કે જનજાતિ સિવાય અન્ય વર્ગો માટે હાલની અનામતપ્રથા ક્રમશઃ બંધ કરી માત્ર ગુણવત્તાના આધારે પ્રવેશ આપવો / નોકરીમાં પસંદગી કરવી.

### ૩. ઉદ્યોગો સાથે જોડાણ અને રોજગારલક્ષી અભ્યાસક્રમો :

- શિક્ષણને રોજગારી સાથે જોડવું જોઈએ તથા રોજગારી આપતા ખાનગી ઉદ્યોગો સાથે યુનિવર્સિટીઓએ જોડાણ કરવું.
- રોજગારલક્ષી શાળા–કૉલેજો– માત્ર ટેક્નિકલ કૉલેજો નહીં પરંતુ નાના-મોટા ઉદ્યોગો, વેપાર વગેરેમાં ઉપયોગી નીવડે તેવી ઊભી કરવી.
- ધોરણ-૧૨ પાસ કરનાર બધાંને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ આપવાના બદલે ઉચ્ચ શિક્ષણ માટે સુયોગ્ય હોય તેમને જ પ્રવેશ આપવો.
- કન્યાઓ પોલિટેક્નિકોમાં જોડાય અને તેમના માટે છાત્રાવાસ, શિષ્યવૃત્તિ, સલામતી વગેરેની વ્યવસ્થા કરવી.

### ૪. કાઉન્સિલો :

સરકાર દ્વારા સ્થાપિત વિવિધ કાઉન્સિલો આદર્શ તરીકે નહીં પરંતુ વ્યવહારમાં સ્વાયત્ત અને નિષ્પક્ષ રીતે કાર્ય કરતી હોવા ઉપરાંત રાજકીય પ્રભાવ તથા ભ્રષ્ટાચારથી મુક્ત હોવી જોઈએ.

- કોઈ એક જ સંસ્થા ઉપર એક યા બીજા હેતુસર એકથી વધુ કાઉન્સિલોનાં નિયંત્રણો દૂર કરી સિંગલ વિન્ડો પદ્ધતિ આવકાર્ય.

### ૫. કુલપતિ / ઉપકુલપતિની નિમણૂક :

- યુનિવર્સિટીના કુલપતિ / ઉપકુલપતિની નિમણૂકમાં રાજકીય વફાદારીના શિરપાવનું વલણ બંધ કરી ઉચ્ચ ગુણવત્તાને ધ્યાને લઈ પારદર્શી ધોરણે કરવી.

### ૬. ગ્રંથાલયો અને ગ્રંથપાલ

- ઉચ્ચ શિક્ષણમાં ગ્રંથાલયની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ધ્યાને લઈ કૉલેજો અને યુનિવર્સિટીઓનાં ગ્રંથાલયો અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ તથા મુદ્રિત અને ઈ-મુદ્રિત સ્વરૂપમાં વાચનસામગ્રીથી સમૃદ્ધ હોવા ઉપરાંત તેના મેરુદંડ સમાન ગ્રંથપાલની અનિવાર્ય ઉપસ્થિતિ.
- સ્વવિત્ત ધોરણે ચાલતી કૉલેજો અને યુનિવર્સિટીઓમાં ગ્રંથાલયો અને ગ્રંથપાલો પ્રતિ ઉદાસીન વલણ અર્થાત્ અપર્યાપ્ત સગવડતા ધરાવતાં ગ્રંથાલયો હોવાં - અને ગ્રંથપાલોની અનુપસ્થિતિ. વળી, ખાનગી યુનિવર્સિટીઓમાં કેન્દ્રિય ગ્રંથાલયોનો પ્રાયઃ અભાવ જોવા મળે છે તેની પૂર્તિ અનિવાર્ય.

### ૭. નેક અને વર્લ્ડ રેન્કિંગ :

- નેક દ્વારા એનાયત કરવામાં આવતા ગ્રેડમાં વિશુદ્ધ પારદર્શિતા અને તટસ્થતા અપેક્ષિત છે, જેનો પ્રાયઃ અભાવ જોવા મળે છે. ધ્યાનમાં રાખવું રહ્યું કે હાલમાં નેક દ્વારા અપાતા ગ્રેડમાં વિશ્વસનીયતા રહી નથી.
- યુનિવર્સિટીઓને રેન્કિંગ આપતી વિશ્વની એજન્સીઓના માપદંડો વિકસિત દેશોની યુનિવર્સિટીઓ અને ભારતની યુનિવર્સિટીઓને મૂલ્યાંકન માટે એકસમાન રીતે લાગુ પાડી શકાય તેવાં નથી, તેથી ભારતની પરિસ્થિતિ ધ્યાને લઈ નવા માપદંડો નિર્ધારિત કરવા જોઈએ.

આ સંદર્ભે જાણીતા શિક્ષાવિદ અને પાટણ યુનિવર્સિટીના પૂર્વ–ઉપકુલપતિ ડૉ. દાઉદભાઈ ઘાંચીએ વિશ્વની of રેન્કિંગ પદ્ધતિઓનો ગહન અભ્યાસ કરીને 'સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત'ના જાન્યુઆરી - ફેબ્રુઆરી, ૨૦૧૬ ના અંકમાં પ્રકાશિત લેખમાં નોંધ્યું છે કે : "Indian needs to meet triple challenges as pointed out by the National Knowledge Commission, namely Expansion, Access with Equity and Excellence in all fields of higner education. The national task is meants to spuar the universitis to acquire world-class quality on a rising curve and attain its rightful place among the top universities of the world.... It is hoped that

a reliable and efficient tool of ranking the universities of the country, in sync with national and global ground realities, demands, and pressures, can be an effective game changer as it would release, through healthy competition, the hitherto untapped reservoir of energy of the system and its stakeholders. Let's, therefore, give the required finishing touches to the prototype design of the proposed tool of ranking.''

**૮. સ્વાયત્તતા :**

- યુનિવર્સિટીઓએ ખરાઅર્થમાં સ્વાયત્તતા આપવી.
- શિક્ષણમાં ઈજારાશાહીના સ્થાને કોઈ પણ કૉલેજ રાજ્ય કે દેશની કોઈ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવી શકે તેની છૂટ.
- યુનિવર્સિટીઓના રાજકીય અખાડા બનતી અટકાવવા માટે સેનેટ / સિન્ડિકેટમાં સરકાર / ગવર્નરના પ્રતિનિધિઓની નિમણૂક પ્રથા સદંતર બંધ કરવી.
- કેન્દ્ર / રાજ્ય સરકાર સંચાલિત / અનુદાનિત કૉલેજ / યુનિવર્સિટીની વાસ્તવિક જરૂરિયાત અનુસાર અધ્યાપકો, ગ્રંથપાલ વગેરેની ભરતી કરવી તથા ખાનગી કૉલેજો / યુનિવર્સિટીઓમાં નિયમાનુસાર ભરતી કરવા માટે તેનો અમલ કરાવવો

**૯. યુનિવર્સિટી / ઓપન યુનિવર્સિટીઓ :**

- રાષ્ટ્રના વ્યાપક અને શિક્ષણતા હિતમાં કેન્દ્રિય અને સ્ટેટ યુનિવર્સિટીઓને એક સમાન ધોરણે અનુદાન આપી તેનો સમાન વિકાસ કરવો જોઈએ જેથી રાષ્ટ્રના નાગરિકોને સમાન ધોરણે ગુણવત્તાશીલ શિક્ષણ મેળવવાની સમાન તકો ઉપલબ્ધ થઈ શકે.
- દૂરવર્તી શિક્ષણ અર્થપૂર્ણ બનાવવું તથા ઓન-લાઈન અભ્યાસક્રમો શરૂ કરવા તથા પર્યાપ્તમાત્રામાં દૂરવર્તી શિક્ષણની યુનિવર્સિટીઓની સ્થાપના તથા પ્રચાર-પ્રસાર કરવો તેમ જ ઘણી સંસ્થાઓ એજન્સીઓ ઓપન યુનિવર્સિટીઓ કે એકસટર્નલ અભ્યાસ કરી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને વ્યવસાય માટે પસંદગીમાં ભેદભાવભર્યું વલણ અપનાવી રહી છે તે દૂર કરવું.
- યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે હાલ પ્રચલિત ભૌગોલિક સીમાની મર્યાદાને સદંતર બંધ કરીને દેશનો કોઈ પણ વિદ્યાર્થી કોઈ પણ યુનિવર્સિટીમાં તેની પ્રવેશ પરીક્ષાના પરિણામના આધારે પ્રવેશ મેળવવા હક્કદાર બનાવવો. ઉદા. તરીકે ગુજરાતનો જ દાખલો લઈએ તો કોઈ એક યુનિવર્સિટી વિસ્તારના વિદ્યાર્થી માટે અન્ય યુનિવર્સિટી વિસ્તારની યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ફક્ત ૫% ની જોગવાઈ છે તે બંધ કરવી. આ નિયમથી કોઈ એક યુનિવર્સિટી વિસ્તારના વિદ્યાર્થીને ઇચ્છા મુજબની યુનિવર્સિટી મળતી નથી તેમજ અમુક અભ્યાસક્રમ સ્વતિત ધોરણેના ભણવાની ફરજ પડતી હોય છે. ઉદા. તરીકે ગુજરાત, એમ.એસ., દક્ષિણ ગુજરાત કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીઓની તુલનાએ નવી શરૂ કરાયેલ યુનિવર્સિટીઓ જેમકે ઉત્તર ગુજરાત, કચ્છ વગેરેમાં મોટા ભાગના અભ્યાસક્રમો સ્વતિત્ત ધોરણે ચલાવવામાં આવે છે, જેથી ભારે અસમાનતા પ્રવર્તી રહી છે.
- અવનવા આંતરવિદ્યાશાખાકીય અભ્યાસક્રમો શરૂ કરવા તેમજ આ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને ભવિષ્યમાં વ્યવસાય મેળવવામાં રૂઢિગ્રસ્ત માનસિકતા આડે ન આવે તેવાં કાનૂની પ્રાવધાન કરવાં જોઈએ.
- ઘણી બધી અગ્રણી એજન્સીઓની ફરિયાદ છે કે આજની આપણી યુનિવર્સિટીઓના સ્નાતકો કેટલાંક અપવાદો બાદ કરતાં વ્યવસાય મેળવવામાં કે સામાજિક ક્ષેત્રે ઝાઝું કાઠું કાઢતા નથી તેથી આ બંને ક્ષેત્રોને ધ્યાને રાખી નવા અભ્યાસક્રમો તૈયાર કરી ઊર્જાશીલ સ્નાતકો તૈયાર કરવા જોઈએ.

**૧૦. સંશોધન :**

- Ph.D. ડિગ્રી હેતુનાં અર્થહીન સંશોધનો ઉપર કડક નિયંત્રણો લાદવાં.
- ભાષા સિવાયના વિષયોમાં અંગ્રેજી માધ્યમમાં જ Ph.D. નો શોધપ્રબંધ રજૂ કરવો તે માતૃભાષાઓ માટે કુઠારાઘાત સમાન છે તેથી અંગ્રેજીનો આગ્રહ ન રાખવો જોઈએ અથવા માતૃભાષામાંથી અંગ્રેજીમાં અનુવાદિત કરીને રજૂ કરવાની પ્રથા બંધ કરવી જોઈએ. આ કહેવાતા અંગ્રેજી અનુવાદોની ભાષા દયનીય હોય છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# માનવ સંસ્કૃતિનું આધારબળ : સંતુલિત જીવનદર્શન વિકસાવનારી કેળવણી

**ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી**
પૂર્વ ઉપકુલપતિ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**માનવજીવન : તક અને પડકાર :** કુદરતે માનવીને હેતુપૂર્વક સર્જ્યો છે. તેણે સૃષ્ટિના સર્જનહારના ઉમદા ઉદ્દેશોને સાકાર કરવા નિરંતર પ્રયત્નશીલ રહેવાનો એક અદૃષ્ટ કરાર પોતાના સર્જનહાર સાથે જાણે કે કર્યો છે. આમ એનું જીવન ખુદ એક ઈશ્વરી સંકેતો માટેનું પવિત્ર મિશન છે. એણે એ માટે મન, હૃદય અને આત્માને સંવેદનશીલ બનાવવાનાં છે. આવી સંવેદનશીલતા પ્રાપ્ત કરવા માટે જ તો માનવીએ પોતાની બાળપેઢીઓ અને યુવાપેઢીઓ માટે કેળવણી, પ્રાપ્ત કરવા માટે કોઈક ચોક્કસ શિક્ષણ વ્યવસ્થાઓ ઊભી કરી છે. જેમ કે ભારત દેશમાં આપણે પૂર્વપ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટેની પંચસ્તરીય શિક્ષણવ્યવસ્થા ઊભી કરી છે. માનવીએ એની શિક્ષણવ્યવસ્થા પાસેથી એવી અપેક્ષા રાખી છે કે એની આગામી પેઢીઓ સારી કેળવણી પામે જેના દ્વારા એ પોતાના જીવનનું સંતુલિત દર્શન વિકસાવે, અને એ દર્શનના પરિપ્રેક્ષ્યમાં એનું બહુ-આયામી જીવન સફળતાથી જીવી શકે, અને માનવી તરીકે ધન્યતા અનુભવે. માનવજીવન તો એક તક છે, અવસર છે, ઇજન છે જેનો યોગ્ય રીતે ઉપયોગ કરીને જાતે સુખી થાય, સમાજને સુખી કરે અને સમગ્ર વિશ્વ માટે એ એક આશીર્વાદ પુરવાર થાય.

કવયિત્રી મીરાંએ જેવા ધન્યતાપૂર્વકના જીવનની પ્રશંસા કરી હતી એવા જીવનની અપેક્ષા કરવા માનવીએ હરહંમેશ જાગ્રત રહેવાનું છે, પરિશ્રમ કરતા રહેવાનું છે, સાંભળો મીરાંને :

> **''ક્યા જાનું ? કછુ પુણ્ય પ્રગટે; મિલે માનુષ અવતાર,**
> **ભલો યે માનુષ અવતાર ભલે મિલો યે માનુષ અવતાર.''**

આ રીતે ધન્ય અવતારવાળા માનવીઓનો સમાજ બને તો સાક્ષાત્ સ્વર્ગ ખડું થાય જ ને ? સમાજનાં સૌ, નાનાં-મોટાં, ગરીબ-તવંગર, સ્ત્રી-પુરુષ, સુમેળથી સહકારપૂર્વક અને ભ્રાતૃભાવથી રહેતાં હોય એ સમાજ પણ કેવો સુખી, આબાદ અને દિલથી સમૃદ્ધ હોય એની તો કલ્પના જ કરવી રહી. એ એવો સમાજ હશે જેનો પ્રત્યેક સભ્ય સાચા અર્થમાં ''માનવ'' હોય – સંવેદનશીલ માનવ, ઉદાર માનવ, અનુકંપાભર્યો માનવ, સ્વાર્પણ કરતો માનવ, અરે કહો કે ખુદ દેવ જેવો માણસ. એવા સુખી, સંપન્ન, સંતોષી અને સદ્ભાવ ધરાવતા સમાજનો દરેક માનવ-સભ્ય કેવો હોય તે સંત-કવિ સુન્દરમ્‌ની આ બે પંક્તિઓ સચોટ રીતે કહે છે :

> **''પૃથ્વી ઉચ્છંગે ઊછરેલ માનવી**
> **હું માનવી ''માનવ'' થાઉં તો ઘણું !''**

માનવજીવન એક તક છે, એને આબાદી, સુખ અને શાંત સમાજના નિર્માણમાં ફેરવવા ખુદ કુદરતે એને કેટકેટલાં સાધનો આપ્યાં છે એ ગુજરાતીના મનીષી કવિ ઉમાશંકરની નીચેની પંક્તિઓ ખૂબીપૂર્વક કહે છે :

> **''ત્રણ વાનાં મુજને મળ્યાં,**
> **હૈયું, મસ્તક ને હાથ;**
> **જા ચોથું નથી માગવું,**
> **બહુ દઈ દીધું, નાથ !''**

અને આ સાધનો જ એક પડકાર છે ને ? એ સાધનો સાબદાં, સજ્જ અને ધારદાર રાખવાં પડે, એમનો વિવેકપૂર્વક, અસરકારક રીતે ઉપયોગ કરીને ધાર્યું

પરિણામ લાવવું પડે, અને એમ કરીને ખુદને, પોતાના સમાજને અને વિશ્વનાં માનવકુળોને લાભાન્વિત કરવાં પડે. એ કસોટીમાંથી પસાર થવા તો માનવે ઠેર-ઠેર શિક્ષણવ્યવસ્થાઓ ઊભી કરેલ છે. જ્યાં શિક્ષણવ્યવસ્થા અપૂરતી હોય, ચીલા-ચાલુ હોય, ખામીભરી હોય, એના શિક્ષકો અને વિદ્યાર્થીઓ હોંશીલા, કર્મઠ અને સાહસિક ન હોય, ત્યાંનો માનવી અધૂરો જ હોય, ત્યાંનો સમાજ અસ્તવ્યસ્ત હોય અને સમગ્ર તંત્ર તકલાદી હોય.

આપણા દેશની શિક્ષણવ્યવસ્થાને ઉપર જણાવેલા માપદંડોના પરિપ્રેક્ષ્યમાં જોવા જેવી છે. શું એ વ્યવસ્થા સંગીન છે ? શું એ પૂરતી વ્યાપક અને સુસજ્જ છે ? શું એના વ્યવસ્થાપકો શિક્ષણને કેળવણીમાં રૂપાંતરિત કરવાનું શૈક્ષણિક દર્શન ધરાવે છે ? શું એ વ્યવસ્થાનાં તમામ માનવઘટકો પૂરતા અભિપ્રેરિત, જોખમ ઉઠાવી નવીકરણો હાથ ધરવા પૂરતા સ્વાયત્ત છે ? શું એ વ્યવસ્થા પાસે સધ્ધર, આધુનિક આધારમાળખું છે ? શું એ વ્યવસ્થાને દેશ અને દુનિયામાં ઊંચું સ્થાન અપાય છે ?

**ભારતની શિક્ષણ વ્યવસ્થા :** ભારત દેશ વર્ષ ૧૯૪૭માં રાજકીય રીતે સ્વતંત્ર થયો. વર્ષ ૧૯૫૦માં એનું નવું બંધારણ અમલમાં આવ્યું. એ બંધારણે દેશના લોકોને સ્વતંત્રતા, સમાનતા અને મુક્ત ન્યાયની ખાતરી આપી. ત્યારથી દેશે વિકાસની યાત્રાની શરૂઆત કરી, દેશનો પ્રત્યેક નાગરિક સુખી, સંપન્ન અને આબાદ બને એ માટેની એ યાત્રા હતી, છે અને રહેવી જોઈશે. એ માટે જ દેશ શિક્ષણવ્યવસ્થાનો ઉત્તરોત્તર વ્યાપ વધાર્યા કર્યો છે. વર્ષ ૨૦૧૫માં શિક્ષણનો સંસ્થાત્મક વિકાસ કેવો ગંજાવર હતો એ નીચેના આંકડા સૂચવે છે :

| અ. નં. | પ્રાથમિક કક્ષા | માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક કક્ષા | ઉચ્ચકક્ષા |
|---|---|---|---|
| ૧. સંસ્થાઓ | ૧૦ લાખ શાળાઓ | ૫૫૦૦૦ શાળાઓ | ૭૮૦ યુનિવર્સિટીઓ/ ૩૮૦૦૦ કૉલેજો |
| ૨. વિદ્યાર્થીઓ | ૨૨ કરોડ | ૧૦ કરોડ | ૧.૨૦ કરોડ |
| ૩. શિક્ષકો | ૫૩ લાખ | ૧૪ લાખ | ૯ લાખ |

સંખ્યાની દૃષ્ટિએ ભારતનું શિક્ષણક્ષેત્ર અમેરિકા અને ચીન કરતાં પણ મોટું થઈ ગયેલ છે. જોકે, હજી સંખ્યાની દૃષ્ટિએ એ પૂરતું નથી; વળી દેશના બધાય પ્રદેશોમાં એ એક સરખું નથી; ઉપરાંત છોકરાઓ કરતાં છોકરીઓનું પ્રમાણ બધી કક્ષાએ ઓછું છે; અને સમાજના વંચિત વર્ગો જેવા કે ગરીબો, આદિવાસીઓ, ગ્રામપ્રદેશના લોકો, રઝળપાટ કરતા લોકો, ઝૂંપડપટ્ટીઓના રહેવાસીઓ વગેરેની સંખ્યા એમની વસતિના પ્રમાણમાં ઘણી ઓછી નોંધાવા પામી છે. એટલે જ તો ડૉ. સામ પિત્રોડાના અધ્યક્ષપદે ૨૦૦૫માં નીમાયેલા ''જ્ઞાન પંચે'' તાકીદે પ્રવેશની ઉપર જણાવેલી અસમાનતા દૂર કરવા ભલામણ કરેલી. એ ભલામણના આધારે તો R. T. E. વય ૬ થી ૧૪ વર્ષનાં તમામ બાળકો માટે મફત, પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરવો એ મૂળભૂત અધિકાર જાહેર કરવામાં આવ્યો છે, અને એ જ જોગવાઈ અનુસાર ખાનગી પ્રાથમિક શાળાઓમાં ગરીબ વર્ગનાં બાળકો માટે ૨૫ ટકા સ્થાન અનામત રાખવામાં આવ્યાં છે.

**શિક્ષણની ગુણવત્તા :** ડૉ. પિત્રોડા પંચ અને ડૉ. યશપાલ સમિતિ (૨૦૦૯) એ શિક્ષણમાં સંખ્યા વધારવાની અનિવાર્યતા સાથે શિક્ષણમાં ગુણવત્તા [Quality] અને ઉત્તમતા [Excellence] તાકીદે વધારવા પગલાં લેવા આગ્રહ સેવ્યો છે. એમણે કહ્યું છે કે દેશના શિક્ષણને વિશ્વકક્ષાની ગુણવત્તા બક્ષવા બધું જ કરી છૂટવાની જરૂર છે, પરંતુ એ વાત દુઃખ સાથે કહેવી જોઈએ કે આ ક્ષેત્રની ધરાર અવગણના કરવાનું હજી ચાલુ છે. કેળવણીમાં ખૂટતી ગુણવત્તા વિશે તો સ્વ. કવિ સુરેશ દલાલે વર્ષો પહેલાં આ ફરિયાદ કરી હતી જે હજી વણસંભળાયેલી રહેવા પામી છે.

**વેદના**

**ભણેલા માણસો આટલા બધા અભણ કેમ ?**
**સરસ્વતીનાં આટલાં બધાં કાદવથી ખરડાયેલાં**
**ચરણ કેમ ?**
**લોકોનાં આટલી હદે થીજી ગયેલાં ચરણ કેમ ?**
**કોઈ તો કહો કે બળબળતું આ રણ કેમ ?**

**ભારતની વિદ્યાસંસ્થાઓમાં કેળવણીની સ્થાપના કુળદેવી તરીકે ક્યારે થશે ?**

કવિના આ તાતા પ્રશ્નનો જવાબ ક્યારે મળશે ? કશું નક્કી નથી. જવાબ કેવો મળશે એ પણ નક્કી નથી. વર્ષ ૨૦૧૫માં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ (N. E. P ૨૦૧૫] નક્કી કરવા માટે એક સમિતિ નીમવામાં આવી છે. એને ૧૩ પ્રશ્નો શાળા કક્ષા માટે અને ૨૦ પ્રશ્નો ઉચ્ચ શિક્ષણ કક્ષા માટે તપાસણી માટે સોંપવામાં આવ્યા છે. એના જવાબો હજારોની સંખ્યામાં બોલીને અને લખીને આપ્યા હોવાનો હેવાલ પણ છે, પરંતુ એ વલોણામાંથી ક્યારે, કેવું અને કેટલું નવનીત તારવવામાં આવશે તે વિશે કશી માહિતી જાહેર થઈ નથી. મશહૂર ફિલસૂફ શાયર ''ગાલિબ''ના શબ્દોમાં આ સંબંધી આવી અનિશ્ચિતતા પ્રવર્તે છે :

**'ગાલિબ' તુમ હી કહો,**
**મિલેગા જવાબ ક્યા ?**
**માનો કિ તુમ કહા કિયે**
**ઔર વો સુના કિયે !**

આ હાલો-હવાલ છે. દરમિયાનમાં પ્રત્યેક વિદ્યાર્થીને એનું સંતુલિત જીવનદર્શન વિકસાવવામાં ઉપયોગી નીવડે એવી કેળવણી આપતી સંસ્થાઓ આંગળીના વેઢે ગણાય એટલી જ છે જેવી કે આઈ. આઈ. ટી., આઈ. આઈ. એમ., કેટલીક કેન્દ્રીય શાળાઓ અને કૉલેજો, કેટલીક ખાનગી યુનિવર્સિટીઓ જેવી કે નિરમા યુનિવર્સિટી, અઝીમ પ્રેમજી યુનિવર્સિટી, જિંદાલ યુનિવર્સિટી વગેરે. બાકી તો કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ખુદે સ્થાપેલી યુનિવર્સિટી શાંતિનિકેતન પણ આજે તો ખાડે ગયેલી છે. ખુદા બચાવે આપણા શિક્ષણને આ ઝળૂંબતા વિનિપાતથી.

જુઓ ''મંથન'' જેવી સંશોધન સંસ્થાએ દેશની હજારો પ્રાથમિક શાળાઓનું સર્વેક્ષણ કરીને હેવાલ આપ્યો છે કે પ્રાથમિક ૮ ધોરણના વિદ્યાર્થી પાસે ધો. ૪ કક્ષા જેટલું જ જ્ઞાન હોય છે અને ધો. ૪ વાળો તો ધો.૧ના વિદ્યાર્થી સમોવડિયો જ રહેતો હોય છે.

Assocham જેવી સંસ્થાએ ઉચ્ચશિક્ષણનું બોદાપણું ખુલ્લું કરતાં કહ્યું છે ઇજનેરી જેવી વ્યાવસાયિક વિદ્યાશાખાના સ્નાતકો પૈકી ફક્ત ૧૦ ટકા જ ઉદ્યોગો માટે પસંદગી પામતા હોય છે, અને અન્ય વિદ્યાશાખાના સ્નાતકોને બેરોજગારીનો જ સામનો કરવો પડતો હોય છે.

ભારતના શિક્ષણક્ષેત્રની નીપજ એના વિદ્યાર્થીઓ ચારિત્ર્યના ગુણોમાં, સાહસિકતાનાં કૌશલ્યમાં નાગરિક તરીકેની કર્તવ્યભાવનામાં, ભાષાઓની અભિવ્યક્તિમાં, ટીમ વર્કમાં, નેતૃત્વના ગુણોમાં, સંગઠન સાધવાની આવડતોમાં, અનેક જીવન કૌશલ્યો [Life Skils]માં અરે એક ખુમારીવાળા, સ્વમાની, જવાબદાર, જોખમ ખેડવાવાળા, નૈતિક હિંમતવાળા આધુનિક વિશ્વનાગરિક [Global Citizen] તરીકે ક્યાંય છાપ પાડતા જોવા મળતા નથી.

યાદ રહે, કે કેળવણી એટલે ફક્ત ડિગ્રી નહીં, અક્ષરજ્ઞાન નહીં, ગાણિતિક ફોર્મ્યુલાનો મુખપાઠ નહીં, ગોખણપટ્ટી કે નાજાયઝ માર્ગે મેળવેલા ગુણ (marks) નહીં, પણ સંગીન જીવનદર્શનના ગુણ [Quality]. ખરું જોઈએ, તો દેશની શિક્ષણવ્યવસ્થા કેળવણી-શૂન્ય એવો નિરર્થક વ્યાયામ કરાવતી પાંગળી યંત્રણા જ છે. એમાંથી પેલા લેટિન અમેરિકન કવિ અપેક્ષા રાખે છે એવા મર્દ માણસો કેવી રીતે બહાર પડી શકે. સાંભળો એ કવિએ ઈશ્વરને કરેલી આ પ્રાર્થના.

**''હે ઈશ્વર !**
**આવા કાળમાં તમે એવા માણસો આપો**
**જેમનાં મન મજબૂત, હૃદય ઉદાર,**
**સાચી શ્રદ્ધાથી ધબકતાં, અને**
**કામ કરવા માટે જેમના હાથ તૈયાર હોય,**
**સત્તાની વાસના જેમને હણી ન શકે,**
**સત્તાનો ભ્રષ્ટાચાર જેમને ખરીદી ન શકે,**
**એવા માણસો જેમની પાસે**
**અભિપ્રાયો સિદ્ધાંતો અને સંકલ્પ હોય;**
**એવા માણસો જેમને;**
**ગૌરવ હોય, ગરિમા હોય અને હાડોહાડ**
**જુઠ્ઠા ન હોય**

**– કવિ જોશુઆ હૉલૅન્ડ**

આજે, ભારતની શિક્ષણવ્યવસ્થાનું અનિયંત્રિત ખાનગીકરણ, વ્યાપારીકરણ, અરે ગુનાહીકરણ થઈ રહ્યું છે. સરકારી અને સરકાર સહાયિત સંસ્થાઓનું પ્રમાદીકરણ અને બેફિકરાઈકરણ થઈ રહ્યું છે. આવી સંસ્થાઓ અને એમના સંચાલકો અને શિક્ષકો દ્વારા સાચી

કેળવણી જાકારો પામી છે. હળાહળ ઉપભોક્તાવાદ પર રચાયેલી આવી અર્થલોભથી ચાલતી સંસ્થા અને એના શિક્ષકોને જોઈને ''અખો'' યાદ આવે તો નવાઈ નહીં.

**ગુરુ કર્યાં મેં ગોકુળનાથ,**
**ઘરડો બળદ, ને ઘાલી નાથ;**
**ધન હરે, ધોખો ન હરે**
**એ ગુરુ કલ્યાણ શું કરે ?**

આ છે ભારત દેશના શિક્ષણજગતની બૌદ્ધિક અને નૈતિક નાદારી, દેશની મોટી મૂડી એ એની માનવસંપત્તિ [Human Resource] છે. આજે દેશમાં ૬૦ કરોડ જેટલો યુવાવર્ગ છે જેને સાચું જીવનદર્શન રચવા માટેની કેળવણી ઉપલબ્ધ કરાય તો આ દેશ ''સોને કી ચિડિયાં''માં રૂપાંતરિત થઈ જાય એ શંકાથી પર ભાવિ અભયવચન થઈ શકે છે. આપણું, શિક્ષણતંત્ર એ બાબતમાં ધરાર નિષ્ફળ નીવડ્યું છે. અખૂટ માનવશક્તિ અને સંભાવનાઓ ધરાવતો આપણો યુવાવર્ગ તો સાહસ ખેડવા ક્યારનોય તૈયાર છે. વર્ષો પહેલાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ દોરેલ યુવામાનસનું આ ચિત્ર આજે પણ મોજૂદ છે, જરૂર છે એને તક આપવાની પડકાર ધરવાની.

**ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,**
**અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ,**
**આજ અણદીઠ ભૂમિ તણે કાંઠડે,**
**વિશ્વભરના યુવાનોની આંખો અડે;**
**પંથ જાણ્યા વિના પ્રાણ ઘોડે ચડે,**
**ગરુડ શી પાંખ આતમ વિશે ઊઘડે.**

ભારતનું યુવાધન વિશેષ મૂડી [Demographic Dividend] ગણાય છે. એ ધનને જીવનનું સાચું દર્શન [Philosophy of life] સાચી કેળવણી દ્વારા શિક્ષણની વ્યવસ્થાએ કરાવવાનું બાકી છે. આજે અને અત્યારે જ એ માટેની શિક્ષણની નીતિ ઘડવાનો તકાજો છે. એ કેવી રીતે કરવું જોઈશે એ જોઈ લઈએ.

**કેળવણીનું લક્ષ્યાંક :** કેળવણી એ માત્ર સાક્ષરતાનો, લખવા, વાંચવા, બોલવાનાં કૌશલ્ય વિકસાવવાનો કે સર્ટિફિકેટ અને ડિગ્રી આપવાનો ઉદ્યમ નથી. કેળવણી દ્વારા માનવીની નીચેની શક્તિઓનો પૂરબહારમાં વિકાસ કરવાનો છે.

(૧) બૌદ્ધિક શક્તિઓ [Cognitive Intelligence]
(૨) સંવેદનાઓની શક્તિ [Emotional Intelligence]
(૩) સામાજિકતાની શક્તિ [Social Intelligence]
(૪) ભાષાકીય અભિવ્યક્તિની શક્તિ [Linguistic Intelligence]
(૫) ગાણિતિકશક્તિ (Mathematical Intelligence]
(૬) સુરુચિ, કલા અને નીતિવિષયક શક્તિ [Aesthetic Intelligence]
(૭) યંત્રમૂલક શક્તિ [Mchanical Intelligence]

આ તમામ શક્તિઓ પ્રત્યેક માનવીના ચિત્તમાં ધરબાયેલા પડી હોય છે. એમને સુચારુ રીતે ખીલવવાની કેળવણી વ્યાપક સ્વરૂપની હોવી જોઈએ. એનાં મુખ્ય ઘટકો નીચે જેવાં હોઈ શકે જે દરેક શિક્ષણસંસ્થાનાં શૈક્ષણિક આયોજનો અને અમલમાં ધ્યાનમાં રાખવાં જોઈએ. એ માટે બલસ્પર્શી આયોજનો કરવાં પડે એમનો સક્ષમ રીતે અમલ કરવો જોઈએ. એમાં સૌને જોતરવાં જોઈએ, એકસરખું સંચાલન [Monitoring] મૂલ્યાંકન [Evaluation] અને સતત ઊર્ધ્વીકરણ [Upgradation] કરતા રહેવું જોઈએ. એ માટે દરેક સંસ્થામાં એક સંશોધન વિભાગ [Research cell] રચવો જોઈએ. આમ કરીએ તો જ કેળવણી સાચી કેળવણી-સંસ્થામાં વરસવા લાગે ! પરિણામે દરેક વિદ્યાર્થી પોતાનું પંચ પરિમાણીય જીવનદર્શન વિકસાવશે જેની માવજત પોતે જ કરશે અને એના એ સ્વશિક્ષણ, સ્વાયત્તવિકાસને શિક્ષકની નિરંતર હૂંફ મળતી હશે.

(૧) **જીવનદર્શન : પરિમાણ-૧ :** સ્વનું દર્શન, આત્મ ઓળખ, ખુદની ખુમારી, ખુદની જવાબદારી, ખુદની પ્રીતિ, સ્વનું વ્યવસ્થાપન

(૨) **જીવનદર્શન : પરિમાણ-૨ :** કુટુંબ અને સમસ્તપરિવારની ઓળખ એમની વચ્ચે પ્રેમપૂર્ણ સમાયોજન, સ્વાર્પણની ભાવના, કુટુંબમૂલ્યોની માવજત, ભર્યુંભાદર્યું કુટુંબજીવન અને કૌટુંબિક ગરિમાની સ્થાપના.

(૩) **જીવનદર્શન : પરિમાણ-૩ :** સમાજ સાથેનું સંકલન, સહકારી સમાજ રચના, સામાજિક, વિકાસ, નવીકરણ, સુધારણા અને આધુનિકરણના પ્રોજેક્ટોનું આયોજન એ માટે સામાજિક નેતૃત્વની સ્વીકૃતિ

(૪) **જીવનદર્શન : પરિમાણ - ૪ :** કાર્યજગત સાથે સંકલન, ધંધા, રોજગાર, ઉદ્યોગ, વહીવટ, વિજ્ઞાન અને

ટેક્નોલૉજીનો વિનિયોગ, ઉદ્યોગસાહસિકતા અને આર્થિક ઉન્નતિના નીતિનિયમો [Business Ethics]નું સમર્થન એમ કરીને સમાવેશ આર્થિક વિકાસ અને સર્વજનહિતાય, સર્વજન સુખમય વ્યવસાયી સમાજ રચવા માટે પોતાની જાતનું સમર્પણ [Descation is mission of Human Welfare]

(૫) **જીવનદર્શન : પરિમાણ-૫ :** વૈશ્વિક માનવસમાજ [Family of Man] જે શાંતિ, અહિંસા, પ્રેમ, સદ્દભાવ, સમાનતા, સમાદર, ન્યાય, સ્વતંત્રતા, સહભાગિતા [Sharing]ના સિદ્ધાંતો ઉપર રચાયેલો હોય એને ચરિતાર્થ કરવાની શ્રદ્ધા, હોંશ, પ્રતિબદ્ધતા, આત્મભોગ માટેની તૈયારી અને નેતૃત્વ લેવાની જવાબદારી સ્વીકારી એના માટે ખપી જવાની નૈતિક હિંમત અને શક્તિઓનો વિકાસ.

ટૂંકમાં એ યાદ રહે કે, સંતુલિત જીવનદર્શન જગતને અને જીવનને એક અખિલ, અખંડ અને અવિભાજ્ય ઓળખ [Identity] આપવાનું સાધન છે. પ્રત્યેક માનવી એ દર્શન વિકસાવતો રહે અને અમલમાં મૂકવા સંકલ્પબદ્ધ બને એવી કેળવણી મળે એ માટે ભારત દેશે તૈયાર થવાનું છે.

**સમાપન :** આપણી શિક્ષણવ્યવસ્થાએ આત્મરૂપાંતર કરવાની જરૂર ઊભી થઈ છે. દેશ અને દુનિયા પોતાની કરવટ નિત્ય બદલી રહ્યાં છે. હવે એવો યુગ [Knowledge Age] આવી ચૂક્યો છે જે માગી લે છે ઉત્તમ [Excellent] પ્રકારનું માનવબળ. એ બળ ઘડવાની જવાબદારી મુખ્યત્વે શિક્ષણવ્યવસ્થા પર છે. એણે પ્રત્યેક વિદ્યાર્થીમાં સંતુલિત જીવનદર્શન વિક્સાવવાનું મહાકાર્ય નિભાવવાનું છે. એના વિદ્યાર્થીઓ સાચી કેળવણી પામી સ્વાયત્ત બને, સર્જનશીલ બને, સંવેદનશીલ નાગરિક બને, જવાબદાર અને સ્વયંસંચાલિત આત્મઘડવૈયા બને એવી ખેવના ગુજરાતના જ્ઞાનપીઠ ઍવૉર્ડ વિજેતા શ્રી રાજેન્દ્ર શાહે આ કાવ્ય દ્વારા કેવી સચોટ રીતે વ્યક્ત કરી છે ? વાંચો અને રટણ કરો એનું.

**જીવનના હકારની કવિતા**

**આપણા ઘડવૈયા બાંધવ આપણે**
**આપણે આવળ, બાવળ, બોરડી,**
**કેસર ઘોળ્યા જી !**
**ઝાઝેરો ઝૂક્યો છે આંબો સાખથી**
**વેડે તેને હાથ આવે જી !**
**આપણા ઘડવૈયા બાંધવ આપણે.**
**પંડની પેઢીમાં પારસ છે પડ્યો**
**ફૂટલાં ફૂટે છે કરમ જી !**
**વાવરી જાણે તે બડભાગિયો**
**ઝળહળ એનાં જે જીવન જી !**
**આપણા ઘડવૈયા આપણે**

આપણો દેશ અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે. એની સામે દેશનું માનવધન એની મોટી રક્ષણ દીવાલ છે. એ ધન આપણી અમાનત છે. એમાં અખૂટ પારસ પડેલું છે. જરૂર છે એને બહાર આણી, યોગ્ય ઘાટ આપી આશાભરી જીવનદૃષ્ટિ બક્ષી, પ્રામાણિક નેતૃત્વ અને પ્રોત્સાહન પૂરું પાડી, દેશનું નવનિર્માણ કરવા લલકારવાની છે.

દેશનું સદનસીબ છે કે એ એક વિકાસશીલ લોકશાહી વ્યવસ્થા ધરાવે છે, એની પાસે ભવ્ય ઇતિહાસનો અમૂલ્ય સાંસ્કૃતિક વારસો રહેલો છે, એના માનવબળ પર દુનિયાને એટલો બધો ભરોસો છે કે આજે બેથી અઢી કરોડ જેટલા ભારતવાસીઓ વિશ્વના ૧૦૦ જેટલા દેશોમાં શાંતિપૂર્વક વસી રહ્યા છે અને જે તે દેશના વિકાસમાં અમૂલ્ય ફાળો આપી રહ્યા છે. ભારતવાસી માનવબળમાં જગતને એટલો અતૂટ ઇતિહાસ છે કે દર વર્ષે બેથી ત્રણ લાખ જેટલા હોનહાર યુવા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને પરદેશની શિક્ષણસંસ્થાઓ વધુ અભ્યાસ અને સંશોધન માટે નોતરે છે. એ પૈકીના કેટલાયને એ દેશો એમના સમાજમાં પણ સમાવી લે છે.

આપણે આગામી વર્ષોમાં આપણી શિક્ષણસંસ્થાઓમાં જ સાચી કેળવણીનો પ્રબંધ કરીને દુનિયાની કુશળ માનવબળની જરૂરિયાતોને પહોંચી વળવા શક્તિમાન બનીશું એ તો ખરું, પણ સવિશેષ ખુદ આપણા દેશનો ઝડપી, વ્યાપક અને સમાવેશક વિકાસ કરવા માટે પણ અનેક રીતે સહાયક નીવડીશું.

આવા આશાસ્પદ ભાવિની ચાવી રહેલી છે કેળવણીમાં, ફક્ત કેળવણીમાં. ચાલો, એના પ્રસ્થાપનના પવિત્ર કાર્યમાં આપણે સૌ જોડાઈએ, હોશપૂર્વક જોડાઈએ, શ્રદ્ધા સાથે જોડાઈએ, જય હિંદ !

(ડૉ. દાઉદભાઈ ઘાંચી, બજારમાં, ટાવર પાસે, કલોલ. જિ. ગાંધીનગર. ફોન : ૦૨૭૬૪-૨૨૨૩૩૬)

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**વહીવટની વાતો : સરકારી સેવાનાં સંભારણાં / કુલીનચંદ્ર યાજ્ઞિક. વડોદરા : દર્શક ઇતિહાસ નિધિ; વિતરક : અમદાવાદ : રંગદ્વાર પ્રકાશન, ૨૦૧૫. ૧૬ + ૩૯૨ પૃ. કિંમ. રૂ. ૪૦૦.૦૦ ISBN : ૯૭૮-૮૩-૮૦૧૨૫ - ૬૨-૬.**

યાજ્ઞિકસાહેબ (૧૯૨૬) ગુજરાત સરકાર / ભારત સરકારની સેવાઓમાંથી સનદી અધિકારી તરીકે સેવાનિવૃત્ત (૧૯૮૬), પરંતુ હાડે શિક્ષણ અને સાહિત્યનો જીવ. અને તેથી જ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના સંબંધી કાર્યમાં સાતત્યતા અને ઝડપ આવે તે હેતુસર ગુજરાત સરકાર દ્વારા તેમને નિવૃત્તિ બાદ ખાસ ફરજ ઉપરના અધિકારી તરીકે નિયુક્ત કર્યા હતા, તેમ જ આ યુનિવર્સિટીની વિધિવત સ્થાપના (૧૭ મે, ૧૯૮૬) થયા બાદ તેના પ્રથમ કુલપતિ તરીકે નિયુક્ત કરતાં તેમણે આ પદ ઉપર બે ટર્મ (૩૧ જુલાઈ, ૧૯૯૨) સુધી શિક્ષણક્ષેત્રે અનેકવિધ નવતર અને પહેલવૃત્તિવાળા પ્રયોગો સાથે યશસ્વી સેવાઓ આપતા કુલપતિપદના ગૌરવની એક મિસાલ પ્રસ્થાપિત કરી હતી.

પ્રસ્તુત ગ્રંથમાં પ્રારંભમાં સૌરાષ્ટ્ર સરકારમાં (રાજ્યોનું ભાષાવાર વિભાજન થતાં સૌરાષ્ટ્ર રાજ્યનું ૧૯૫૬માં મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ અને ત્યાર બાદ ૧૯૬૦માં ગુજરાત રાજ્ય સ્વતંત્ર અસ્તિત્વમાં આવતા ગુજરાત સરકારમાં) માહિતી મદદનીશ તરીકે રાજકોટમાં વર્ષ ૧૯૫૧માં જોડાયા ત્યારથી શરૂ કરી પદોન્નતિ મેળવતાં મામલતદાર, ડેપ્યૂટી કલેક્ટર, આઈ. એ. એસ.માં પસંદગી થતાં કલેક્ટર, રાજ્યપાલશ્રીના સચિવ, અધિક ઉદ્યોગ કમિશનર, મુખ્યમંત્રીશ્રીના સચિવ અને શિક્ષણ સચિવ તરીકે ક્રમશઃ રાજકોટ, પેટલાદ, રાજકોટ, કચ્છ, ડભોઈ, અમદાવાદ, ભરૂચ, ડાંગ, વડોદરા અને ગાંધીનગરમાં આપેલ સરકારી સેવાઓનાં સંભારણાં કાળક્રમાનુસાર ૧૫ પ્રકરણો અને તેનાં ૨૧૪ પેટા પ્રકરણોમાં રજૂ કરવામાં આવ્યાં છે. આ બધા સંસ્મરણો 'માત્ર યાદદાસ્ત'ના આધારે લિપિબદ્ધ થયાં છે. લેખકે અંગત ડાયરી કે રોજનીશી ન લખ્યાનો વસવસો અનુભવતાં નોંધ્યું છે કે 'લખતાં એમ થયું કે રોજનીશી લખી હોત તો સારું હતું. આ બ્રહ્મજ્ઞાન નોકરીને અંતે થયું તે શરૂઆતમાં થવું જોઈતું હતું' ! અહીં આપણને સ્વાતંત્ર્યોત્તરકાલિન ગુજરાતના સવિશેષતઃ વહીવટીતંત્ર અને તેની સાથે સાથે તેના રાજકારણ અને સમાજકારણનો સાડા-ત્રણ દસક (૧૯૫૧થી ૧૯૮૬)નો અંતરંગ પરિચય મળી રહે છે. ગ્રંથનો પ્રારંભ થાય છે લેખકે ૧૯૪૯માં આઈ. એ. એસ.ની લેખિત પરીક્ષા પાસ કર્યા બાદ ઇન્ટરવ્યૂ આપેલ તેના અનુભવથી. ત્યાર બાદ આઝાદી પછી અસ્તિત્વમાં આવેલા નવા સૌરાષ્ટ્ર રાજ્ય (૧૯૪૮-૫૬)ના વહીવટીતંત્રમાં લેખકને જોડાવાનું થતાં તેના અનુભવો વર્ણવવામાં આવ્યા છે, જેમાં નવનિયુક્ત કર્મચારીને તાલીમની આવશ્યકતા, રાજ્યના વિકાસમાં તત્કાલીન પત્ર / પત્રિકાઓ 'ફૂલછાબ', 'જયહિંદ', 'ચેત મછંદર', 'કાઠિયાવાડ ટાઇમ્સ', 'સૌરાષ્ટ્ર' વગેરેની ભૂમિકા, ગાંધી - સરદારથી પ્રભાવિત મુખ્યમંત્રી ઢેબરભાઈની સાદગી, કાર્યનિષ્ઠા, ખૂબ જ ટૂંકાગાળામાં સૌરાષ્ટ્ર રાજ્યે સુશાસન સ્થાપી મેળવેલ સિદ્ધિઓ, સૌરાષ્ટ્ર સરકાર દ્વારા શેઠ નાનજી કાળીદાસ પાસેથી લોન લેવી, ગાંડલ અને ભાવનગર રાજ્ય અને તેના રાજવીઓનાં લોકસેવાનાં કાર્યો વગર સમાવિષ્ટ છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર રાજ્યના મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ સમયે ધારાસભાની અંતિમ બેઠકમાં ધારાસભ્ય બાબુભાઈ વૈદ્ય દ્વારા પોતાના વક્તવ્યમાં તત્કાલીન ઘડીનું વર્ણન કરતાં કાલિદાસના 'શાકુંતલ'નો પ્રખ્યાત શ્લોક

'સેયં યાતિ શકુંતલા પતિગૃહમ્'નો ભાવવાહી સ્વરે મુખપાઠ કરતાં કન્યા વિદાય અને સૌરાષ્ટ્રના વિલીનીકરણની ઘટનાનું સામ્ય સૌ કોઈને ઊંડે ઊંડે સ્પર્શી ગયું. આ ઘટનાના સાક્ષી એવા લેખક વર્તમાન વિધાનસભ્યો / સંસદસભ્યો સાથે તુલના કરતાં નોંધે છે કે 'કોતુક થાય છે : આજની ધારાસભામાં, આવી સંવેદનશીલ નાજુક ક્ષણે આટલો ઉપર્યુક્ત શ્લોક ટાંકનારા કોઈ હશે ? અને હોય તો એ સમજનારા અને માણનારા કેટલા ?'

અહીં આપણને કેટલાક અધિકારીઓ ઉદા., તરીકે પાનાચંદ મહેતા, ડોલરભાઈ બુચ, રમણભાઈ ત્રિવેદી, અશોક મિત્ર, લલિત દલાલ, હરકૃષ્ણલાલ કપૂર, પિમ્પુટકર વગેરે સાથેના કાર્યાનુભાવો, વહીવટી સૂઝબૂઝ, કાર્યનિષ્ઠા, નિખાલસતા, પ્રામાણિકતા વગેરેને આવરી લેતાં મૂઠીભર શબ્દોમાં આલેખન કરતાં રેખાચિત્રો મળી રહે છે, જેમાં લેખકની અદ્‌ભુત યાદદાસ્ત અને વ્યક્તિને નખશિખ ઓળખવાની પારગામી શક્તિનાં દર્શન થાય છે. આ સંબંધી એક ઉદાહરણ જોઈએ. આ સંસ્મરણો જ્યારે 'ગુજરાત સમાચાર'માં ધારાવાહિક સ્વરૂપે પ્રગટ થતાં હતાં ત્યારે તે વાંચીને કોઈ અપરિચિતે લેખકને ફોન કરીને જણાવ્યું હતું કે : 'આ તમે રાજકોટના એક અવલ કારકુન વિશે લખ્યું છે, તે જ સમયે મારા પિતા કલેક્ટર કચેરીમાં હતા – ગોંડલના વતની પ્રવીણભાઈ બુચ. તમે એમના વિશે જ લખ્યું છે ને ?' મેં હા કહી એટલે તેમણે કહ્યું, 'તમે એમનું આબેહૂબ વર્ણન કર્યું છે. એ જ ઓછાબોલો સ્વભાવ, એ જ કુશળતા, એ જ ચીવટ ! વાંચીને ઘણો આનંદ થયો ?' મેં તેમના પોતાના વિશે પૂછ્યું તો કહે, 'હું ગુજરાત હાઈકોર્ટનો નિવૃત્ત જજ દિનેશભાઈ બુચ'. મારા આશ્ચર્ય અને આનંદની અવધિ !... આ ઉપરાંત રાજકારણીઓ પૈકી મુખ્યમંત્રી ઢેબરભાઈ તથા જીવરાજ મહેતા, પીઢ કોંગ્રેસી કાર્યકર પ્રેમજીભાઈ ઠક્કર, રાજ્યપાલ શ્રી વિશ્વનાથન તથા શારદા મુખરજી વગેરેના ચરિત્રોમાં તેમની ચારિત્રિક સંપદાની સાથે સાથે કેટલીક પ્રાયઃ અ-જ્ઞાત માહિતી ઉજાગર કરવામાં આવી છે.

સુરેખ વ્યક્તિચિત્રો ઉપરાંત આ ગ્રંથની આગવી વિશેષતા એ કે લેખકના સેવાકાળનાં સ્થળો પૈકી કચ્છ, સુરત, ડભોઈ, ભરૂચ, ડાંગ અને વડોદરાનાં સ્થળચિત્રણોમાં ઐતિહાસિક – સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિને આવરી લઈ પ્રવર્તમાનકાલીન પરિસ્થિતિનો સુરેખ અહેવાલ આપ્યો છે, જેમાં લેખકના ઇતિહાસ જ્ઞાનની સાથે સાથે ગદ્યછટાનાં – ભાષાપ્રભુત્વનાં પણ સહજમાં દર્શન થાય છે. ઉદા., તરીકે : ''ભૃગુઋષિનું ભૃગુકચ્છ તે લાટનું પાટનગર ભરૂચ, મુનશીનું ભરૂચ, કાક અને મંજરીનું ભરૂચ, પં. ઓમકારનાથ અને પુરાણીભાઈઓનું ભરૂચ, છોટે સરદાર અને ચંદ્રશંકર ભટ્ટનું ભરૂચ ! ૪૨'ની ચળવળમાં છોટુભાઈએ ભૂગર્ભમાં રહીને બહારવટું કર્યું, અને ચંદ્રશંકરે વેડચ (જંબુસર)નું પોલીસ સ્ટેશન કબજે કરી ઇતિહાસ સર્જેલો !.... ઝાંખા દીસતા ભરૂચના અંતરમાં આશ્ચર્યો પડેલાં જોવા મળે. એની ભરૂચી બોલી વિશિષ્ટ. એનું વકીલ મંડળ પરંપરાગત ગુણવત્તાવાળું.'' આ જ રીતે વડોદરાનું વર્ણન પણ દૃષ્ટવ્ય બની રહે છે : ''વડોદરા ! શ્રીમંત સયાજીરાવનું વડોદરા ! શ્રી અરવિંદ અને શ્રીમન્ નૃસિંહાચાર્યનું વડોદરા ! માધવરાવ અને કૃષ્ણમાચારી સુધીના દીવાનોનું વડોદરા, પ્રેમાનંદ, ર. વ. દેસાઈ અને રાયચુરાનું વડોદરા... અહીંના જ્યોતિર્ધરોની યાદી કરવા જઈએ તો પાર ન આવે. સયાજીનું નામ લીધું તેમાં બધા આવી ગયા !... અમદાવાદ કરતાં નાનું, પણ વડોદરા વધારે સુંદર અને ભવ્ય... સંસ્કારી અને શાલીન નગર... ગુજરાતના હૃદયે વિરોજતો કૌસ્તુભમણિ !... 'મેઘદૂત'ના યક્ષ કરતાંય બમણો સમય દંડકારણ્યના આશ્રમોમાં ગાળીને વડોદરાના સ્વર્ગ સમી અલકાપુરીમાં રહેવાનું થયું – 'વસતિ અલકા નામયક્ષેશ્વરાણામ' !''

આઈ.એ.એસ.માં પસંદ થયા બાદ કલેક્ટર તરીકે ભરૂચમાં બદલી થતાં ૧૯૬૯માં ભરૂચમાં રેલ સંકટ તથા અમદાવાદમાં ભયંકર કોમી રમખાણો ફાટી નીકળતાં તનાવગ્રસ્ત ભરૂચ અને ૧૯૭૦ના ધરતીકંપ સમયે વહીવટી દક્ષતાથી કરેલાં સેવાકાર્યો અને મેળવેલ લોકચાહના તથા ભરૂચની કેડર પોસ્ટ ઉપરથી ડાંગમાં નોન કેડર પોસ્ટ ઉપર કલેક્ટર તરીકે બદલી થતાં 'જેની લપેટો મને સાત વરસ સુધી દઝાડતી અને દુભવતી રહી' છતાં 'ફરજમાં કોઈ ચૂક ન આવે તે માટે બંને બાબતો અલગ રાખી' ડાંગની શાંતક્રાંતિના કાર્યમાં નિમિત્ત

બનીને – ખેડૂતોને જમીન ઉપર માલિકી હક અપાવવા, પંચાયતી રાજની સ્થાપના, સહકારીપ્રવૃત્તિ, આરોગ્ય અને શિક્ષણ સુધારણા અર્થે કરેલાં કાર્યો – મેળવેલ 'જોબ સેટિસ્ફેકશન' કોઈ પણ સ્તરના કર્મચારી / અધિકારી માટે પ્રેરણાદાયી અને અનુકરણીય બની રહેશે. વડોદરાના કાર્યકાળ દરમિયાન નવનિર્માણ આંદોલન, વડોદરામાં જાહેર અશાંતિનું કારણ બને તેવી ભારે ભીડવાળા ચોકની વચોવચની જૂની દરગાહનો પ્રશ્ન હલ કરવો તથા અન્ય પ્રસંગોપાત્તની ભારે કુનેહપૂર્વક કરેલી કામગીરી તેમની કારકિર્દીમાં મોરપિચ્છ સમાન છે. આ આખું પ્રકરણ વડોદરાના સ્વાતંત્ર્યોત્તરકાલીન ઇતિહાસ માટે 'સોનાની ખાણ' સમાન છે. અંતિમ પ્રકરણ 'આખરી પડાવ'માં શિક્ષણ સચિવ તરીકેના અનેકવિધ સંભારણાં વર્ણવ્યાં છે. આ પૈકી સરકારી બાબુઓની સંકુચિત માનસિકતાને ઉજાગર કરતી ઘટના – ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન દ્વારા 'શ્રીમદ્‌ભાગવત'ની ચિકિત્સક આવૃત્તિ તૈયાર કરવા માટે અનુદાનની માગણીના સંદર્ભે ભાગવતને ધાર્મિક ગ્રંથ ગણાવીને 'સેક્યુલર' સરકાર તેને અનુદાન ન આપી શકે તેવી નાણાં વિભાગની નોંધના આધારે અનુદાન મંજૂર ન કરવું –ની વાસ્તવિકતાને પિછાણીને, લેખકે નાણાં સચિવને – 'બાલકૃષ્ણન એમનું નામ અને ભાગવતનું કામ !' – ફોન કરીને આડે પાટે ચઢેલી ફાઈલને પાટે ચઢાવી મંજૂરી મેળવી આપી.

'રાજભવન' પ્રકરણમાં રાજભવનની તંત્ર-વ્યવસ્થા, રીતિ-નીતિ, ૧૯૭૬માં દેશમાં લાદવામાં આવેલી કટોકટી અને ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન, અમદાવાદથી ગાંધીનગરમાં રાજભવન સ્થાનાન્તરિત કરવું અને આનુસંગિક ઘટનાઓ, રાજભવનના વી.આઈ.પી. મહેમાનો, બ્રિટનના વડાપ્રધાન કેલાહનની મુલાકાત ટાણે ગર્વનર વિશ્વનાથન દ્વારા અમદાવાદમાં બ્રિટિશ લાઇબ્રેરી શરૂ કરવાનું સૂચન કરતાં તેની શરૂઆત થવી વગેરે અનેકવિધ રસિક વિગતો આવરી લીધી છે. ઉપરાંત ગવર્નરની ગરિમાને ઉજાગર કરતી એક ઘટના એ કે તત્કાલીન વડાપ્રધાન ઇંદિરાજીએ ગુજરાતના ગવર્નર તરીકે વિશ્વનાથનને પસંદ કર્યા હોવા છતાં વડાપ્રધાનના વિશ્વાસુ મંત્રી વિદ્યાચરણ શુક્લ ગુજરાતની મુલાકાત ટાણે રાજભવનમાં રાજકીય પ્રવૃત્તિઓ શરૂ કરતાં તેમને જણાવ્યું હતું કે, 'તમે આદરણીય મહેમાન છો. પણ કોઈ રાજકીય પ્રવૃત્તિ રાજભવનમાં કરવી યોગ્ય ન લેખાય' ધ્યાનાર્હ બની રહે છે.

પ્રસંગોપાત્તના માર્મિક કટાક્ષો ઉદા. તરીકે 'મુસાફરી ભથ્થા માટે દિવસનો ભાગ પણ દિવસ ગણાય, પણ ફરજ સંભાળવા માટે ખૂલતી ઑફિસે પહોંચી જાઓ તો જ હાજર ગણાઓ', 'રાજભવન સરગાપુરી જેવું, ત્યાં વરસ-બે વરસ કાઢી તો પાંગળા બની જઈએ', 'વી. શંકર સરદારસાહેબના કુશળ સચિવ તરીકે જાણીતા હતા. સરદારના અવસાન પછી આવા મેઘાવી, કુશળ અને અનુભવી અમલદારની દિલ્હીમાં જરૂર રહી નહિ એટલે તેમને પાછા મુંબઈ મોકલ્યા. રાજ્ય સરકારે તેમને બનાસકાંઠા જેવા પછાત જિલ્લાના કલેક્ટર બનાવ્યા !', 'સરકારની ઘણી યોજનાઓ સારી હોય છે, પણ દૃષ્ટિ અને ચેતનવિહોણા તંત્રવાહકોના હાથમાં તે અટવાઈ જાય છે.' વગેરે અને અનુભવજન્ય વિચારમૌક્તિકો પણ અત્ર-તત્ર વિખરાયેલાં જોવા મળે છે, જેમાં લેખકની ચિંતનપ્રતિભાનાં દર્શન થાય છે, જે આ ગ્રંથની મોંઘેરી મિરાત સમાન છે. આ ઉપરાંત જાહેર વટીવટની નરમાળી અને મરમાળી ઘટનાઓની ગૂંથણીથી અધિકારીઓની કાર્યશૈલીનો પણ સહજમાં પરિચય મળી રહે છે.

માહિતી મદદનીશથી સચિવ કક્ષા સુધી પદોન્નતિ મેળવનાર એક સંવેદનશીલ અને રોલ-મોડેલ સરકારી કાર્યશીલ અધિકારીની વહીવટીય સેવાઓના જાત-અનુભવોને વાચા આપતો આ ગ્રંથ વિવિધસ્તરના સરકારી / બીનસરકારી કર્મચારી / અધિકારી વર્ગને પોતાના અસ્તિત્વની / ફરજની ઓળખ કરાવીને લોકહિતાર્થે સાચા કર્મયોગીમાં પરિવર્તિત થવા ઉદ્દીપકની ભૂમિકા અદા કરશે. આજે પણ એન્ડરસનનું મેન્યુઅલ મહેસૂલ વહીવટનું 'બાઇબલ' ગણાય છે, તો કેટલાક ઉત્તમ અધિકારીઓની કાર્યશૈલી જાણવા તથા તદ્‌અનુસાર પોતાની જાતને ઢાળવા માટે ફિલિપ વુડરફ કૃત 'મેન હૂ રૂલ્ડ ઇંડિયા' એક ઉત્તમ પુસ્તક ગણાય છે, તેમ પ્રસ્તુત સંભારણાં પણ અનેકવિધ વહીવટીય સમસ્યાઓના ઉકેલ માટે આસ્વાદ્ય અને સ્મરણીય બની રહેશે. ઉલ્લેખનીય છે કે આ પૂર્વે ગુજરાતી સનદી

અધિકારીઓ પૈકી ગુજરાતી ભાષામાં લલિત દલાલ અને જમનાદાસ શાહનાં અને અંગ્રેજી ભાષામાં વસંત મહેતા તથા અનિલ શાહનાં સંસ્મરણો પ્રકાશિત થયાં છે. આ ઉપરાંત મોરારજી દેસાઈના અંગત સચિવ તથા આઈ. પી. સી. એલ.ના ચૅરમૅન રહી ચૂકેલા શ્રી હસમુખ શાહકૃત તાજેતરમાં પ્રગટ થયેલ આત્મકથનાત્મક ગ્રંથ 'દીઠું મેં...' પણ જાહેરજીવનનો – વહીવટી ક્ષેત્રનો એક ઉત્તમ દસ્તાવેજી અને આસ્વાદ્ય ગ્રંથ છે. આ બધાં સંસ્મરણો પૈકી પ્રાયઃ જિલ્લા – કક્ષાના વહીવટના વ્યાપક અનુભવોને અભિવ્યક્ત કરતો આ એકમાત્ર ગ્રંથ હોવાથી તેનું અદકેરું મૂલ્ય બની રહે છે. શૈક્ષણિક તથા સાર્વજનિક ગ્રંથાલયો ઉપરાંત સરકારી વહીવટીય વિભાગો માટે પણ આ ગ્રંથ આગવું ઘરેણું બની રહેશે.

સમગ્ર રીતે જોતાં પ્રસ્તુત વહીવટી સંભારણામાં લેખકે યથાસંભવ પોતાની જાતને દૂર રાખીને તથા સેવાકાળ દરમિયાનના અવરોધો અને અડચણોને ધ્યાને લીધા સિવાય વહીવટીતંત્રમાં સૌને સાથે રાખીને કરેલ કામગીરીનું સ-રસ આલેખન કર્યું છે. આ સાથે જ આપણને લેખકના સંવેદનશીલ અને કર્મયોગી વ્યક્તિત્વ તથા જીવનશૈલીની પણ ઝાંખી મળી રહે છે. પ્રકારાન્તરે આ સંસ્મરણો લેખકની આત્મકથાનો પર્યાય બની રહે છે. અહીં આપણને આગળ ઉપર ઉલ્લેખ કર્યા મુજબ સ્વાતંત્ર્યોત્તર ગુજરાતના પ્રાયઃ સાડા ત્રણ દસકના રાજકારણ, સમાજકારણ, વ્યવસ્થાતંત્ર વગેરે સંબંધી તથ્ય આધારિત ઘણી બધી જ્ઞાત અ-જ્ઞાત ઘટનાઓ સુલભ કરી આપી છે, જે ગુજરાતના સામ્પ્રતકાલીન ઇતિહાસ માટે બહુમૂલ્ય પુરવાર થશે. લેખકની સર્જકપ્રતિભાનું ઉદાહરણ એ કે સેન્સસ જેવી શુષ્ક કામગીરી દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે 'ગુજરાતનાં કાષ્ઠશિલ્પો' વિશે એક બહુમૂલ્ય દસ્તાવેજી ગ્રંથનું સર્જન. સમીક્ષિત ગ્રંથની પ્રાસાદિક ભાષા-શૈલી અને પ્રકરણોનાં પેટાપ્રકરણો માટે પ્રયોજેલ કાવ્યાત્મક શીર્ષકોમાં પણ લેખકનાં ભાષાપ્રભુત્વની પ્રતીતિ થાય છે. આ ઉપરાંત 'સચિવાલયમાં પણ માસ્તરગીરી' અર્થાત્ સરકારી ફાઈલોમાં પણ ગુજરાતી ભાષાની સાચી જોડણીના આગ્રહી બની રહ્યા હતા, જેની પ્રતીતિ મહારાષ્ટ્ર દ્વારા 'ગુજરાત'ની કરવામાં આવતી જોડણી 'Gujarath' – 'ગુજરાથ' સુધરાવવામાં તથા એક ઉદાહરણ સ્વરૂપ આશીર્વાદત્મક કાર્ય એ કે સૌથી સિનિયર અધિકારીના ખાનગી અહેવાલમાં ગરબડિયા અક્ષરોના કારણે 'સરળ'ના સ્થાને 'અલસ' શબ્દ વંચાતાં તેનો અર્થ 'આળસુ સ્વભાવના છે' તેથી બઢતી આપવા પાત્ર જણાતા નથી તેવી નાયબ સચિવની નોંધના મૂળમાં જઈને સંબંધિત અધિકારીને થતો અન્યાય નિવારેલ વગેરે દ્વારા થાય છે. આ માટે તેઓશ્રીનો સવાલ એ હતો કે : ગુજરાતની સમસ્ત પ્રજાને તેની માતૃભાષા શિખવાડવાની જેની જવાબદારી હોય તે શિક્ષણ વિભાગમાંથી ખામીવાળુ લખાણ બહાર કેમ જવા દેવાય ? કોઈ પાસે જવાબ કાનૂની કિતાબમાં નહીં તેવી આ પ્રતિબદ્ધતા ક્યાં શોધીશું ?

યાજ્ઞિકસાહેબ એક સંવેદનશીલ અને કુશળ પ્રશાસક હોવાની સાથે સાથે શિક્ષણવિદ પણ છે. કુલપતિ તરીકેનો બહોળો અનુભવ ધરાવે છે. તેથી આપણે તેમને વિનંતી કરીએ કે વહીવટીસેવાનાં સંભારણાં જેવો યુનિવર્સિટીના વહીવટ સંબંધી પોતાના સંસ્મરણો અને 'યુનિવર્સિટી એટલે શું ?' તે દર્શાવતો ગ્રંથ આપે. આજની યુનિવર્સિટીઓનું વ્યવસ્થાતંત્ર પ્રાય : રાજકીય પ્રવૃત્તિઓના અખાડામાં પરિવર્તિત થતું જાય છે – નિશ્ચેતન થતું જાય છે, સ્વાયત્તતા નામશેષ થતી જાય છે, ઉચ્ચશિક્ષણનું સ્તર કથળતું જાય છે અને કુલપતિઓ શોભાના બની રહે છે યા બનાવી દેવામાં આવતા હોય છે તેવી સ્થિતિમાં સૂચિત ગ્રંથ યુનિવર્સિટી સંચાલનના સહભાગીઓ Stackholders માટે માર્ગસૂચકસ્તંભ પુરવાર થશે.

**મણિભાઈ પ્રજાપતિ**

**શાશ્વત મંત્ર**

ગાંધીએ ઉપનિષદ જેવો એક શાશ્વતમંત્ર આપ્યો છે : There is enough for everyone's need, but not for any one's greed. આ પૃથ્વી દરેકે દરેકની જરૂરિયાતને પહોંચી વળે તેમ છે, પરંતુ કોઈ એકની લોભલાલસાને નહીં જ. (ભૂમિ. ૧૨-૧૨-૧૦)

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આઈ. એ. એસ.

● UPSC, નવી દિલ્હી દ્વારા ડિસેમ્બર-૨૦૧૫માં લેવાયેલ સનદી સેવાઓ માટેની મુખ્ય પરીક્ષા મમતા IAS ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગરના ૧૨ વિદ્યાર્થીઓ : ૧. ડૉ. રવીન્દ્ર પટેલ, ૨. ડૉ. કૃણાલ રાઠોડ, ૩. શ્રી કિશોર રાઠવા, ૪. શ્રી હર્ષનિધિ ચક્રવર્તી, ૫. શ્રી કોમલ પટેલ ૬. શ્રી પંકજ દેસાઈ, ૭ શ્રી રવિ થેસિયા, ૮. શ્રી જય બારોટ, ૯. શ્રી દેવાંસુ ધોરાજિયા, ૧૦. શ્રી પ્રવીણ જયતાવત, ૧૧. શ્રી મિલાપ પટેલ અને ૧૨. શ્રી શ્રેયસ પટેલે ઉત્તીર્ણ કરી છે. હવે આ વિદ્યાર્થીઓ એપ્રિલ-મે, ૨૦૧૬માં મૌખિક ઇન્ટરવ્યૂ માટે ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર ભારતમાંથી આ પરીક્ષા ૨૭૯૭ વિદ્યાર્થીઓએ ઉત્તીર્ણ કરી છે.

### ઝેનેસિસ-૨૦૧૬

● તા. ૨-૩ એપ્રિલ, ૨૦૧૬ના દિવસોમાં એલ.ડી.આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી ઍન્ડ રિસર્ચ, ગાંધીનગરમાં રાષ્ટ્રીયસ્તરના ૯મા 'ઝેનેસિસ-૨૦૧૬' ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો થીમ 'એમ્પાવરીંગ ઇન્ડિયા પાવરીંગ ધ વર્લ્ડ = Empowering India Powering the World' રાખવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ૪૦થી વધુ સ્પર્ધાઓ અને ૪ વર્કશોપમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કેપજેમીની (Capgemini) કંપનીના એસોસિએટ વાઇસ પ્રેસિડેન્ટ અને લોકેશન હેડ શ્રી નિકુંજ પટેલ અને HR મૅનેજર શ્રી દર્પેશ પરમાર હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત શ્રી નિકુંજ પટેલે સ્ત્રી સશક્તિકરણ, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, ઇન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી અને ઇનોવેટીવ પ્રોજેક્ટ વિશે ઉદ્‌બોધન કર્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે યુનિવર્સિટીની વિકાસગાથા અને સિદ્ધિઓ વર્ણવતાં જણાવ્યું હતું કે યુનિવર્સિટી દ્વારા અત્યાર સુધીમાં ૧૦ પેટન્ટ રજિસ્ટર્ડ કરાવવામાં આવી છે અને આવતા દસ વર્ષમાં ૧૦૦ પેટન્ટ ફાઇલ કરવાનું અમારું ધ્યેય છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ મંડળ સમાજને ઉપયોગી બને તેવાં સંશોધનો કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા કૃતનિશ્ચયી છે. મહોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, ડાયરેક્ટર પ્રો. ડી. ટી. કાપડિયા, પ્રિન્સિપાલ શ્રી ગાર્ગીબહેન રાજપરા, અધ્યાપકો, વિદ્યાર્થીઓ વગેરે હાજર રહ્યા હતા. આ પ્રોગ્રામમાં રોબોટિક્સ, ઓટોમોબાઈલ વર્કશોપ, રોબો કબડ્ડી, પ્રોગ્રામિંગ કોમ્પિટિશન, લેન ગેમિંગ, રોબો વોર, પાણીમાં ચાલતા રોબોટો તથા ઇલેક્ટ્રોનિક્સ અને ઇલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટની વિવિધ સ્પર્ધાઓએ આકર્ષણ પેદા કર્યું હતું. વિદ્યાર્થીઓએ ડોમ બનાવવા માટે તથા બ્રિજ બનાવવાના ઇનોવેટિવ આઇડિયા રજૂ કર્યા હતા.

### પરિસંવાદ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૯ માર્ચ, ૨૦૧૬ના રોજ AMA મુકામે ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોસ્ટ એકાઉન્ટ્સ ઑફ ઇન્ડિયા (અમદાવાદ ચેપ્ટર) દ્વારા આયોજિત સ્ટુડન્ટ્સ કન્વેન્શનમાં ૧૪ પેપરો રજૂ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે મહેમાન પદે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એમ. એન. પટેલ તેમ જ મુખ્ય અતિથિ તરીકે બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના આચાર્ય ડૉ. રમાકાંત પ્રુસ્ટી તથા વેસ્ટર્ન રીજિઅનના ચૅરમેનશ્રી, વાઈસચૅરમેન, કોચિંગ કમિટીના ચૅરમૅન શ્રી પી. ડી. મોઢ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ વિદ્યાર્થીઓને રિસર્ચ તેમ જ આજની શિક્ષણવ્યવસ્થામાં સફળતા મેળવવા માટે શિખ આપી હતી. પેટલાદ મુકામે યોજાયેલ રાજ્યકક્ષાના કાર્યક્રમમાં

પણ આ કૉલેજના વિદ્યાર્થીઓ એ ૧૭ રિસર્ચ પેપર રજૂ કર્યાં હતાં. જેમાંથી ૪ પેપર રજૂ કરનાર ૬ વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. આ બંને કાર્યક્રમમાં ત્રણ સંશોધન પત્રો પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર પેટે અનુક્રમે રૂ. ૧૦૦૦, ૭૫૦ અને ૫૦૦નો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

● એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૨૪-૨-૧૬ના રોજ બ્રહ્માણી કૃપા હૉલ ખાતે WDCના ઉપક્રમે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિ. ડૉ. નિરજા અરૂણ ગુપ્તા (ભવન્સ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ) વિષય નિષ્ણાત તરીકે હાજર રહ્યાં હતાં. તેમણે 'મોડર્ન ખરેખર શું ?' વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે ૨૮૦ જેટલી વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી.

## પ્લેસમેન્ટ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે પ્રિ-પ્લેસમેન્ટ વાર્તાલાપનું આયોજન તા. ૯ માર્ચના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ફાઇનલ ડેસ્ટિનેશન (કમ્પલિટ સોલ્યૂશન)ના એચ. આર. મૅનેજર તેમ જ આ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી અભિષેક ભટ્ટ તેમ જ કંપનીના એડમિનિસ્ટ્રેટિવ ઑફિસર કાનલ મૅડમ દ્વારા વિદ્યાર્થીઓને માર્કેટિંગ પ્રેક્ટિસ, જોબ દરમિયાનની પ્રોફાઇલ તથા કોમ્યુનિકેશન વગેરે અંગે સમજણ પૂરી પાડવામાં આવી હતી. ત્યાર બાદ બે રાઉન્ડના અંતે ૧૫ વિદ્યાર્થીઓની પસંદગી કરીને ફાઇનલ ડેસ્ટિનેશનની ઑફિસમાં જોબ પ્રોફાઇલ સમજાવી ત્રણ કલાકની ટ્રેનિંગ આપી હતી.

## મહિલા દિન

● તા. ૩-૩-૧૬ના રોજ એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના WDC સેલ દ્વારા ઇન્ટરનૅશનલ વુમન્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત 'સ્વચ્છતામાં સ્ત્રીની ભૂમિકા' શીર્ષક હેઠળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

## રક્તદાન શિબિર

● તા. ૧-૨-૧૬ના રોજ કડી સર્વ વિશ્વવિદ્યાલયના એન. એસ. એસ. યુનિટ તથા કાલુપુર બૅંકના સંયુક્ત ઉપક્રમે એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા ફાર્મસી કૉલેજ કૅમ્પસમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના સદ્‌ગત પ્રેસિડેન્ટ શ્રી માણેકલાલ પટેલ 'સાહેબ'ના જન્મદિવસ નિમિત્તે તેમની સ્મૃતિમાં રક્તદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કડીમાં પણ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને શિબિરોમાં સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા ૮૦૦ ઉપરાંત બોટલ રક્તદાન કરવામાં આવ્યું હતું.

## લોકગીત સ્પર્ધા

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯-૨-૧૬ના રોજ લગ્નગીત-લોકગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરની વિવિધ શાળા / કૉલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લઈને લગ્નગીતો અને લોકગીતોની પ્રસ્તુતિ કરી હતી. આ સ્પર્ધામાં એ. એ. પટેલ કૉમર્સ કૉલેજની વિદ્યાર્થીની ચૌધરી નિર્મલા તથા ઉમા આર્ટ્સ કૉલેજની પૂજા જાદવ અને એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના વિદ્યાર્થી ગવળી જિતેન્દ્ર અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાને વિજેતા થયા હતા.

## વાર્ષિકોત્સવ

● એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા ૧૪મા વાર્ષિક દિવસની ઉજવણી શેઠ શ્રી ખીમજી વિશ્રામ હૉલ ખાતે તા. ૪-૩-૧૬ના રોજ કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યના એન. એસ. એસ. સંયોજક શ્રી કમલકુમાર કર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમેન ડૉ. કનુભાઈ પટેલ, ભગિની સંસ્થાઓના આચાર્યશ્રીઓ તથા જે ગામોમાં એન. એસ. એસ. કૅમ્પ યોજવામાં આવ્યા હતા તે ગામોના સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધન પ્રિ. ડૉ. વિજ્ઞા ઓઝાએ કર્યું હતું. મુખ્ય મહેમાનશ્રીએ કૉલેજની એન. એસ. એસ. પ્રવૃત્તિઓને બિરદાવીને આ સેવાનું હાર્દ સમજાવ્યું હતું. અગ્રણી શિક્ષણવિદ્ ડૉ. હેમંત ત્રિવેદીએ વિદ્યાર્થીઓને સફળતા મેળવવા માટે ઉપયોગી ટીપ્સ ઉદાહરણ સહિત આપી હતી અને ચોક્કસ ધ્યેયો સાથે આગળ વધવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે વર્ષ દરમિયાન શિક્ષણ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનારા વિદ્યાર્થીઓને ટ્રોફી અને સન્માનપત્ર એનાયત કરીને

નવાજવામાં આવ્યાં હતાં.

## વિદાય સમારોહ

● એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના ટી. વાય. બી. કોમ તથા એમ. કોમ. સેમ-૪ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ તા. ૨૨-૩-૧૬ના રોજ શેઠશ્રી ખીમજી વિસરામ હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં સૌનું હૃદયના ઉમળકાથી સ્વાગત કરી કૉલેજની ગતિવિધિઓની ઝાંખી પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે એમ. કોમ, સેમેસ્ટર-૪ના કેટલાક વિદ્યાર્થીઓએ કૉલેજજીવનનાં સંસ્મરણો ભાવુકતા સાથે વાગોળ્યાં હતાં. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી.

## વિશ્વમહિલા દિન

● વિશ્વમહિલા દિન નિમિત્તે કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા 'એક કદમ આત્મનિર્ભરતાકી ઓર કાર્યક્રમ' દ્વારા 'વુમન એન્ટરપ્રિન્યોરશિપ સેલ' ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે આયમા ક્રિએશન્સનાં ડાયરેક્ટર મીના કાવયા, અતિથિ વિશેષ તરીકે મેન્સ્ટ્રપિડિયાના સ્થાપક અદિતિ ગુપ્તા તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિશ્વવિદ્યાલય સંલગ્ન વિવિધ કૉલેજોની ૧૦૦૦થી પણ વધારે વિદ્યાર્થિનીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમના પ્રારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના સ્ત્રી-સશક્તિકરણ યુનિટના કો-ઓર્ડિનેટર પ્રો. કૃતિ પટેલે સૌનું સ્વાગત કરીને મહેમાનશ્રીઓનો પરિચય કરાવીને સ્ત્રી સશક્તિકરણનું હાર્દ રજૂ કર્યું હતું. મુખ્ય અતિથિશ્રી મીના કાવયાએ પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું કે પ્રવર્તમાન સમયમાં મહિલાઓ માટે લઘુ ઉદ્યોગો માટે સારામાં સારું ભવિષ્ય છે. મહિલાઓએ હવે પોતાની લઘુતાગ્રંથિથી બહાર આવવાની જરૂર છે. પુરાણોમાં સ્ત્રીને શક્તિ ગણવામાં આવી છે, પરંતુ સમયના પ્રવાહમાં તે અપાર શક્તિ ક્યાંક દબાઈ ગઈ છે. આ શક્તિને બહાર લાવવા મક્કમ મનોબળ અને અતૂટ વિશ્વાસ અતિઆવશ્યક છે. અતિથિ વિશેષ અદિતિ ગુપ્તાએ જણાવ્યું કે સ્ત્રીઓએ નવા Bussiness ideaને પોતાની અતુલ્ય ક્ષમતાથી સફળતા તરફ લઈ જવા જોઈએ તેમ જ સમાજના ઉત્થાન માટે સ્ત્રીઓએ પરંપરાગત માન્યતાઓમાંથી બહાર નીકળી પોતાના પ્રત્યે સભાન થવાની જરૂર છે. આ પ્રસંગે www.wecksv.org વેબસાઇટનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ યુનિવર્સિટીની ૧૫ જેટલી ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ કે જેમણે પોતાની જાત મહેનતે પોતાનો વ્યવસાય ઊભો કરી સફળતા હાંસલ કરી છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## વ્યાખ્યાન

● કડી સર્વ વિશ્વવિદ્યાલયના સ્તરેથી ગ્લોબલ ટ્રેનિંગ એજ્યુકેશન પ્રોગ્રામ (બ્રિટિશ કાઉન્સિલ) સાથે થયેલ બેઠકના અનુસંધાનમાં બ્રિટિશ કાઉન્સિલ દ્વારા વિદ્યાર્થી જાગૃતતા માટેના વ્યાખ્યાનનું આયોજન એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તા. ૯-૨-૧૬ના રોજ કરવામાં આવ્યું હતું.

## શહીદોને પુષ્પાંજલિ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના એન. એસ. એસ. યુનિટ દ્વારા દેશની આઝાદી કાજે શહીદ થયેલા ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં એન. એસ. એસ.ના ૨૦૦થી વધુ સ્વયંસેવકોએ ભાગ લઈને આજના દિવસને બ્લેક-ડે તરીકે ઊજવ્યો હતો અને દેશની સમસ્યાઓના હલ માટે પ્રયાસરત થવાનો નિશ્ચય કર્યો હતો.

## સર્વ નેતૃત્વ

● વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત 'સર્વ નેતૃત્વ-૧૪' (લીડરશિપ ટ્રેઇનિંગ પ્રોગ્રામ) તા. ૨૫થી ૨૯ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમાં ગાંધીનગર અને કડી કૅમ્પસની જુદીજુદી ૧૦ કૉલેજોના ૬૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન અને વ્યક્તિ પ્રતિભાના ગુણો વિકસે તેમ જ દેશના જવાબદાર નાગરિક તરીકેની જવાબદારીથી વાકેફ થાય તેથી ૨૦૦૯થી તેનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ટ્રેનર શ્રી સુરેશ પટેલ અને અન્ય વિષય નિષ્ણાત દ્વારા રચનાત્મક રીતે યુવા વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિઓ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ,

પ્રેઝન્ટેશન, જૂથ સંવાદ, ટેલેન્ટ ઇવનિંગ અને વિવિધ રમતો થકી ટાઇમ મૅનેજમેન્ટ, લીડરશિપ, ઇવેન્ટ મૅનેજમેન્ટ અને ટીમવર્કિંગની ક્ષમતાને બહાર લાવવા પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સમજે તે આશયથી પાંચ દિવસીય નિવાસી શિબિરના છેલ્લા દિવસે શિબિરાર્થીઓને ગાંધી આશ્રમ, સેવા આશ્રમ અને માનવ સાધના કેન્દ્ર, અમદાવાદની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્ર પટેલ અને સહાયક તરીકે કડીની બી. એડ્. કૉલેજનાં પ્રા. પારુલબહેન અને પ્રા. વૈદેહીબહેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## શાળા વિભાગ

### ખેલમહાકુંભ

● તા. ૭-૨-૨૦૧૬ના રોજ જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભમાં શ્રીમતી એસ. બી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળાની ધોરણ ૧૧-Aની વિદ્યાર્થિની કુ. ભૂવનેશ્વરી એચ. ચૌહાણે ગોળા ફેંક સ્પર્ધામાં ૧૦.૬૭ મીટર દૂર ગોળો ફેંકીને તથા ચક્રફેંક સ્પર્ધામાં ૨૧.૪૫ મીટર દૂર ચક્રફેંકી ને જિલ્લામાં પ્રથમ નંબર મેળવતાં રૂ. પાંચ-પાંચ હજારનું રોકડ ઇનામ અને પ્રમાણપત્ર મેળવ્યાં.

### ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

● તા. ૨૭-૨-૨૦૧૬ના રોજ શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક સ્કૂલ, ગાંધીનગરના ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા ગણિત-વિજ્ઞાનનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રા. શાળાનાં આચાર્યાશ્રી નિરૂબહેન પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે અન્ય ભગિની શાળાઓના આચાર્યશ્રીઓ શ્રી બચુભાઈ પટેલ, શ્રી ચીનુભાઈ પટેલ અને શ્રી દિનાબહેન ડોડિયાએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં. આ પ્રદર્શનમાં કુલ-૬૫ મોડલ્સ રજૂ કરવામાં આવ્યાં હતાં. આ પૈકી બાયોગૅસ પ્લાન્ટ, ક્લેપ સ્વિચ, સ્માર્ટ સિટી, સોલર સિટી, વેક્યુમ ક્લિનર, જ્વાળામુખી, એર લિફ્ટ, સ્મોક એલાર્મ, ભૂકંપ એલાર્મ, ત્રિપરિમાણિય દશ્યનો ખ્યાલ વગેરે મોડલ્સો મુખ્ય આકર્ષણમાં રહ્યાં હતાં.

### બાળઊર્જા રેલી

● નિસર્ગ સાયન્સ સેન્ટર અને બાલઊર્જા રક્ષકદળના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૨૩ના કડી કૅમ્પસથી ટાઉનહૉલ સુધી બાળઊર્જા રક્ષકદળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આ શાળાના ધોરણ-૮ એફના વિદ્યાર્થી ચૌહાણ પુષ્પદિપ હિંમતસિંહે તૃતીય સ્થાન પ્રાપ્ત કરી ૧૦૦૦/- રૂપિયા રોકડ પુરસ્કાર મેળવ્યો. આ રેલીમાં શ્રીમતી એસ. બી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ તથા આર. એન. પ્રાથમિક શાળાના ૨૫ વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ જોડાયાં હતાં.

### બૅંક મુલાકાત

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ ૭ અને ૮ના કુલ ૬૧૦ વિદ્યાર્થીઓએ ધી કાલુપુર કોમર્શિયલ કો-ઑપરેટિવ બૅંકની ગાંધીનગર શાખાની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ખાતાના પ્રકાર, ચેકના પ્રકાર, સેફ ડિપોઝિટ વોલ્ટ, બચત ફોર્મ, પાસ બુક, પૈસા ઉપાડવા માટેનું ફોર્મ, ફિક્સ ડિપોઝિટ, A. T. M. Debit Card, લોન તથા વ્યાજદર વગેરે સંબંધી સમજૂતી બ્રાન્ચ ઑફિસર શ્રી રાજુભાઈ એમ. પટેલે આપી હતી.

### ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા

● ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા સમિતિ, શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા આયોજિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ૩૬૨ વિદ્યાર્થીઓએ આપી હતી, જેમાંથી ધોરણ-૬ના બે વિદ્યાર્થી ૧. પટેલ ધ્રુવિલ નીતિનકુમાર અને ૨. પંચાલ હિત જતીનભાઈ એ સર્વશ્રેષ્ઠ ગુણાંકન પ્રાપ્ત કરતાં રાજ્ય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષા માટે પસંદ થયા.

## માતૃભાષા ગૌરવ દિન

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં 'માતૃભાષા દિન' ઉજવણી નિમિત્તે ધોરણ-૮ના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ સાથે 'લોક સંસાર' અખબાર ભવન સેક્ટર-૧૧ ખાતેના રિપોર્ટર શ્રી મિલેન વ્યાસ, 'ગાંધીનગર સમાચાર'ના જાણીતા કટાર લેખક-કવિ શ્રી સંજય થોરાત અને શ્રી સમીર રામી સાથે વિચાર-વિમર્શનું આયોજન કરવામાં આવ્યું હતું.

## યુવા આર્ટ સ્પર્ધા-૨૦૧૬

● સંસ્કૃતિ આર્ટ ફાઉન્ડેશન, પાલનપુર દ્વારા સ્ટેટ બાળ અને યુવા આર્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ૨૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પૈકી વ્યક્તિગત રીતે શ્રી જીલ પટેલે બાલ કલારત્ન ઍવૉર્ડ (ગોલ્ડ મેડલ) તથા સમૂહમાં કલા ચંદ્ર ઍવૉર્ડ (સિલ્વર મેડલ) તથા બાલ કલા ગરીમા ઍવૉર્ડ (ગોલ્ડ મેડલ) મેળવેલ છે. આ ઉપરાંત આ શાળાના શિક્ષક શ્રી જયકુમાર પંડિતે બેસ્ટ કલા શિક્ષક ઍવૉર્ડ (ગોલ્ડ મેડલ) મેળવેલ છે.

## રસોઈ પ્રશિક્ષણ

● ગાંધીનગરના કડી કૅમ્પસમાં સ્થિત કન્યા છાત્રાલયમાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ હોટલ મૅનેજમેન્ટ દ્વારા રસોઈ વર્ગનું આયોજન તા. ૧૨-૧૨-૧૫થી તા. ૧૨-૨-૧૬ સુધી કરવામાં આવ્યું હતું, જેમાં હૉસ્ટેલની ૩૯ વિદ્યાર્થિનીઓએ ટ્રેનિંગ લીધી હતી. આ અન્વયે ગુજરાતી, પંજાબી, બંગાળી, રાજસ્થાની, ઇટાલિયન, ચાઇનીઝ વગેરે ૬૦થી વધુ વાનગીઓ શીખવવામાં આવી હતી, જેમાં વિવિધ પ્રકારનાં મીઠાઈ, શાક, ફરસાણ, બિરયાની – પુલાવ, દાળ, પરોઠા વગેરેના સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત બિસ્કિટ, કેક, આઇસ્ક્રીમ, રાયતા અને વિવિધ પીણાં પણ ખરાં. બે માસની ટ્રેનિંગ પૂર્ણ થતાં તા. ૧૨-૨-૧૬ના રોજ હોટેલ કેમ્બેના નિષ્ણાત કેટરર્સની ઉપસ્થિતિમાં પરીક્ષા પૂર્ણ થયા બાદ દરેક વિદ્યાર્થિનીને બે જોડ કુકીંગ યુનિફૉર્મ, કુકીંગ કીટ, સર્ટિફિકેટ તથા રૂપિયા ૨૦૦૦/-નો ચેક સ્ટાઇફંડ રૂપે આપવામાં આવ્યો હતો.

## લોકગીત સ્પર્ધા

● અખિલ ભારતીય ગાંધર્વ મહા વિદ્યાલય મંડળ, મુંબઈ દ્વારા પ્રાવેશિક પ્રથમ પરીક્ષા : ૨૦૧૫ અંતર્ગત નૅશનલ કક્ષાની ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ ૭/ડીના વિદ્યાર્થી પટેલ દર્શન ગિરીશભાઈએ લોકગીત રજૂ કરી નૅશનલ લોકગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પુરસ્કાર પેટે રૂ. ૨૫,૦૦૦/- અને લેપટોપ પ્રાપ્ત કરેલ છે. અભિનંદન.

## વિજ્ઞાન દિન

● એસ. જી. અંગ્રેજી પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૧૩-૨-૧૬ના રોજ 'સાયન્સ ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ૧૦૮ જેટલા વિવિધ મોડલ્સ જેમ કે ઊર્જા બચત, વીજ ઉપકરણ, સોલર સિસ્ટમ, વરસાદના પાણીનો સંગ્રહ, અગાશી પર ખેતી વગેરે રજૂ કર્યા હતા.

## વિધાનસભાની મુલાકાત

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૮ના કુલ ૨૮૫ વિદ્યાર્થીઓ અને ૫ શિક્ષકોએ તા. ૨૫-૨-૨૦૧૬ના રોજ ચાલુ વિધાનસભા સત્રની કાર્યવાહી નિહાળી હતી. તેમ જ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની રૂબરૂ મુલાકાત પણ લીધી હતી.

## વક્તૃત્વ સ્પર્ધા

● ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી અંતર્ગત રાજ્યમાં શાળાકક્ષાથી માંડી રાજ્યકક્ષા સુધી નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં શ્રીમતી એસ. બી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગરની માધ્યમિક અને ઉ. મા. વિભાગની બે વિદ્યાર્થિનીઓ કુ. હિરલ ચૌધરી અને કુ. રાજવી શાહ પ્રથમ ક્રમે રહેતાં તેઓ રાજ્ય કક્ષાની વક્તૃત્વ સ્પર્ધા માટે પસંદગી પામ્યાં હતાં. તા. ૧૭-૨-૧૬ના રોજ આયોજિત રાજ્ય કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં રાજ્યના માધ્યમિક અને ઉ. મા. વિભાગના ૬૬ સ્પર્ધકોએ ભાગ લીધો. જેમાં શ્રીમતી એસ. બી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી

એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિની કુ. રાજવી શાહ ઉ. મા. વિભાગની રાજ્ય કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ નંબરે વિજેતા થતાં. ગુજરાત રાજ્યના મંત્રી શ્રી રમણલાલ વોરા અને મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વરદહસ્તે રૂ. ૧૧,૫૦૦/-નું રોકડ ઇનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત માધ્યમિક વિભાગમાં રાજ્યકક્ષા સુધી પહોંચી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર કુ. હિરલ ચૌધરીને રૂ. ૧૫૦૦નું પ્રોત્સાહક ઇનામ એનાયત કરવામાં આવ્યું હતું.

## વાર્ષિકોત્સવ

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત, ગાંધીનગરની શ્રી જે. બી. પ્રાથમિક શાળા, શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા અને શ્રીમતી આર. એન. પટેલ (પ્રાથમિક શાળાના) સંયુક્ત ઉપક્રમે પ્રકૃતિ વંદના સહ તેજસ્વી તારલાઓને 'પુરસ્કાર અર્પણ સમારોહ' તા. ૧૯ ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં પૂજ્ય દાસકાકા, પૂજ્ય દિવાળીબા સ્મૃતિ પારિતોષિક તથા પૂજ્ય માણેકલાલ એમ. પટેલ સાહેબ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણેય પ્રાથમિક શાળાઓના ૧૦૪ તેજસ્વી વિદ્યાર્થીઓને ૧ લાખ રૂપિયાની સ્કૉલરશિપ આપવામાં આવી હતી. સાથે સાથે રાષ્ટ્રકક્ષાની અને રાજ્ય કક્ષાની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પણ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા. પ્રકૃતિ વંદના કાર્યક્રમ અંતર્ગત ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા માનવજાતે પ્રકૃતિનાં જીવન જરૂરી તત્ત્વો જેવાં કે જમીન, પાણી, હવા, વૃક્ષો વગેરેનો મનફાવે તેમ ઉપયોગ કરી માનવસર્જિત મહાપ્રલયની સ્થિતિનું નિર્માણ કર્યું છે તેની સામે જીવન ટકાવવા પર્યાવરણ અને પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોને સમજી તેની જાળવણી કરવાનો શુભ સંદેશ આપતો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ, પ્રમુખ શ્રી ડૉ. કનુભાઈ પટેલ, શિક્ષણ નિરીક્ષક અને ગાંધીનગરનાં શાસનાધિકારીનો ચાર્જ સંભાળનાર ડૉ. નીપાબહેન પટેલ, સંસ્થાના દાતાશ્રીઓ શ્રી જયંતીભાઈ પટેલ (જોસેફ) તથા શ્રી બળદેવભાઈ પટેલ (કુમાર), સંસ્થાના હોદ્દેદારો, વાલીઓ વગેરેએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વાદ સહ અભિનંદન પાઠવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલે સૌનું સ્વાગત કરી પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

● મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર તથા આઈ. એન. પટેલ શિશુ વિદ્યાવિહાર, ભાઉપુરા અને મંગળાબહેન આઈ. પટેલ ટોય હાઉસના સંયુક્ત ઉપક્રમે વાર્ષિકોત્સવનું તા. ૧૬-૩-૧૬ના રોજ કડીના એસ. વી. કૅમ્પસના ઇન્ડોર સ્પોર્ટ્સ અને મલ્ટીપરપઝ હૉલમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ મુખ્ય મહેમાનશ્રી જશુભાઈ બી. પટેલ (ડિરેક્ટર, શ્રી કડી નાગરિક બૅંક) અને શ્રી સુરેશભાઈ જી. પટેલ (પ્રો. ડિરેક્ટર, શ્રી કડી નાગરિક બૅંક અને મંત્રીશ્રી કડવા પાટીદાર ૪૨ સમાજ) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભમાં પ્રાર્થના બાદ મહેમાનશ્રીઓનો પરિચય અને સ્વાગત પ્રિ. ડૉ. બાબુલાલ આર. પટેલે કરાવ્યો હતો. આ પ્રસંગે દિવાળીબા એમ. પટેલ મેમોરિઅલ ટ્રસ્ટ દ્વારા કે. જી.-૧ અને કે. જી.-૨માં પ્રથમ આવનાર ગત વર્ષનાં બાળપુષ્પોને ઇનામ, શિલ્ડ આપી નવાજવામાં આવ્યાં હતાં. બાળકોએ વિવિધતા ધરાવતી કુલ ૧૩ કૃતિઓ જેમ કે પ્રાર્થના, બાળવંદના, ડાન્સ, ગરબો, ગણિત ગીત, પર્યાવરણ ગીત, રાજસ્થાની નૃત્ય, બાળમસ્તી, કૃષ્ણલીલા, ફૅશન-શો, યોગ, દાદીમાનાં મનામણાં, ફ્યુઝન ડાન્સ વગેરે થીમ આધારિત પોશાક ધારણ કરી રજૂ કર્યાં હતાં. આ કાર્યક્રમમાં વાલીઓ, સંસ્થાના આચાર્યશ્રીઓ, શિક્ષકો વગેરેએ ઉપસ્થિત રહી બાળપુષ્પોને પ્રોત્સાહિત કર્યાં હતાં. આભારવિધિ આચાર્યશ્રી શૈલેશભાઈ પટેલે કરી હતી.

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત ૧. શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ૨ શ્રીમતી આર. જી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ અને ૩. શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના સંયુક્ત ઉપક્રમે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલના મુખ્ય મહેમાનપદે તથા ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવશ્રી આર. આઈ. પટેલ, સંસ્થાના દાતાશ્રીઓ

સર્વશ્રી ભરતભાઈ પટેલ અને શ્રીમતી પ્રભાબહેન ભરતભાઈ પટેલના અતિથિવિશેષ પદે તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ યોજવામાં આવ્યો હતો. આ વાર્ષિકોત્સવમાં પૂજ્ય છગનભા મેડલ, પૂજ્ય દાસકાકા, પૂજ્ય દિવાળીબા રોકડ પુરસ્કાર તેમ જ પૂજ્ય માણેકલાલ એમ. પટેલસાહેબ મેરિટ સ્કૉલરશિપ તથા સ્કૉલરશિપનું વિતરણ કરવામાં આવ્યું હતું. શેઠ સી. એમ. હાઈસ્કૂલમાં તમામ વર્ગોમાં પ્રથમ આવનાર ૫ વિદ્યાર્થીઓને મેરિટ સ્કૉલરશિપ અને ૧૬ વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ પેટે રૂ. ૧૮,૧૯૨, શ્રીમતી આર. જી. પટેલ શાળાના તમામ વર્ગોમાં પ્રથમ આવનાર ૮ વિદ્યાર્થિનીઓને મેરિટ સ્કૉલરશિપ અને ૧૦ વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ પેટે રૂ. ૨૧,૬૮૬/- તથા શ્રીમતી આર. સી. પટેલ શાળાના ૪ વિદ્યાર્થીઓને મેરિટ સ્કૉલરશિપ અને ૨૦ વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ પેટે રૂ. ૨૦,૭૪૬/- વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત આ પ્રસંગે કાન્તિભાઈ ના. પટેલ કૃત 'હડસનને આરે ચંબલની પાળે' પુસ્તકનું વિમોચન મહેમાનશ્રીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં વાર્ષિકોત્સવની યજમાન શાળા શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકેન્ડરીના આચાર્ય શ્રી બી. કે. પટેલે મહેમાનશ્રીઓને આવકારીને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. મહેમાનશ્રીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ બોર્ડની ગતિવિધિઓથી પરિચય રહી ટેન્શન મુક્ત પરીક્ષા આપી આગળ વધવાની શીખ આપી હતી. સમારંભના અધ્યક્ષ ડૉ. કનુભાઈ પટેલે દાતાશ્રીઓના યોગદાન વિશે વાત કરી મેરિટ સ્કૉલરશિપ અને સ્કૉલરશિપ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ભગીની સંસ્થાઓના આચાર્યશ્રી ચીનુભાઈ પટેલ તથા શ્રીમતી સુધાબહેન પટેલ અને સમગ્ર સંસ્થા પરિવારનો હાર્દિક સહયોગ સોંપડ્યો હતો.

● એસ. જી. અંગ્રેજી પ્રાથમિક શાળા અને એમ. બી. ઇંગ્લિશ માધ્યમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળા, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬-૨-૧૬ના રોજ વાર્ષિકોત્સવ ઊજવાઈ ગયો. આ કાર્યક્રમમાં ધોરણ ૧થી ૮ના ૪૩ તેજસ્વી તારલાઓને રૂ. ૪૦,૧૩૪ની સ્કૉલરશિપ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. એસ. જી. અંગ્રેજી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ પંચ મહાભૂત તત્ત્વો તેમ જ પ્રકૃતિ પ્રેમને રજૂ કરતી અભિનય નૃત્ય નાટિકા રજૂ કરી હતી.

● શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડીના બાલમંદિરથી ધોરણ-૨ સુધીના વર્ગોના વાર્ષિકોત્સવનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલની ઉપસ્થિતિમાં તા. ૧-૩-૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી બબલુભાઈ ખમાર, ડૉ. જયંતીભાઈ પટેલ અને શ્રી વિષ્ણુભાઈ પટેલ અતિથિશ્રીઓ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. જયંતીભાઈ તથા શ્રી બબલુભાઈ ખમારે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું, જ્યારે આચાર્યશ્રી રાજકુમાર વર્માએ શાળાનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યા હતો. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી શાળામાં પ્રથમ આવેલા ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થીઓને સ્કૉલરશિપના ચેક મહેમાનશ્રીઓના હસ્તે અપાયા હતા. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ ડાન્સ, નાટક તથા વિવિધ ગીતો પર નૃત્યની પ્રસ્તુતિ કરી હતી. આ ઉપરાંત તા. ૨-૩-૧૬ના રોજ ધોરણ ૩થી ૧૨ના વર્ગોના વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેમાનશ્રીઓમાં શ્રી નલિનભાઈ શાહ, નગરપાલિકાના પ્રમુખ શ્રી કનુભાઈ પટેલ તથા શ્રી વિષ્ણુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધોરણ ૧૦ તથા ૧૨માં પ્રથમ નંબરે આવેલા વિદ્યાર્થીઓને મેડલ તથા સર્ટિફિકેટ ધોરણ ૯થી ૧૨માં પ્રથમ નંબરે આવેલા વિદ્યાર્થીઓને સ્કૉલરશિપના ચેક મહેમાનશ્રીઓના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. આચાર્યશ્રીએ મહેમાનોને આવકારી શાળામાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. ત્યાર બાદ વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ, નાટક, માઈમ રજૂ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે સંસ્થાના ચૅરમૅનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, મંડળના મંત્રીશ્રી મહેશભાઈ પટેલ તથા ભગિની સંસ્થાઓના આચાર્યશ્રીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા આયોજિત ઇનામ વિતરણ સમારોહમાં શાળા દ્વારા વર્ષ દરમિયાન આયોજિત સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી કે વક્તૃત્વ, નિબંધલેખન, વિજ્ઞાન પ્રદર્શન, શિક્ષક દિન, કાવ્યગાન, વાર્તાકથક, રમતોત્સવ, બાલ મહોત્સવ, બર્થ ડે કાર્ડ મેકિંગ, વાર્ષિક મહોત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે પ્રવૃત્તિઓમાં સફળતા પ્રાપ્ત કરનાર આશરે ૪૫૫ જેટલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ આપી નવાજવામાં આવ્યા હતા.

## શુભેચ્છા મુલાકાત

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા તા. ૮-૩-૨૦૧૬થી શરૂ થતાં પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવવા માટે ગુજરાત રાજ્યના સામાજિકતા અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મંડળના ચૅરમૅનશ્રી વલ્લભભાઈ પટેલ, કૅમ્પસ ડાયરેક્ટરશ્રી સોમભાઈ પટેલ તથા ગાંધીનગર ડી. ઈ.ઓ. શ્રી એસ. એમ. બારડ, આચાર્યશ્રી બચુભાઈ પટેલ તથા શાળા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## સાધના-૨૦૧૬

આર. એન. લલિતકલા એકૅડેમીના વાર્ષિકોત્સવ 'સાધના-૨૦૧૬'નું આયોજન શેઠશ્રી ખીમજી વિશ્રામ ઍન્ડ સંન્સ સંસ્કાર ભવન ખાતે તા. ૨૮-૨-૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ પ્રો. ડૉ. શ્રીમતી વીણાબહેન પટેલ, આચાર્યા શ્રીમતી નિવાબહેન બી. પટેલ, આચાર્યા શ્રીમતી નીરૂબહેન જે. પટેલ, પ્રિ. અર્પિતભાઈ ક્રિશ્ચયન અને આચાર્યા શ્રીમતી દીપાલીબહેન જોષીની રહી હતી. મહેમાનોના વરદહસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો તથા મેડલ્સ એનાયત કરવામાં આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે એકૅડેમીનાં સંચાલિકા દિનાબહેન ડોડિયા તથા વિવિધ કલાના શિક્ષકો સર્વશ્રી ૧. ભરતનાટ્યમ : શ્રી શંકુતલા ઝા – શ્રી દિવ્યા પંડ્યા ૨. શાસ્ત્રીય ગાયન : શ્રી સૌરભભાઈ બી. પટેલ, શ્રી જિગ્નેશ શુક્લ અને શ્રી લોપામુદ્રાબહેન ૩. કથક : શ્રી હાર્દિકા શુક્લા ૪. કરાટે : શ્રી સેનસાઈ સેલ્વાકુમાર, શ્રી ગોકુલ અને શ્રી બાબુ ઠાકોર ૫. બ્યુટીપાર્લર : શ્રી સોનિયાબહેન વ્યાસ ૬. સ્કેટિંગ : શ્રી વસીમ મનસુરી અને શ્રી વિનય બોડાત ૭. વેસ્ટર્ન ડાન્સ : શ્રી જયદિપ ઉપલા અને શ્રી ડાયના ગજ્જરે તાલીમાર્થીઓને તાલીમ આપી હતી. આ તાલિમાર્થીઓમાં કે. જી.થી કૉલેજ સુધીના બાલ તથા યુવા કલાકારો દ્વારા પ્રાર્થના, ગણેશ વંદના ભરતનાટ્યમ, કથક, વેસ્ટર્ન ડાન્સ, ફૅશન શો, ફ્યુઝન, શાસ્ત્રીય ગાયન – વાદન, કરાટે સહિત ૧૫ જેટલી કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત આ એકૅડેમીમાં તાલીમ મેળવી રહેલા એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા 'સાધના-૨૦૧૬' તા. ૫-૩-૨૦૧૬ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલીમાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતો. આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ ડૉ. સોમભાઈ પટેલ (કૅમ્પસ ડાયરેક્ટર) તથા પ્રિન્સિપાલ શ્રીમતી મીલી સિંગની રહી હતી. મહેમાનોના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો તથા મેડલ્સ અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે એકૅડેમીનાં સંચાલિકા દીનાબહેન ડોડિયા અને વિવિધ કલાઓના પ્રશિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૬, અંક : ૨, માર્ચ-એપ્રિલ, ૨૦૧૬, સળંગ અંક : ૩૨**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત 'સર્વ નેતૃત્વ'
(લીડરશિપ ટ્રેઈનિંગ પ્રોગ્રામ)નું એક દ્રશ્ય



કન્યા છાત્રાલય દ્વારા આયોજિત રસોઈવર્ગનું એક દ્રશ્ય









મેઘના નિરંજન શિશુ વિદ્યાલય, આઈ. એન. પટેલ શિશુ વિદ્યાભવન અને
મંગળાબહેન આઈ. પટેલ ટોય હાઉસના સંયુક્ત ઉપક્રમે આયોજિત વાર્ષિકોત્સવનાં દ્રશ્યો.

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 6, Issue No. 2 March-April 2016
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓને ગુજરાત વિધાનસભાની
મુલાકાત સમયે ઉદ્‌બોધન કરતાં માનનીયા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ.

